અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

11 APRIL-2026 SATURDAY | Vol. : 17 | Issue : 278 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886



3  એપ્સ્ટીન મામલે મેલાનિયા ટ્રમ્પનો બાટલો ફાટ્યોઃ કહ્યું- મને દોષિત જાતીય અપરાધી સાથે જોડતા જૂઠાણાંથી દૂર રાખો

4  ઈરાન યુદ્ધની ભારતીયોને અસર : ગેસની અછતથી વતન વાપસી સુધી

6  પરિવારની પરિસ્થિતિના કારણે મારા પિતા..., IPLમાં રાતોરાત સ્ટાર બન્યા બાદ મુકુલ ચૌધરી થયો ભાવુક!

7  ચાંદી 4855 વધીને ₹2.41 લાખ પર પહોંચી: સોનું ₹368 મોંઘું થઈને 1.50 લાખને પાર થયું, આ વર્ષે ₹17 હજાર ભાવ વધ્યા


# મમતા ભત્રીજાને સીએમ બનાવવા માગે છેઃ અમિત શાહ

## લોકોની પરેશાનીની પરવાહ નથી, મમતાએ કહ્યું- સાપ પર ભરોસો કરજો, ભાજપ પર નહીં

**કોલકાતા, તા.10**

ગૃહમંત્રી અમિત શાહે શુક્રવારે પશ્ચિમ બંગાળના ડેબ્રામાં એક જાહેર સભાને સંબોધતા કહ્યું કે મમતા બેનર્જીને બંગાળના લોકોની પરવા નથી. તેમને ફક્ત તેમના ભત્રીજા અભિષેક બેનર્જીને આગામી મુખ્યમંત્રી બનાવવામાં રસ છે.

આ દરમિયાન, બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ઉત્તર 24 પરગણાના તેંતુલિયામાં એક ચૂંટણી રેલી યોજી હતી. તેમણે કહ્યું, ‘સાપ પર વિશ્વાસ કરી શકાય છે, પરંતુ ભાજપ પર નહીં.‘

શુક્રવારે, ભારતીય જનતા પાર્ટીએ પશ્ચિમ બંગાળ માટે પોતાનો મેનિફેસ્ટો એટલે ‘વિશ્વાસ પત્ર‘ બહાર પાડ્યો. તેણે મહિલાઓ માટે દર મહિને 3,000, યુવાન બેરોજગારો માટે દર મહિને 3,000, પહેલા છ મહિનામાં UCC લાગુ કરવાની અને 45 દિવસમાં સરકારી કર્મચારીઓ માટે સાતમો પગાર ધોરણ જાહેર કરવાની જાહેરાત કરી.

ટીએમસીના મહાસચિવ અભિષેક બેનર્જીએ કહ્યું, ‘જ્યારે બાંગ્લાદેશમાં હિન્દુઓ પર અત્યાચાર થઈ રહ્યો હતો અને જ્યારે ચિન્મય પ્રભુને કથિત રીતે નિશાન બનાવવામાં આવ્યા હતા, ત્યારે અમિત શાહ કે નરેન્દ્ર મોદીએ કંઈ કહ્યું નહીં. ભાજપ છેલ્લા 10 વર્ષથી આસામમાં સત્તામાં છે. માત્ર 15 દિવસ પહેલા અમિત શાહે મીડિયાને કહ્યું હતું કે, ’અમને તક આપો અને પક્ષીઓ પણ સરહદ પાર કરી શકશે નહીં.’ મારો પ્રશ્ન એ છે કે, જો ઘુસણખોરોના પ્રવેશને રોકવાનો હેતુ હોય, તો કાશ્મીરના પહેલગામમાં બનેલી ઘટનાની જવાબદારી કેમ લેવામાં ન આવી?‘

ડેબ્રામાં એક રેલીને સંબોધતા અમિત શાહે કહ્યું, ‘છેલ્લા 15 વર્ષથી મમતા બેનર્જી ’મા, માટી, માનુષ’ ના નારા સાથે આવી રહ્યા છે, પરંતુ બંગાળના યુવાનોએ બેરોજગારીનો સામનો કરવો પડ્યો છે અને લોકો મુશ્કેલીમાં મુકાયા છે. ખેડૂતો પણ મુશ્કેલીમાં મુકાયા છે. ભારતીય જનતા પાર્ટી બંગાળને ઘૂસણખોરોથી મુક્ત કરાવવા માંગે છે, જ્યારે મમતા બેનર્જી તેમનું રક્ષણ કરવા માંગે છે. મમતા દીદી, તમે જે ઈચ્છો તે કરી શકો છો, પરંતુ અમે દરેક ઘૂસણખોરને ઓળખી કાઢીશું અને તેમને બંગાળમાંથી બહાર કાઢીશું.‘ મોદી સરકાર પ્રયાસો કરી રહી છે, પરંતુ બંગાળ



સરકાર વાડ માટે જમીન આપી રહી નથી. અમે નદીઓ અને નાળાઓમાં પેટ્રોલિંગ માટે વૈજ્ઞાનિક વ્યવસ્થા કરીશું. અમે તમામ સરકારી હોદ્દાઓ કાયમી બનાવવા માટે કામ કરીશું. અમે ખાતરી કરીશું કે ભૂતકાળમાં થયેલા કરોડો રૂપિયાના કૌભાંડો ન થાય. અમે એક યોજના વિકસાવીશું જેથી યુવાનોને પારદર્શિતા સાથે નોકરી મળે. તેમણે કહ્યું કે તેઓ ભારત સરકારની યોજનાઓને પુનર્જીવિત કરવા માટે કામ કરશે જેને મમતા બેનર્જીએ બરબાદ કરી દીધી હતી. તેઓ કોલકાતાના વિકાસ માટે યોજનાઓ રજૂ કરશે જેથી તે દેશની સાંસ્કૃતિક અને ઔદ્યોગિક રાજધાની બની શકે.

અમે પોલીસ દળ સહિત તમામ રાજ્ય નોકરીઓમાં મહિલાઓ માટે 33 ટકા અનામત આપીશું. 75 લાખ કરોડપતિ દીદીઓ બનાવવાનું લક્ષ્ય છે. દરેક વિભાગમાં મહિલા પોલીસ સ્ટેશન અને મહિલા ડેસ્ક બનાવવામાં આવશે. અમે એક એવું બંગાળ બનાવીશું જ્યાં કોઈ મુખ્યમંત્રીએ એવું નિવેદન ન આપવું પડે કે મહિલાને આટલી મોડી રાત્રે બહાર જવાની શું જરૂર હતી. સગર્ભા મહિલાઓને 21,000 રૂપિયા અને 6 પોષણ કીટ મળશે. ભાજપ રાજ્ય સંચાલિત બસોમાં બધી મહિલાઓ માટે મફત મુસાફરી સુનિશ્ચિત કરશે. કોલકાતા મેટ્રોનું 100% વિદ્યુતીકરણ કરવામાં આવશે. એક જ વર્ષમાં 61 રેલવે પ્રોજેક્ટ્સ માટે જમીન ફાળવીને, અમે ખાતરી કરીશું કે આ પ્રોજેક્ટ્સ વિકાસના મુખ્ય કેન્દ્ર બનશે.

સરકારી જમીન પરના કબજાને 200 દિવસમાં દૂર કરવામાં આવશે. ઘુસણખોરોને હટાવવામાં આવશે. સિન્ડિકેટ દૂર કરીને ઉદ્યોગ શરુ કરનારને પ્રથમ 100 દિવસમાં સહાય પૂરી પાડવામાં આવશે. રાજ્યમાં ચાર નવા ઈન્ડસ્ટ્રિયલ ટાઉનશીપ સ્થાપિત કરવામાં આવશે. હલ્દિયા બંદરનો વિકાસ કરવામાં આવશે. બંગાળ સરકાર MSME માટે એક કોર્પોરેશન બનાવીને સહાય પૂરી પાડશે.

કેન્સર સ્ક્રીનીંગ અને પ્રસૂતિ સમયે દરેક ગર્ભવતી મહિલાને હોસ્પિટલ સુવિધાઓ પૂરી પાડવામાં આવશે. અમે પહેલા 6 મહિનામાં કોમન સિવિલ કોડ (UCC) લાગુ કરીશું. અમે ખાતરી કરીશું કે બધા નાગરિકો માટે એક જ કાયદો હોય. બંગાળની સરહદો ગૌ-તસ્કરીનોમાર્ગ બની ગઈ છે. અમે ઘૂસણખોરી બંધ કરીશું અને ગૌ-તસ્કરીનો અંત લાવીશું. ટીએમસીના ભ્રષ્ટાચાર પર એક શ્વેતપત્ર બહાર પાડવામાં આવશે. જેમણે સરકારનો એક-એક પૈસો ઉચાપત કર્યો છે તેમને જેલના સળિયા પાછળ મોકલવામાં આવશે. કાયદો અને વ્યવસ્થા પરના શ્વેતપત્રમાં બે ભાગ હશે. પ્રથમ ભાગમાં કાયદો અને વ્યવસ્થા કેવી રીતે કથળાવી દેવામાં આવી છે તે સમજાવવામાં આવશે.

# અમદાવાદ શહેરના ગોતા પોલીસ સ્ટેશન અને સોલા પોલીસ સ્ટેશનમાં 47 લાખ રૂા.ના ફ્રોડ કરનાર આરોપીઓ સામે પગલા કેમ નથી લેવાતા

## બે અલગ અલગ ફરિયાદ કરતાઓએ લેખિતમાં પોલીસ સ્ટેશનમાં એક જ આરોપી સામે અરજી કર્યા છતાંય કાર્યવાહીના નામે મીંડુ કેમ ?

**અમદાવાદ, તા.10**

અમદાવાદના ગોતા પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદી સુથાર ચિમનલાલ ગિરધારીલાલ રહે, ૩૬૬૫ ગાયત્રીનગર, વસંતનગર, ગોતા-અમદાવાદ ૩૮૨ ૪૮૧ નાઓએ તારીખ ૯-૦૧-૨૦૨૬ના રોજ એક લેખિત ફરિયાદ આપી હતી તેઓએ પોતાની ફરિયાદીમાં પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી ગોતા પોલીસ સ્ટેશનને જણાવ્યું કેવી રીતે તેઓની સાથે રૂા.૩૦ લાખનો ફ્રોડ થયેલ છે, ફરિયાદ કરતાએ લેખિતમાં જણાવ્યું કે, આરોપી “ભુવા જલારામ નારણભાઈ”એ પોતાના સાગરીત (૧) ભવાની બાપુ, (૨) જયદિપ, (૩) હાર્દિક, (૪) વિજય સાથે મળીને ચિમનલાલ જ નહી



તેઓની સાથે બીજા એક ફરિયાદી નામે સોહનલાલ આર. મિસ્ત્રી સાથે લગભગ ૧૭ લાખ રૂપિયાનું ફ્રોડ કરી નાખ્યુ છે, તા. ૦૨-૧૨-૨૦૨૫ના રોજ સોલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદી લેખિતમાં જણાવ્યું કે, આરોપી ‘ભુવા જલારામ નારણભાઈ’ રહે. હે. તલાસણ, તા. દસાડા, જી. સુરેન્દ્રનગર, (૨) ભવાની બાપુ (૩) રોહિતભાઈ, (૪) હિતેશભાઈ” આ ટોળકી સાથે મળીને ખુબ જ વ્યવસ્થિત ઢબે બન્ને ફરિયાદીને કુલ ૪૭ લાખ રૂપિયાનો ચુનો ચોપડી દીધો છે. જ્યારે બન્ને ફરિયાદી પોતાની ફરિયાદો પોલીસ સ્ટેશનને ચોપડે પહોંચાડે છે ત્યારે પોલીસ દ્વારા કોઈ જ કાર્યવાહી હાથ ધરવામાં આવતી નથી પ્રજામાં એવુ પણ ચર્ચાય રહ્યુ છે કે, અંદર સેટીંગ કરી લીધુ હોય તેવુ જાણવા મળે છે. જ્યારે બન્ને બાજુ ફરિયાદીઓનું કહેવુ એવુ છે કે, અમે મદદ માટે આ રૂપિયા બજારમાંથી ઉધારી પેટે લીધા હતા, જો રૂપિયા પરત નહી આવે તો અમારે આત્મદાહનો વારો આવશે.. હવે જોવાનું એ રહ્યું કે, શું ગોતા પોલીસ સ્ટેશનના પીઆઈશ્રી અને સોલા પોલીસ સ્ટેશનના પીઆઈશ્રી દ્વારા કોઈ કડક કાર્યવાહી કરવામાં આવશે કે પછી તપાસના નામે મિંડુ જ રહેશે. અરજ કરતાએ પોતાની અરજીની નકલો તમામ મિડીયા હાઉસ પ્રિન્ટ મિડીયા ઈલેક્ટ્રોનિક મિડીયા અને જે તે તમામ ગૃહ મંત્રાલયમાં પણ મોકલી છે.

# નીતિશ કુમારે રાજ્યસભા સાંસદના શપથ લીધાઃ મોદી-શાહ સાથે મુલાકાત થઈ શકે છે

**પટના, તા.10**

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે આજે શુક્રવારે રાજ્યસભા સાંસદ તરીકે શપથ લીધા. આ દરમિયાન બિહાર NDAના નેતાઓ સાથે કેન્દ્રીય મંત્રી નિર્મલા સીતારમણ, જે.પી. નડ્ડા, અર્જુન રામ મેઘવાલ પણ હાજર રહ્યા.

આ સાથે જ મુખ્યમંત્રીએ ચારેય સદનના સભ્ય બનવાનો રેકોર્ડ બનાવ્યો છે. તેઓ પહેલીવાર રાજ્યસભામાં પહોંચ્યા છે, જ્યારે 6 વાર લોકસભાના સભ્ય તરીકે ચૂંટાયા છે. 4 વાર બિહાર વિધાન પરિષદ અને 2 વાર વિધાનસભાના સભ્ય બન્યા. શપથ ગ્રહણ બાદ નીતિશ કુમારની વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે મુલાકાત નક્કી છે.



આમાં બિહારની નવી રાજકીય રણનીતિ અને NDA સરકારના સ્વરૂપ પર ચર્ચા થવાની સંભાવના છે. સૂત્રો અનુસાર, બેઠક દરમિયાન બિહારના નવા CM અને બનનારી નવી સરકારના મંત્રીમંડળ પર ચર્ચા થઈ શકે છે.

આ પહેલા શુક્રવારે સવારે દિલ્હીમાં તેમને મળવા બિહારના મોટા નેતાઓ પહોંચ્યા. JDUના કાર્યકારી અધ્યક્ષ સંજય ઝા, રાજ્યસભા સાંસદ રામનાથ ઠાકુરે સવારે મુલાકાત કરી. પછી નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી, મંત્રી અશોક ચૌધરી અને મદન સહનીએ મુલાકાત કરી.

જણાવવામાં આવી રહ્યું છે કે નીતિશ કુમાર શુક્રવારે સાંજે જ પટના પરત ફરશે. 13 એપ્રિલે કેબિનેટની અંતિમ બેઠક કરશે. બીજા દિવસે એટલે કે 14 એપ્રિલે સીએમ નીતિશ પોતાના પદ પરથી રાજીનામું આપી શકે છે. આ જ દિવસે NDA ધારાસભ્ય દળની બેઠક પણ થશે, જેમાં નવા સીએમ પર મહોર લાગશે.

ગુરુવારે દિલ્હી પહોંચવા પર સીએમ નીતિશે કહ્યું, ‘હવે અહીં જ રહીશ. ઘણા સમય સુધી અહીં (દિલ્હી) કામ કર્યું છે, હવે ફરીથી અહીં જ કામ કરીશ. 20 વર્ષ સુધી બિહારમાં ઘણું કામ કર્યું છે, આગળ પણ કામ ચાલુ રહેશે.’ આ દરમિયાન તેમણે સ્પષ્ટ સંકેત આપ્યા કે તેઓ દિલ્હીમાં સક્રિય રહેશે, પરંતુ પટના આવવા-જવાનું પણ ચાલુ રહેશે.’

JDU સૂત્રો અનુસાર, NDAના હાલના ફોર્મ્યુલાને આગળ વધારવામાં આવશે. આ હિસાબે JDUને પહેલીવાર ડેપ્યુટી CM પદ મળી શકે છે. પાર્ટીના 2 ડેપ્યુટી CM હોઈ શકે છે. સાથે જ વિધાનસભા સ્પીકર પદ પણ JDUના ફાળે રહેશે. JDU સૂત્રો અનુસાર, પાર્ટીના 2 ડેપ્યુટી CMમાંથી એક નિશાંત કુમાર બનશે તે લગભગ નિશ્ચિત છે. આવા સંજોગોમાં બિહારમાં પાર્ટીનું નેતૃત્વ નિશાંતના હાથમાં રહેશે.

# હરિવંશ રાજ્યસભાના નોમિનેટેડ સાંસદ બન્યા, ઉપસભાપતિ બની શકે છેઃ કાર્યકાળ 2032 સુધી રહેશે, ઉપરાષ્ટ્રપતિ રાધાકૃષ્ણને પદના શપથ લેવડાવ્યા

**નવી દિલ્હી, તા.10**

રાજ્યસભાના પૂર્વ ઉપસભાપતિ હરિવંશ નારાયણ સિંહ મનોનીત સાંસદ બન્યા. ઉપરાષ્ટ્રપતિ સીપી રાધાકૃષ્ણને પોતાના કક્ષમાં શપથ લેવડાવ્યા. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ તેમને રાજ્યસભા માટે નોમિનેટ કર્યા હતા. હરિવંશનો અગાઉનો કાર્યકાળ 9 એપ્રિલે પૂરો થઈ ગયો હતો. તેમની પાર્ટી JDUએ આ વખતે નામ આપ્યું ન હતું. ત્યારબાદ રાષ્ટ્રપતિએ તેમનું મનોનયન કર્યું. પૂર્વ CJI રંજન ગોગોઈના નિવૃત્ત થયા બાદ સીટ ખાલી થઈ હતી. તેને ભરવા માટે JD(U)ના હરિવંશને પસંદ કરવામાં આવ્યા. 69 વર્ષના હરિવંશ 2032 સુધી રાજ્યસભામાં રહેશે. રાજ્યસભામાં કુલ 12 સભ્યો મનોનીત સાંસદ હોય છે, જેમને રાષ્ટ્રપતિ જ નક્કી કરે છે. આ સાંસદોને કલા, સાહિત્ય, વિજ્ઞાન, સમાજ સેવામાં વિશેષ યોગદાનના આધારે પસંદ કરવામાં આવે છે. વાસ્તવમાં, હરિવંશનો અગાઉનો કાર્યકાળ 9 એપ્રિલે પૂરો થઈ ગયો હતો. તેમની પાર્ટી JDUએ આ વખતે રાજ્યસભા સાંસદ માટે તેમનું નામ આપ્યું ન હતું. આના પર રાષ્ટ્રપતિએ પોતે જ તેમનું મનોનયન કર્યું. આ તરફ, બિહારના CM નીતિશ કુમાર આજે બપોરે 12.30 વાગ્યે રાજ્યસભા સાંસદના શપથ લેશે. હરિવંશને નીતિશ કુમારના નજીકના માનવામાં આવતા હતા.

# સ્પાઈસજેટમાં 20% સ્ટાફની છટણી થશેઃ સીનિયર અધિકારીઓને જાન્યુઆરીથી પગાર મળ્યો નથી, કાફલામાં પોતાના 13 વિમાન જ બચ્યા

**નવી દિલ્હી, તા.10**

દેશની પ્રાઈવેટ એરલાઈન સ્પાઈસજેટ ગંભીર સંકટમાંથી પસાર થઈ રહી છે. ઓપરેશનલ ક્ષમતા ઘટવા પર કંપનીએ 20% સ્ટાફ ઓછો કરવાનો નિર્ણય કર્યો છે, જેમાં 500થી વધુ કર્મચારીઓને પગાર વગર રજા પર મોકલી શકાય છે.

એરલાઈન પાસે 6,800 કર્મચારીઓ છે. તેના ફક્ત 13 વિમાન બચ્યા છે, જેમાં 10 બોઈંગ અને 3 Q400 સામેલ છે. આ ઉપરાંત 14 વિમાન વેટ-લીઝ (ક્રૂ સહિત) પર ચાલી રહ્યા છે.

સીનિયર અધિકારીઓને જાન્યુઆરીથી પગાર મળ્યો નથી અને અન્ય કર્મચારીઓની સેલરી 2-3 મહિના મોડી મળી રહી છે. કંપની પર GST, TDS અને PFનું 100 કરોડથી વધુ બાકી છે. TDS એપ્રિલ 2025થી અને GST 5



મહિનાથી જમા થયું નથી.

એરલાઈને રાજીનામું આપી ચૂકેલા ડઝનબંધ એન્જિનિયરોનો ત્રણ મહિનાનો નોટિસ પિરિયડ સમાપ્ત કરી દીધો છે. 31 માર્ચના આદેશ બાદ આ કર્મચારીઓને તાત્કાલિક નોકરી છોડવાનું કહેવામાં આવ્યું છે.

ઘરેલુ બજારમાં સ્પાઈસજેટનો હિસ્સો ઘટીને માત્ર 3.9% રહી ગયો છે. સરખામણીમાં નવી એરલાઈન આકાશાનો 37 વિમાનો અને 5,000 કર્મચારીઓ સાથેનો હિસ્સો 4.9% છે. જૂના કર્મચારીઓ પણ તેમનું ફુલ એન્ડ ફાઈનલ બાકી ન મળવા પર નારાજગી વ્યક્ત કરી રહ્યા છે. પાયલટો માટે નવો નિયમ આવ્યો છે. તેમને 21 દિવસ કામ અને 9 દિવસ રજા લેવી પડશે. આનાથી કેપ્ટનનો 7.5 લાખ રૂપિયાનો માસિક પગાર ઘટીને 6 લાખ રૂપિયા થઈ જશે. લો કોસ્ટ એરલાઈન સ્પાઈસજેટનો જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટર (Q2FY26) માં કોન્સોલિડેટેડ નેટ લોસ વાર્ષિક ધોરણે 35% વધીને 621 કરોડ પહોંચી ગયો હતો. આ ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં 458 કરોડ હતો.




# ઢોસાના ખીરાથી બે બાળકીના મોત કેસમાં પિતાને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ

## વિમલને ચાંદખેડા પોલીસ સ્ટેશન લવાયો, પૂછપરછમાં BP હાઈ થઈ જાય છે

**અમદાવાદ, તા.10**

અમદાવાદના ચાંદખેડાના મારુતિ પ્લાઝામાં ઢોસા ખાધા બાદ બે બાળકી(રાહા અને મિશ્રી)નાં શંકાસ્પદ મોત થવાની ઘટનામાં રોજ નવા નવા ટ્વિસ્ટ આવી રહ્યા છે. હાલ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા બાળકીના પિતા વિમલ પ્રજાપતિ અને માતા ભાવનાના બ્લડ રિપોર્ટમાં એલ્યુમિનિયમ ફોસ્ફેટ નામનું ઝેરી તત્ત્વ મળ્યું હતું.



પોલીસે ભાવનાની ઘરે તપાસ કરતા ત્યાંથી એક ડાયરી મળી છે, જેમાં પુત્ર પ્રાપ્તિ માટે પ્રાર્થના કરી હોવાનો ઉલ્લેખ મળી આવ્યો છે. તેમજ શિવ મંદિરની માનતા રાખી હતી. તેને મિશ્રી નામની એક પુત્રી હતી અને બીજી દીકરીનો પણ જન્મ થયો એ પહેલાની આ ડાયરી છે.આ કેસમાં પારિવારિક ઝગડા,આર્થિક સંકડામણ, પુત્ર પ્રાપ્તિની ઈચ્છા કે અન્ય કોઈ કારણ હોય શકે છે.

બપોર બાદ બાળકીઓના પિતા વિમલ પ્રજાપતિને કે.ડી હોસ્પિટલમાંથી રજા આપતા ચાંદખેડા પોલીસ દ્વારા પૂછપરછ માટે પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યો હતો.

પોલીસ પૂછપરછ દરમિયાન બાળકીઓના પિતાનું બીપી હાઈ થઈ જાય છે. પોલીસને પરિવાર પર જ શંકા હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે. વર્ષ 2024માં બાળકીઓના પિતા મુંબઈ મોડેલિંગ માટે નીકળ્યો હતો.

આ અંગે ચાંદખેડા PI જયેશ મકવાણાએ જણાવ્યું કે, વિસેરાનો રિપોર્ટ આવવાનો બાકી છે. તેમજ કેડી હોસ્પિટલમાંથી માતા-પિતાના બ્લડ સેમ્પલ લઈ NFSUમાં મોકલવામાં આવ્યા હતા. ત્યાર બાદ બ્લડમાં એલ્યુમિનિયમ ફોસ્ફેટ અને ઝીંકની હાજરી મળી હતી. કયા કારણોસર તેની માત્રા વધારે છે તે બાબતે પણ ડોક્ટરનો અભિપ્રાય મેળવી આગળની તપાસ કરાશે.

ઘનશ્યામ ડેરીના કર્મચારીઓ અને માલિકના નિવેદનો પરથી ફલિત થાય છે કે ખીરું ખાવાથી કોઈ આડઅસર થઈ નથી. ખીરાથી અસર થઈ છે અથવા તો ઘરમાં કોઈ સમસ્યાના કારણે આ પગલું ભર્યું છે તે બન્ને એંગલથી તપાસ કરવામાં આવી રહી છે. ઘરના સદસ્યોમાં બાળકીઓના દાદા ગૌરીશંકરજી અને દાદી કુસુમ તેમજ તેના વેવાઈ એમ તમામની પૂછપરછ ચાલુ છે. FSLનો રિપોર્ટ આવ્યા બાદ જ બાળકીના મોત કયા કારણોથી થયું તે સ્પષ્ટ થશે.

વિમલ પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે 27 માર્ચ,2026ના રોજ ઘઉંમાં નાખવા માટે સેલ્ફોસની 10 પડીકી રામનગરથી લઈને આવ્યો હતો. જેનો ઘરના ઘઉંમાં ઉપયોગ કર્યો હતો. તેણે 8 પડીકીનો ઉપયોગ કર્યો હતો અને બે પડીકી વધારાની પડી રહી હતી. દવાની અસરો અલગ-અલગ હોય છે, એમાં ઊંઘ આવવી એક પ્રકારની અસર છે.

ગત 7 એપ્રિલના રોજ FSLની હાજરીમાં ત્રણ માસની બાળકી રાહાનો ચાર દિવસે મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો હતો. પરિવારે 4 એપ્રિલે બાળકીના મોત બાદ મૃતદેહની અંતિમવિધિ કરી હતી.

ત્યાર બાદ મૃતક બાળકીઓના ઘરમાં પણ FSLની ટીમે ઝીણવટભરી તપાસ કરી હતી. આ દરમિયાન ચાદર, કપડા, ખીરું ભરવામાં આવ્યું તે વાસણ, બાળકોની દવા સહિતની ચીજવસ્તુઓ કબજે કરી હતી.

વિમલ પ્રજાપતિ જે સમયે દુકાનમાંથી ઢોંસાનુ ખીરૂ લીધુ ત્યારે લઈને તે કેટલા વાગે ઘરે પહોંચે છે. તેના માટે પોલીસે CCTV ફૂટેજ તપાસવાના શરૂ કર્યા છે. પોલીસ મિનિટ ટુ મિનિટનું મોનીટરીંગ કરશે. ઢોંસાનું ખીરૂ લઈને વિમલ સીધો ઘરે જ ગયો હતો કે પછી ક્યાંય રોકાયો હતો, તેની ઉંડાણ પુર્વક તપાસ થશે. આ સિવાય ડેરીથી લઈને વિમલના ઘર સુધી જેટલા પણ CCTV કેમેરા છે, તેના તમામ ફુટેજ ચેક કરાશે. પોલીસનું માનવુ છે કે જો ડેરીના ખીરામાં પ્રોબ્લેમ હોય તો અન્ય ગ્રાહકોને પણ ફૂડ પોઈઝનિંગની અસર થવી જોઈએ, પરંતુ તેવું નહી થતા અંતે કંઈક અજુગતુ બન્યુ હોય તેવી પોલીસને શંકા છે.

ચાંદખેડામાં મારુતિ પ્લાઝા સોસાયટીમાં રહેતા વિમલ પ્રજાપતિ ઘનશ્યામ ડેરીમાંથી ખીરું લાવ્યા હતા. તેમાંથી ઢોસા બનાવી ખાધા બાદ પરિવારની તબિયત લથડી હતી. જેમાં 3 મહિનાની રાહા અને 4 વર્ષની મીશ્રી નામની બાળકીના મોત નિપજ્યાં હતા. ઘટના બાદ ચાંદખેડા પોલીસે અકસ્માતે મોતનો ગુના દાખલ કરીને તપાસ શરૂ કરી છે અને ખીરાની ક્વોલિટી જાણવા ઘનશ્યામ ડેરી પર FSLની ટીમે સેમ્પલ લીધા હતા.

## ગુજસીટોકના આરોપીની ગુજરાત હાઈકોર્ટમાં અરજી:

# જામનગર મનપાની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવવા છોડો

## હાઈકોર્ટે કહ્યું- સંલગ્ન કોર્ટ 10 એપ્રિલ સુધીમાં નિર્ણય લે

**અમદાવાદ, તા.10**

ગુજસીટોકના એક આરોપીએ ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરી હતી. જેમાં તેણે જામનગર મહાનગરપાલિકા-JMCની ચૂંટણી માટે ઉમેદવારી પત્ર ભરવા દેવા માટે રાજ્ય સરકારને નિર્દેશ આપવાની માંગ કરી હતી.



અરજદાર અલ્તાફ ખફી વતી રજૂઆત કરાઈ હતી કે, તેને પોલીસ જાપ્તા હેઠળ ઉમેદવારી પત્ર ભરવાની મંજૂરી આપવામાં આવે. અરજદાર હાલ પોલીસ રિમાન્ડ હેઠળ છે અને તે ન્યાયિક કસ્ટડીમાં ન હોવાથી તે જામીન માંગી શકે તેમ નથી.

વધુમાં એવી દલીલ કરવામાં આવી હતી કે, અરજદાર વિરુદ્ધ તાજેતરમાં ત્રણ અલગ-અલગ કેસ નોંધવામાં આવ્યા છે. પ્રથમ FIRમાં તેની ધરપકડ 2 ફેબ્રુઆરીએ થઈ હતી, જેમાં તેને જામીન પર મુક્ત કરવામાં આવ્યો હતો. જોકે, ગુરુવારે બીજી FIRમાં તેની ધરપકડ કરવામાં આવી હતી અને તે કસ્ટોડિયલ ઈન્ટેરોગેશન હેઠળ છે. જો તેને જામીન મળે તો પણ 5 એપ્રિલના રોજ તેની સામે નોંધાયેલી ત્રીજી FIRમાં તેની ધરપકડ થઈ શકે છે.

તેના વકીલે વધુમાં રજૂઆત કરી હતી કે, આ પ્રક્રિયામાં ઘણો સમય લાગી શકે છે અને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે ઉમેદવારી પત્ર ભરવાની અંતિમ તારીખ નજીક આવી રહી છે. વકીલે સુપ્રીમ કોર્ટના ચુકાદાઓનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, આરોપીને ચૂંટણી માટે ઉમેદવારી પત્ર ભરવા માટે મુક્ત કરી શકાય છે.

સુનાવણી બાદ ગુજરાત હાઈકોર્ટે યોગ્ય ઉપાય માટે સંબંધિત કોર્ટનો સંપર્ક કરવા જણાવ્યું હતું. અરજદારે નીચલી અદાલતમાંથી રાહત મેળવવા માટે તેની અરજી પાછી ખેંચી લીધી હતી અને હાઈકોર્ટે નીચલી અદાલતને શુક્રવારે અરજદારની અરજી ઉપર નિર્ણય લેવાનો નિર્દેશ આપ્યો હતો.

કોર્ટના આદેશમાં જણાવવામાં આવ્યું છે ,કે એ સ્પષ્ટ કરવામાં આવે છે કે જો અરજદાર સંબંધિત ફોરમમાં અરજી સાથે સંપર્ક કરે છે, તો સંબંધિત ફોરમ દ્વારા શક્ય તેટલી વહેલી તકે પ્રાધાન્યપણે 10 એપ્રિલ, 2026 સુધીમાં તેના પર વિચાર કરશે.

ઉલ્લેખનીય છે કે, આ દરમિયાન અન્ય એક ગુજસીટોક આરોપી અસલમ ખિલજીને પોલીસ જાપ્તા હેઠળ રિટર્નિંગ ઓફિસર પાસે લઈ જવામાં આવ્યા બાદ તેણે JMC ચૂંટણી માટે ઉમેદવારી પત્ર ભર્યું હતું.

# ઓડ નર્સિંગ કોલેજમાં મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો: આણંદ કલેક્ટરે યુવાનોને મતદાન માટે પ્રોત્સાહિત કર્યા

**આણંદ, તા.10**

આણંદ જિલ્લાના ઓડ ખાતે આવેલી સ્વ. રતિભાઈ પરભુદાસ પટેલ નર્સિંગ કોલેજ અને પ્રમુખ સ્વામી સ્કૂલ ઑફ નર્સિંગમાં આજરોજ મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ યુવાનોમાં મતદાનના મહત્વ અને લોકશાહીને મજબૂત બનાવવામાં તેમની જવાબદારી અંગે જાગૃતિ લાવવાનો હતો.



આ પ્રસંગે આણંદ જિલ્લાના કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારી પ્રવીણ ચૌધરી મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને મતદાન અંગે મહત્વપૂર્ણ માહિતી આપી હતી અને પ્રથમ વખત મતદાન કરનાર યુવાનોને ચૂંટણી પ્રક્રિયામાં સક્રિયપણે ભાગ લેવા પ્રોત્સાહિત કર્યા હતા.

કાર્યક્રમ દરમિયાન 'દરેક મત મહત્વનો - મારો મત, મારી જવાબદારી' વિષય પર યુવા જાગૃતિ અભિયાનનું આયોજન કરાયું હતું. આ ઉપરાંત, મતદાન જાગૃતિ અંગે માહિતી સત્ર યોજાયું, મતદાર જાગૃતિ પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી, અને પ્રથમ વખત મતદાન કરનાર વિદ્યાર્થીઓ માટે હસ્તાક્ષર અભિયાન પણ યોજાયું હતું.

આ અવસરે કલેક્ટર પ્રવીણ ચૌધરી ઉપરાંત ઉમરેઠ પેટા ચૂંટણી અધિકારી જીજ્ઞાબેન પટેલ, DEO અને SVEEP નોડલ અધિકારી કામિની મેમ, કેમ્પસ ડિરેક્ટર ડૉ. જયેશ સાનિયા, પ્રિન્સિપાલ નિક્સન દાસ તેમજ ફેકલ્ટી સભ્યો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા, જેમણે કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## ઈફ્કો દ્વારા દેશવ્યાપી નેનો ખાતર જાગૃતિ મહા અભિયાનની શરૂઆત ઈફ્કોના અધ્યક્ષ દિલીપ સંઘાણીએ કરી

# ઈફ્કોના અધ્યક્ષ દિલીપ સંઘાણીએ દિલ્લી થી 5 નેનો પ્રચાર વેનને લીલી ઝંડી બતાવીને ઐતિહાસિક અભિયાનનો શુભારંભ કરાવ્યો

**અમદાવાદ, તા.10**

ઈફ્કો ભારતની સૌથી મોટી ખાતર સહકારી સંસ્થા, એ આજે સત્તાવાર રીતે ઈફ્કો નેનો ખાતર જાગૃતિ મહા અભિયાનનો શુભારંભ કર્યો। આ દરમિયાન ઈફ્કોના અધ્યક્ષ શ્રી દિલીપ સંઘાણીએ પ્રેસ વાર્તાને સંબોધિત કરતાં જણાવ્યું કે આ એક વ્યાપક અને એકીકૃત રાષ્ટ્રીય જાગૃતિ અભિયાન છે, જેનો હેતુ ભારતીય ખેડૂતોમાં નેનો ખાતરોના ઉપયોગને પ્રોત્સાહિત કરવાનો છે। માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજી અને માનનીય કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહજીની પ્રેરણાથી શરૂ કરવામાં આવ્યું છે અને 'આત્મનિર્ભર ભારત' અને 'સહકારથી સમૃદ્ધિ' જેવા રાષ્ટ્રીય મિશન સાથે સુસંગત છે. ભારતના રાજપત્રના ખાતર નિયંત્રણ આદેશ (FCO) માં નેનો NPK લિક્વિડ (8-8-10) અને નેનો NPK ગ્રેન્યુલર (20-10-10) ની ઐતિહાસિક સૂચનાને ભારતની કૃષિ નવીનતા યાત્રામાં એક મહત્વપૂર્ણ મીલનો પથ્થર ગણાવવામાં આવ્યો, જે ભારતીય સહકારિતા માટે ગૌરવની ક્ષણ છે. તેમણે આગળ જણાવ્યું કે કોયમ્બતૂર સ્થિત ઈફ્કો-નાનોવેન્શન્સમાં ઈફ્કોનું ઈનોવેશન હબ અને બ્રાઝીલમાં આવનાર નેનો ખાતર ઉત્પાદન પ્લાન્ટ – જે જૂન 2026 સુધી શરૂ થવાનો છે – કૃષિ માટે નેનો ટેક્નોલોજીમાં ભારતની વધતી વૈશ્વિક ક્ષમતાનું પ્રતીક છે.



વધુમાં ઈફ્કોના અધ્યક્ષ શ્રી દિલીપ સંઘાણીએ જણાવ્યું કે ભારત આજે એવા ઐતિહાસિક મુકામ પર છે જ્યાં પરંપરા અને ટેક્નોલોજી એકબીજા સાથે મળે છે, અને આ જ સંયોજન ભારતીય કૃષિને નવી દિશા આપી રહ્યું છે। પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીજી ના નેતૃત્વમાં રચાયેલ નવા સહકાર મંત્રાલય નું સુકાન સફળ અને સબળ દેશના પ્રથમ સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ સાંભળી રહ્યા છે. નવા મંત્રાલય ની રચના બાદ 'સહકારથી સમૃદ્ધિ'નો મંત્ર – જેના અંતર્ગત સહકારી સંસ્થાઓ ખેડૂતો સુધી નવી ટેક્નોલોજી અને સંસાધનો પહોંચાડે છે – આ અભિયાનની ભાવનાને સંપૂર્ણ રીતે પ્રતિબિંબિત કરે છે અને સાચા અર્થમાં 'આત્મનિર્ભર ભારત, આત્મનિર્ભર કૃષિ'ના મંત્રને સાકાર કરે છે. શ્રી સંઘાણીએ નેનો ખાતર ક્રાંતિને ભારતીય કૃષિ માટે પરિવર્તનકારી ક્ષણ ગણાવી.

નેનો મહા અભિયાનને રાષ્ટ્રીય સ્તરે જાગૃતિ અને પરિવર્તન અભિયાન તરીકે ડિઝાઈન કરવામાં આવ્યું છે, જેના ચાર મુખ્ય હેતુઓ છે: નેનો યુરિયા પ્લસ, નેનો DAP, નેનો NPK, નેનો ઝિંક અને નેનો કોપરનો વ્યાપક પ્રચાર; ખેડૂતોને મુખ્યત્વે ફોલિયર સ્પ્રે દ્વારા યોગ્ય ઉપયોગ માટે તાલીમ આપવી; પરંપરાગત ખાતરો પર નિર્ભરતા ઘટાડવી; અને સહકારી નેટવર્ક દ્વારા અંતિમ સ્તર સુધી પહોંચ સુનિશ્ચિત કરવી. "ગ્રામ સ્તરના જાગૃતિ અભિયાન, દરેક PACS ને મજબૂત બનાવીને અને ક્ષેત્ર પ્રદર્શન દ્વારા આગળ વધારવું પડશે.

# નડિયાદ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપનું શક્તિ પ્રદર્શ

## 52 ઉમેદવારોએ એકસાથે સંતરામ મંદિરથી કલેક્ટર કચેરી સુધી આઈશરમાં સવાર થઈ ઉમેદવારી ફોર્મ ભર્યા

**નડિયાદ, તા.10**

નડિયાદમાં પહેલીવાર યોજાઈ રહેલી મહાનગરપાલિકાની ચૂંટણીને લઈને રાજકીય માહોલ ગરમાયો છે, જે અંતર્ગત ભાજપ દ્વારા તમામ 52 બેઠકો પર એકસાથે ઉમેદવારી પત્રો ભરીને જીતનો વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો છે.

નડિયાદ મહાનગરપાલિકાની આગામી ચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટી દ્વારા આજે ઉમેદવારી ફોર્મ ભરવાના અંતિમ દિવસોમાં મોટા પાયે શક્તિ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. શહેરના ઐતિહાસિક સંતરામ મંદિરના ચોગાનમાં ભાજપના તમામ 52 ઉમેદવારો અને મોટી સંખ્યામાં સમર્થકો એકઠા થયા હતા. અહીંથી તમામ ઉમેદવારો એક જ મોટા વાહનમાં સવાર થઈને ફોર્મ ભરવા માટે કલેક્ટર કચેરી તરફ રવાના થયા હતા. આ રેલીમાં કાર્યકરોનો ઉત્સાહ જોવા મળ્યો હતો અને સમગ્ર માર્ગ પર ભાજપની તરફેણમાં સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા.



ધારાસભ્ય પંકજ દેસાઈ અને જિલ્લા પ્રમુખ નયનાબેન પટેલની આગેવાનીમાં તમામ ઉમેદવારો કલેક્ટર કચેરીએ પહોંચ્યા હતા અને વિધિવત રીતે પોતાની ઉમેદવારી નોંધાવી હતી. આ પ્રસંગે ખેડા જિલ્લામાં ચૂંટણીનો ધમધમાટ તેજ બન્યો છે, કારણ કે આજે જિલ્લામાં 1 મહાનગરપાલિકા ઉપરાંત 1 જિલ્લા પંચાયત અને 5 નગરપાલિકાઓના મળીને કુલ 376 ઉમેદવારોએ પોતાના ફોર્મ ભરવાની પ્રક્રિયા હાથ ધરી છે. ભાજપ દ્વારા આ ચૂંટણીમાં નવા અને સક્રિય ચહેરાઓને પ્રાધાન્ય આપવામાં આવ્યું હોવાનું નેતાઓએ જણાવ્યું હતું.

જિલ્લા પ્રમુખ નયનાબેન પટેલે તમામ ઉમેદવારોને જીત માટે શુભેચ્છાઓ પાઠવતા વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે નડિયાદ મહાનગરપાલિકામાં આ વખતે ભાજપ ભારે બહુમતી સાથે વિજેતા બનશે. તેમણે ઉમેર્યું હતું કે નડિયાદના ઈતિહાસમાં પ્રથમ વખત મહાનગરપાલિકાની ચૂંટણી યોજાઈ રહી છે ત્યારે સ્પષ્ટ બહુમતી સાથે કેસરિયો લહેરાશે તે નક્કી છે. કાર્યકરોમાં જોવા મળી રહેલો ઉત્સાહ ભાજપની જીતનો સંકેત આપી રહ્યો હોવાનું તેમણે જણાવ્યું હતું.

ધારાસભ્ય પંકજભાઈ દેસાઈએ આ તકે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે પાર્ટીએ આ વખતે જે ટીમ મેદાનમાં ઉતારી છે તે અત્યંત સક્રિય અને લોકોના પ્રશ્નોને વાચા આપનારી ટીમ છે. તેમણે કહ્યું કે એવી વ્યક્તિઓની પસંદગી કરવામાં આવી છે જે સતત જનતાની વચ્ચે રહીને કામ કરે અને લોકોની કોઈ ફરિયાદ તેમના સુધી પહોંચે જ નહીં. પંકજભાઈએ નડિયાદના વિકાસની વાત કરતા જણાવ્યું કે છેલ્લા 20 વર્ષમાં શહેરમાં જે પ્રગતિ થઈ છે તે જનતાની નજર સામે છે. વધુમાં ધારાસભ્યએ જણાવ્યું હતું કે દોઢ વર્ષ પહેલા નડિયાદને મહાનગરપાલિકાનો દરજ્જો મળ્યા બાદ અનેક વિકાસલક્ષી કામો મંજૂર કરવામાં આવ્યા છે, જે હાલ પ્રગતિ હેઠળ છે.

# ઠાસરાના બાધરપુરામાં કટિંગ વેળા વિજિલન્સનો દરોડો,10 લાખના દારૂ-2 વાહનો સાથે એક ઝબ્બે

**નડિયાદ, તા.10**

ઠાસરા બાધરપુરા ગામની સીમમાં ધોળા દિવસે ચાલતા વિદેશી દારૂના કટીંગ વેળાએ એસએમસી ટીમે દરોડો પાડી રૂ 10.02 લાખના વિદેશી દારૂ સાથે એક શખ્સને ઝડપી પાડ્યો હતો. અટકાયત કરેલા શખ્સે એસએમસી ટીમ સામે વટાણા વેરતા કબુલાત કરી હતી કે બે શખ્સો રાજસ્થાનથી મમરાની આડમાં વિદેશી દારૂ ભરી લાવી ગોળજમાં રહેતા શખ્સોને આપવાનો હતો.આ બનાવ અંગે ઠાસરા પોલીસે ફરિયાદ નોંધી છે.




ઠાસરા બાધરપુરા ગામની મોટી કેનાલ-નાની કેનાલ વચ્ચે સરકારી ખરાબામાં ચાલતા વિદેશી દારૂના કટીંગ વેળાએ એસએમસી ટીમે દરોડો પાડ્યો હતો તે સમયે કેટલાક શખ્સો ટેમ્પામાંથી વિદેશી દારૂની પેટીઓ ઉત્તારી કારમાં મૂકી રહ્યા હતા.જે બાદ પોલીસને જોઇ નાસભાગ મચી હતી જેમાંથી એક શખ્સને પોલીસે ઝડપી પાડ્યો હતો.

આ બાદ પોલીસે ટેમ્પામાંથી બે નંબર પ્લેટ મળી આવી હતી ત્યારે કારમાં નંબર પ્લેટ ન હતી પરંતુ કારમાંથી ત્રણ નંબર પ્લેટો મળી આવી હતી.આ બાદ પોલીસે ટેમ્પામાંથી અને કારમાંથી મોટી માત્રામાં વિદેશી દારૂ મળી આવ્યો હતો.જે બાદ પોલીસે અટકાયત કરેલા જયકિશન પરમાર ની પૂછપરછ કરતા તે બાધરપુરા સુનિલ પરમાર સાથે વિદેશી દારૂનો ધંધો કરે છે.બુધવાર સંદિપ પરમાર,ઋત્વિક ઈનામદાર બંને રહે ગોળજ રાજસ્થાનથી મમરાની થેલીની આડમાં વિદેશી દારૂ ભરી લાવ્યા હતા.તે પેટી ઉતારી ગોળજ ગામના ટકો કાર લઇ આવતા તેમાં ભરી સુનિલ,શૈલેષને આપવાનો હતો.

આ કામ માટે ઠાસરામાં રહેતા પોપટને મોપેડ પર લઇ આવ્યો હોવાનું કહ્યું હતુ.આ બનાવ અંગે એસએમસીની ફરિયાદ આધારે ઠાસરા પોલીસે રૂ 10.02 લાખનો વિદેશી દારૂ, મોબાઈલ નં-2 રૂ 7 હજાર,ટેમ્પો રૂ 5 લાખ, કાર રૂ 5 લાખ,મોપેડ રૂ 40 હજાર મળી કુલ રૂ 20.50 લાખના મુદ્દામાલ સાથે જય કિશન પરમારની અટકાયત દસ શખ્સોને વોન્ટેડ જાહેર કરી ફરિયાદ નોંધી છે.

# રાજ્યમાં ગરમીનું જોર વધશે, 2થી 4 ડિગ્રીનો વધારો થઈ શકે: હવામાનની આગાહી મુજબ, દરિયા કિનારાના જિલ્લાઓમાં બફારો રહેશે

**અમદાવાદ, તા.10**

હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ એ. કે. દાસના જણાવ્યા અનુસાર, આગામી દિવસોમાં મહત્તમ તાપમાનમાં 2થી 4 ડિગ્રી સેલ્સિયસનો વધારો થશે. દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળા પવન ફૂંકાશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આજથી રાજ્યમાં ગરમીનું જોર વધશે. આગામી ત્રણ દિવસ મહત્તમ તાપમાનમાં 2-3 ડિગ્રીમાં વધારો થશે. દરિયા કિનારાના જિલ્લાઓમાં બફારો રહેશે. છેલ્લા 24 કલાકમાં સૌથી વધુ ભુજમાં 37.2 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. અમદાવાદમાં પણ આગામી દિવસોમાં 38 ડિગ્રી તાપમાન રહેવાની શક્યતા છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે રાજ્યમાં આગામી દિવસોમાં તાપમાન વધશે. હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ એ કે દાસના જણાવ્યા અનુસાર, આગામી દિવસોમાં રાજ્યમાં ગરમીનો પારો 2થી 4 ડિગ્રી વધશે. રાજ્યમાં આજથી ગરમીમાં વધારો થશે. આગામી દિવસોમાં વરસાદને લઈને કોઈ પ્રકારની આગાહી કરવામાં આવી નથી. રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળા પવન ફૂંકવાને કારણે અકળામણ અનુભવાશે. જોકે આજથી જ રાજ્યમાં ગરમીનો અનુભવ થવા લાગ્યો છે. રાજ્યમાં ગરમીનો પારો અતિશય વધી ગયો છે.



# ઢોલ-નગારા સાથે પહોંચ્યા ભાજપના નેતા ને સ્થાનિકોએ અટકાવ્યા: બોડકદેવમાં લાઈટ, રોડ અને પાણી મુદ્દે પૂર્વ કોર્પોરેટરો અને કાર્યકર્તાઓને લોકોએ કહ્યું પાંચ વર્ષે દેખાયા છો

અમદાવાદ, તા.10

અમદાવાદના બોડકદેવ વિસ્તારમાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પ્રચાર માટે નીકળેલા ભાજપના પૂર્વ કોર્પોરેટરો અને કાર્યકર્તાઓને સ્થાનિક લોકોના ઉગ્ર વિરોધનો સામનો કરવો પડ્યો હતો. પૂર્વ કોર્પોરેટર વાસંતીબેન પટેલ અને ધનરાજ દેસાઈ સહિતના નેતાઓ જ્યારે ઢોલ-નગારા સાથે ડોર-ટુ-ડોર પ્રચાર કરી રહ્યા હતા, ત્યારે રહીશોએ છેલ્લા પાંચ વર્ષથી પેન્ડિંગ રોડ, ગટર અને લાઈટના પ્રશ્નો મુદ્દે તેમને અટકાવીને ભારે રોષ ઠાલવ્યો હતો.

ચૂંટણીનો માહોલ જામતા જ ભાજપના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ કમળને મત આપવાની અપીલ સાથે વિવિધ સોસાયટીઓમાં પહોંચી રહ્યા છે. જોકે, બોડકદેવ વિસ્તારમાં પ્રચારમાં નીકળેલા નેતાઓને જોતા જ એક જાગૃત નાગરિકે ઢોલ વગાડતા કાર્યકર્તાઓને અટકાવી દીધા હતા. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં સ્થાનિક વ્યક્તિ નેતાઓને પૂછી રહ્યો છે કે, 'પાંચ વર્ષમાં કોઈ દેખાયું નથી, તો અત્યારે અહીં ક્યાંથી આવ્યા?'



સ્થાનિકોએ પૂર્વ કોર્પોરેટરો સમક્ષ વિસ્તારની દુર્દશા વર્ણવતા જણાવ્યું હતું કે, વારંવાર રજૂઆતો કરવા છતાં લાઈટના થાંભલા બદલવામાં આવ્યા નથી અને રોડ તોડી નાખવામાં આવ્યા હોવાથી રહીશો પરેશાન છે. આ ઉપરાંત, ગટરો ઉભરાવાની સમસ્યા અને તંત્ર દ્વારા અપાતા નકારાત્મક પ્રતિસાદને લઈને પણ લોકોમાં ભારે નારાજગી જોવા મળી હતી.

રહીશોએ સ્પષ્ટ શબ્દોમાં સંભળાવ્યું હતું કે, પાંચ વર્ષ સુધી પ્રજાના કામોમાં ગેરહાજર રહેલા નેતાઓ હવે મતો માટે વિકાસનો પ્રચાર કરવા નીકળ્યા છે જે અસ્વીકાર્ય છે. આ ઘટનાએ સ્થાનિક રાજકારણમાં ગરમાવો લાવી દીધો છે અને મતદારો હવે પાયાની સુવિધાઓના અભાવે નેતાઓ સામે સવાલો ઉઠાવતા થયા છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# એપ્સ્ટીન મામલે મેલાનિયા ટ્રમ્પનો બાટલો ફાટ્યો: કહ્યું- મને દોષિત જાતીય અપરાધી સાથે જોડતા જૂઠાણાંથી દૂર રાખો

**વોશિંગ્ટન, તા.10**

USAના ફર્સ્ટ લેડી મેલાનિયા ટ્રમ્પે ગુરુવારે વ્હાઈટ હાઉસમાંથી આપેલા નિવેદનમાં "મને અપમાનિત જેફરી એપસ્ટીન સાથે જોડતા જૂઠાણાંથી દૂર રાખો" એમ કહીને આકરા પ્રહાર કર્યા હતા. તેમણે દોષિત ઠરેલા જાતીય અપરાધીથી પોતાને દૂર રાખવાનો પ્રયાસ કર્યો હતો. આ સાથે જ મેલાનિયા ટ્રમ્પે કોંગ્રેસને વિનંતી કરી હતી કે તેઓ એવી સુનાવણી યોજે જેમાં પીડિતો કેપિટલ હિલ (સંસદ) પર જુબાની આપી શકે.

મેલાનિયા ટ્રમ્પે પત્રકારોને જણાવ્યું, "હું ક્યારેય એપસ્ટીનની મિત્ર રહી નથી. ડોનાલ્ડ અને મને સમયાંતરે એપસ્ટીન જેવી જ પાર્ટીઓમાં આમંત્રણ આપવામાં આવતું હતું, કારણ કે ન્યૂયોર્ક સિટી અને પામ બીચમાં સામાજિક વર્તુળો એકબીજા સાથે જોડાયેલા હોવા સામાન્ય બાબત છે. સ્પષ્ટતા ખાતર કહી દઉં કે, મારે એપસ્ટીન અથવા તેની મહિલા મિત્ર ઘિસ્લેન મેક્સવેલ સાથે ક્યારેય કોઈ સંબંધ નહોતો."

મેલાનિયા ટ્રમ્પે કોંગ્રેસને એપસ્ટીનના પીડિતો માટે કેપિટલ હિલ પર જુબાની આપવા માટે એક મંચ પૂરો પાડવા હાકલ કરી હતી.

તેમણે કહ્યું, "હું કોંગ્રેસને વિનંતી કરું છું કે એપ્સટાઈનના પીડિતોને જાહેર સુનાવણી પૂરી પાડવામાં આવે અને આ પીડિતોને કોંગ્રેસ સમક્ષ શપથ હેઠળ જુબાની આપવાની મંજૂરી આપવામાં આવે, જેથી તેમની જુબાનીમાં શપથ લીધેલી જુબાનીની સંપૂર્ણ કાનૂની શક્તિ હોય."

"દરેક મહિલાને તેની ઈચ્છા હોય તો જાહેરમાં પોતાની વાર્તા કહેવાનો અધિકાર હોવો જોઈએ અને ત્યારબાદ તેની જુબાની કાયમી ધોરણે કોંગ્રેસના રેકોર્ડમાં નોંધવી જોઈએ."

ભૂતપૂર્વ એટર્ની જનરલ પામેલા બોન્ડી, જેમને આંશિક રીતે એપસ્ટીન ફાઈલોના તેમના સંચાલનને કારણે બરતરફ કરવામાં આવ્યા હતા, તેમને ફેબ્રુઆરીમાં કોંગ્રેસની સુનાવણી દરમિયાન એપસ્ટીનના પીડિતોની માફી માંગવા માટે કહેવામાં આવ્યું હતું, પરંતુ તેમણે તેમ કરવાનો ઈનકાર કર્યો હતો.

મેલાનિયા ટ્રમ્પે મેક્સવેલ સાથેના તેમના સંબંધોને પણ ઓછા મહત્વના દર્શાવવાનો પ્રયાસ કર્યો હતો, જે એપસ્ટીનની સહયોગી હતી અને સેક્સ ટ્રાફિકિંગ માટે દોષિત ઠરી હતી. ફેબ્રુઆરીમાં CNN એ તેમના કાર્યાલયને 2002 માં બંને મહિલાઓ વચ્ચે થયેલા મૈત્રીપૂર્ણ ઈમેઈલ સંવાદ વિશે પૂછપરછ કરી હતી – જે એપસ્ટીન તપાસ સંબંધિત દસ્તાવેજોના ભાગ રૂપે જાહેર કરવામાં આવ્યો હતો – પરંતુ તેનો કોઈ પ્રતિસાદ મળ્યો ન હતો. ટ્રમ્પે તે ઈમેઈલ પર 'Love, Melania' લખીને હસ્તાક્ષર કર્યા હતા અને મેક્સવેલે જવાબમાં તેમને 'Sweet pea' કહીને સંબોધ્યા હતા.

મેલાનિયાએ ગુરુવારે એ વાત પર પણ ભાર મૂક્યો હતો કે તેમના સામાજિક સંબંધો હોવા છતાં તેઓ એપસ્ટીનના ગુનાઓથી અજાણ હતા.



"મને (એપસ્ટીન દ્વારા) તેના પીડિતો પર કરવામાં આવેલા અત્યાચાર વિશે ક્યારેય કોઈ જાણકારી નહોતી. હું કોઈપણ રીતે આમાં સામેલ નહોતી. હું તેમાં સહભાગી નહોતી. હું ક્યારેય એપસ્ટીનના પ્લેનમાં ગઈ નથી અને ક્યારેય તેના ખાનગી ટાપુની મુલાકાત લીધી નથી," તેમણે તેના કૃત્યોને "ધૃણાસ્પદ" ગણાવતા કહ્યું હતું.

ઉલ્લેખનીય છે કે એપસ્ટીન ફાઈલોમાં અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનું નામ 38 હજારથી વધુ વખત નોંધાયેલું છે. રેકોર્ડમાં 1990ના દાયકામાં એપસ્ટીનના ખાનગી વિમાનથી 7-8 યાત્રાઓનો ઉલ્લેખ છે. ટ્રમ્પના માર-એ-લાગો ક્લબની ગેસ્ટ લિસ્ટમાં પણ સામેલ છે. તપાસમાં સામે આવ્યું કે યૌન શોષણનું નેટવર્ક અમેરિકા સુધી સીમિત નહોતું. એપસ્ટીને સંગઠિત ટ્રાફિકિંગ નેટવર્ક બનાવ્યું. અત્યાર સુધીમાં 15 દેશોના ધનિકો, નેતાઓ અને આંતરરાષ્ટ્રીય હસ્તીઓના નામ સામે આવ્યા છે.

ટ્રમ્પે એપસ્ટીન સાથે સંકળાયેલા તમામ આરોપોમાં કોઈપણ ખોટા કામનો ઈનકાર કર્યો છે. અગાઉ ન્યાય વિભાગે પણ કહ્યું હતું કે જારી કરાયેલા કેટલાક દસ્તાવેજોમાં ટ્રમ્પ વિરુદ્ધ 'ખોટા અને સનસનાટીભર્યા દાવા' છે. જ્યારે વિપક્ષી ડેમોક્રેટિક નેતાઓએ ટ્રમ્પ સરકાર પર આરોપ લગાવ્યો છે કે તેણે એપસ્ટીન તપાસ સંબંધિત કેટલીક એવી માહિતી છુપાવવાનો પ્રયાસ કર્યો, જે ટ્રમ્પ માટે નુકસાનકારક હોઈ શકે છે.

અમેરિકાના વિપક્ષી ડેમોક્રેટિક પાર્ટીના નેતાઓ આ વાત પર સવાલ ઉઠાવી રહ્યા છે કે ટ્રમ્પ સરકાર એપસ્ટીન સંબંધિત દસ્તાવેજોને કેવી રીતે હેન્ડલ કરી રહી છે. ડેમોક્રેટ્સનો આરોપ છે કે ટ્રમ્પ પ્રશાસને એપસ્ટીન તપાસ સંબંધિત એવી માહિતીઓ દબાવી, જે ટ્રમ્પને નુકસાન પહોંચાડી શકતી હતી. હાઉસની એક કમિટીએ એટર્ની જનરલ પામ બોન્ડીને નોટિસ જારી કરવાના પક્ષમાં વોટ કર્યો. તેમને કોર્ટમાં જવાબ આપવો પડશે.

મહિલાનો એ પણ દાવો છે કે છેલ્લા ઘણા વર્ષોમાં તેને અને તેના નજીકના લોકોને ચૂપ રહેવા માટે ઘણા ધમકીભર્યા ફોન કોલ પણ આવ્યા હતા. મહિલાનું માનવું છે કે આ કોલ એપસ્ટીન સાથે સંકળાયેલા લોકો તરફથી હોઈ શકે છે.

તેની શરુઆત 2005માં થઈ હતી, જ્યારે ફ્લોરિડામાં 14 વર્ષની છોકરીની માતાએ પોલીસ ફરિયાદ નોંધાવી. એમાં કહેવામાં આવ્યું છે કે એપસ્ટીનના વૈભવી ઘરમાં તેની પુત્રીને 'મસાજ' કરવાના બહાને બોલાવવામાં આવી હતી, પરંતુ ત્યાં પહોંચ્યા પછી સંબંધ બાંધવા તેના પર દબાણ કરવામાં આવ્યું હતું.

જ્યારે છોકરી ઘરે પાછી આવી અને તેનાં માતાપિતાને કહ્યું, ત્યારે તેમણે તરત જ પોલીસ રિપોર્ટ નોંધાવ્યો. જેફરી એપસ્ટીન સામે આ પહેલી સત્તાવાર ફરિયાદ હતી. પોલીસ તપાસ દરમિયાન, એવું બહાર આવ્યું કે આ કોઈ અલગ ઘટના નથી.

ધીમે ધીમે લગભગ 50 સગીર છોકરીની ઓળખ કરવામાં આવી, જેમણે એપસ્ટીન સામે સમાન આરોપો લગાવ્યા હતા. પામ બીચ પોલીસ વિભાગે આ બાબતને ગંભીરતાથી લીધી અને ઘણા મહિનાઓ સુધી તપાસ કરી. એપસ્ટીન સામે ગુનાહિત તપાસ શરૂ થઈ.

એપસ્ટીન સગીર છોકરીઓને તેના ખાનગી જેટ, 'લોલિતા એક્સપ્રેસ' માં પાર્ટીઓમાં લઈ જતો હતો. તે તેમને પૈસા અને ઘરેણાંની લાલચ આપીને તેમજ ધમકી આપીને દબાણ કરતો હતો. આ પ્રયાસમાં એપસ્ટીનની ગર્લફ્રેન્ડ અને પાર્ટનર, ગિસ્લીન મેક્સવેલે પણ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી, જોકે શરૂઆતની તપાસ છતાં એપસ્ટીન જેલમાં લાંબા સમય સુધી રહ્યો નહીં. તેનો દબદબો એટલો હતો કે 2008માં તેને ફક્ત 13 મહિનાની સજા ફટકારવામાં આવી, જે દરમિયાન તે જેલની બહાર પણ કામ કરી શકતો હતો.

# યમુનામાં બોટ પલટી, 10 પ્રવાસીઓનાં મોત: લાઈફ જેકેટ નહોતા પહેર્યા, મદદ માટે સેના પહોંચી, તમામ પંજાબના રહેવાસી હતા...

**મથુરા, તા.10**

મથુરાના વૃંદાવનમાં યમુના નદીમાં 30 પ્રવાસીઓને લઈ જતી ખાનગી બોટ પલટી ગઈ. આ દુર્ઘટનામાં 10 પ્રવાસીઓ ડૂબી ગયા. જેમાં 7 મહિલાઓ અને 3 પુરુષોનો સમાવેશ થાય છે. મૃતકોમાં એક પતિ-પત્ની અને એક પિતા-પુત્રીનો સમાવેશ થાય છે. બોટ પર સવાર તમામ પ્રવાસીઓ બાંકે બિહારી ક્લબના સભ્યો હતા અને પંજાબથી દર્શન કરવા આવ્યા હતા.

ડીએમ ચંદ્ર પ્રકાશ સિંહે જણાવ્યું હતું કે, શ્રી બાંકે બિહારી મંદિરથી લગભગ 2 કિમી દૂર કેસી ઘાટ પર બપોરે 3 વાગ્યે આ અકસ્માત થયો હતો. રાહત અને બચાવ કામગીરી માટે સેના પહોંચી ગઈ છે. ગાઝિયાબાદથી એનડીઆરએફની ટીમ પણ વૃંદાવન પહોંચી ગઈ છે.

અકસ્માત સ્થળે લગભગ 30 ફૂટ પાણી છે. અકસ્માત બાદ બોટમેન ભાગી ગયો. પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું કે બોટની ક્ષમતા 15 યાત્રાળુઓ માટે હતી, પરંતુ બોટમેન 25 યાત્રાળુઓને લઈ ગયો હતો. કોઈએ લાઈફ જેકેટ પહેર્યા નહોતા. કેટલાકને બોટમેન અને પોન્ટૂન બ્રિજનું સમારકામ કરનારાઓએ બચાવી લીધા હતા.

આર્મી એન્જિનિયરિંગ કોર્પ્સના સુબેદાર અખિલેશ પાંડેએ જણાવ્યું હતું કે, 'જો પ્રવાસીઓએ લાઈફ



જેકેટ પહેર્યા હોત તો તેમને બચવાનો સમય મળ્યો હોત. તેઓ લાઈફ જેકેટ સાથે એક કલાક સુધી તરતા રહી શક્યા હોત.'

અકસ્માત સંબંધિત બે વીડિયો સામે આવ્યા છે. પહેલો બોટ ડૂબ્યા પહેલાનો 15 મિનિટનો છે, જેમાં લોકો 'રાધે-રાધે' ના નારા લગાવી રહ્યા છે. બીજો વીડિયો નદીમાં ડૂબતા શ્રદ્ધાળુઓનો છે.

હોડી યમુના નદીની મધ્યમાં હતી, કિનારાથી લગભગ 50 ફૂટ દૂર. તે સમયે લગભગ 40 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો હતો. જોરદાર પવનમાં હોડી અચાનક હલવા લાગી. હોડીવાળાએ કાબુ ગુમાવ્યો. પ્રવાસીઓએ તેને કહ્યું, 'એક પુલ આવી રહ્યો છે, થોભો!' પણ તેણે ના પાડી. હોડી બે વાર ટક્કરથી બચી ગઈ. ત્રીજી વાર તે અથડાઈ અને ડૂબી ગઈ.

પીએમ મોદી, ગૃહમંત્રી અમિત શાહ, યુપીના સીએમ યોગી આદિત્યનાથ, પંજાબના સીએમ ભગવંત માન, આપના કન્વીનર અરવિંદ કેજરીવાલ વગેરે નેતાઓએ દુર્ઘટના પર શોક વ્યક્ત કર્યો છે.

વૃંદાવન દુર્ઘટનામાં માણિક ટંડન, પંકજ મલ્હોત્રા, નિશભ શર્મા, યશ અને એક અન્ય વ્યક્તિ ગુમ છે. તેમની શોધખોળ ચાલી રહી છે.

બોટ દુર્ઘટના બાદ જિલ્લા પ્રશાસને હેલ્પલાઈન નંબર 0565-2403200 જાહેર કર્યો છે. ડીએમએ કહ્યું કે, કોઈપણ સમસ્યા કે જાણકારી માટે મારા મોબાઈલ નંબર 9454417512, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ નાણાં અને મહેસૂલ ડો. પંકજ કુમાર વર્માના મોબાઈલ નંબર 9012881919/ 9454417583 અને એસપી ગ્રામીણ સુરેશ ચંદ્ર રાવતના મોબાઈલ નંબર 9454401103 પર સંપર્ક કરી શકો છો.

વૃંદાવનમાં દુર્ઘટનાને 3 કલાક થઈ ગયા છે. સર્ચ ઓપરેશન ચાલુ છે. સ્ટીમર અને ગુમ થયેલા લોકોની શોધખોળ ચાલી રહી છે. આર્મી, પીએસી અને ગોતાખોરો સતત શોધખોળ કરી રહ્યા છે.

સ્થાનિક લાલા પહેલવાન બોલ્યા- યમુના વિહારના નામે અરાજકતા ફેલાવવામાં આવે છે, પ્રશાસને ગાઈડલાઈન્સ બનાવવી જોઈએ

સ્થાનિક લાલા પહેલવાને કહ્યું કે, ખૂબ જ દુઃખદ અકસ્માત થયો છે. પ્રશાસન બચાવ કાર્ય કરી રહ્યું છે. અમારા ઠાકુરજીએ અહીં યમુના વિહાર કર્યો હતો. પરંતુ હવે યમુના વિહારના નામે અરાજકતા કરવામાં આવે છે. ઉન્માદી ગીતો વગાડવામાં આવે છે. લોકો હોડીઓની છત પર સવાર થઈ જાય છે.

પંજાબથી વૃંદાવન આવેલા પ્રવાસીઓ બાંકે બિહારી ક્લબના સભ્યો છે. આ બધા 9 એપ્રિલે સાંજે 6 વાગ્યે લુધિયાણાના જગરાઓંથી રવાના થયા હતા.

વૃંદાવન દુર્ઘટના પર મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે દુઃખ વ્યક્ત કર્યું છે. તેમણે X પર લખ્યું કે, મથુરા જિલ્લામાં બોટ પલટી જવાથી થયેલી દુર્ઘટનામાં જાનહાનિ અત્યંત દુઃખદ અને હૃદયદ્રાવક છે. મારી સંવેદનાઓ શોકગ્રસ્ત પરિવારો સાથે છે. સંબંધિત અધિકારીઓને તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને બચાવ અને રાહત કાર્ય હાથ ધરવા અને ઘાયલોને યોગ્ય સારવાર આપવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.

જે સમયે અકસ્માત થયો, પવનની ગતિ ઘણી વધારે હતી. આ કારણે સ્ટીમર યમુના નદીમાં લથડિયાં ખાવા લાગી અને પીપા પુલ સાથે અથડાઈને પલટી ગઈ. DIG શૈલેષ પાંડે ઘટનાસ્થળે પહોંચ્યા છે. હવામાન વિભાગની વેબસાઈટ સ્કાયમેટ અનુસાર, વૃંદાવનમાં હાલ 31 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે

પોલીસ અને સ્થાનિક પ્રશાસન મળીને બચાવ અભિયાન ચલાવી રહ્યું છે. ગોતાખોરો યમુનાના ઊંડા પાણીમાં ડૂબી ગયેલા લોકોની શોધમાં લાગેલા છે. ઘટનાસ્થળે ડીએમ, એસપી પહોંચી ગયા છે. દુર્ઘટના સ્થળે ભારે ભીડ જમા થઈ ગઈ છે, જેના કારણે બચાવ કાર્યમાં થોડી અડચણ આવી રહી છે.

પ્રશાસને લોકોને શાંત રહેવા અને બચાવ દળને સહયોગ કરવા અપીલ કરી છે. સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે.

# MP-UPમાં તાપમાન 6°C થી 10°C સુધી વધી શકે છે: રાજસ્થાનમાં 40°C થી વધુ થવાની શક્યતા, હિમાચલમાં સામાન્ય કરતાં 200% વધુ વરસાદ

**દેહરાદૂન, તા.10**

મધ્ય પ્રદેશમાં આજથી વરસાદની અસર ઓછી રહેશે. આ સાથે દિવસનું તાપમાન 4C થી 6C સુધી વધી શકે છે. ઉત્તર પ્રદેશમાં આ અઠવાડિયે વરસાદની સંભાવના નથી. છેલ્લા બે દિવસમાં 50 થી વધુ જિલ્લાઓમાં વરસાદ-કરાનો પ્રભાવ રહ્યો. રાજ્યનું તાપમાન 10C સુધી વધી શકે છે.

રાજસ્થાનમાં વાવાઝોડા-વરસાદનો દોર અટકતા તાપમાન વધવા લાગ્યું છે. આગામી 2 અઠવાડિયામાં ગરમી તેજ બનવાની સાથે કેટલાક શહેરોનું તાપમાન 40C કે તેથી ઉપર જઈ શકે છે.

દેશના અરુણાચલ પ્રદેશ, આસામ સહિત 9 રાજ્યોમાં વરસાદ-વાવાઝોડાની આશંકા છે. હિમાચલ પ્રદેશમાં એપ્રિલમાં અત્યાર સુધી સામાન્ય કરતાં 200% વધુ વરસાદ થઈ ચૂક્યો છે. સામાન્ય રીતે 2-9 એપ્રિલ વચ્ચે 17.6mm વરસાદ થતો હતો, આ વખતે 52.6mm થયો. રાજ્યના મહત્તમ તાપમાનમાં પણ 6.4C નો ઘટાડો થયો છે. ઉત્તરાખંડના ઉત્તરકાશી, રુદ્રપ્રયાગ સહિત 5 જિલ્લાઓમાં વરસાદની સંભાવના છે. પહાડીઓ પર હિમવર્ષા થઈ શકે છે. પહાડી ગામ ગુંજીમાં ગ્રામજનોએ બરફ ઓગાળ્યો, ત્યારે જ તેમને પીવાનું પાણી ઉપલબ્ધ થઈ શક્યું. અહીં ત્રણ દિવસ સુધી હિમવર્ષા થઈ.



11 એપ્રિલ: જમ્મુ-કાશ્મીરમાં હળવાથી મધ્યમ વરસાદ અને હિમવર્ષા સાથે 30-40 કિમી/કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. આસામ, મેઘાલયમાં વરસાદ પડી શકે છે. નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરામાં ગાજવીજ સાથે વરસાદની સંભાવના.

12 એપ્રિલ: પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં હળવાથી મધ્યમ વરસાદનું એલર્ટ. અરુણાચલ પ્રદેશમાં ક્યાંક ક્યાંક ભારે વરસાદ પડી શકે છે. દક્ષિણ કર્ણાટકમાં પણ ગાજવીજ સાથે હળવા વરસાદની સંભાવના છે. મધ્ય પ્રદેશમાં એપ્રિલમાં આકરી ગરમીને બદલે વાવાઝોડા-વરસાદ અને કરાનો પ્રભાવ રહ્યો. 1 થી 9 એપ્રિલ સુધી રાજ્યના દરેક ભાગમાં હવામાનમાં બદલાવ જોવા મળ્યો. હવામાન વિભાગે જણાવ્યું કે આજથી વરસાદમાં ઘટાડો થશે અને આકરી ગરમી શરૂ થશે. આનાથી દિવસના તાપમાનમાં 4C થી 6C નો વધારો થશે. ઉત્તર પ્રદેશમાં આ અઠવાડિયે વરસાદની કોઈ શક્યતા નથી. છેલ્લા બે દિવસમાં 50 થી વધુ જિલ્લાઓમાં વરસાદ અને કરાનો પ્રભાવ રહ્યો. આ દરમિયાન લખીમપુર ખીરીમાં સૌથી વધુ 15mm વરસાદ નોંધાયો. હવામાન વિભાગ અનુસાર, હવે એક સપ્તાહમાં તાપમાન લગભગ 10C સુધી વધી શકે છે. રાજસ્થાનમાં વાવાઝોડા-વરસાદનો દોર અટકતાની સાથે તાપમાન વધવા લાગ્યું છે. જયપુર, અલવર, ઉદયપુર, બાડમેર, પિલાની, કોટા સહિત ઘણા શહેરોમાં ગુરુવારે આકરા તડકાને કારણે તાપમાનમાં વધારો થયો. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજ્યમાં આગામી 2 અઠવાડિયામાં ગરમી વધવાની સાથે કેટલાક શહેરોનું તાપમાન 40C કે તેથી વધુ જઈ શકે છે.

# હિમાચલમાં મણિમહેશ યાત્રા પર પ્રતિબંધ: પરિક્રમા સ્થળ પર પોલીસ તૈનાત, વિશેષ દેખરેખના આદેશ; ધણછોથી આગળ જવા પર પ્રતિબંધ

**નવી દિલ્હી, તા.10**

હિમાચલ પ્રદેશના ચંબામાં 'મણિમહેશ યાત્રા' પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. SDM ભરમૌરે પોલીસ સ્ટેશનના પ્રભારીને આદેશ આપ્યા કે પરિક્રમા સ્થળ ધંછો, ગૌરીકુંડ અને મણિમહેશમાં પોલીસ જવાનોની તૈનાતી કરીને વિશેષ દેખરેખ શરૂ કરવામાં આવે. કોઈપણ યાત્રીને ધંછોથી આગળ ન જવા દેવામાં આવે. કેટલાક યાત્રીઓ પ્રશાસનને જાણ કર્યા વિના છૂપી રીતે મણિમહેશ જવા લાગ્યા છે, જ્યારે ભરમૌરમાં હજુ પણ ચાર-પાંચ ફૂટથી પણ વધુ બરફ છે. બે દિવસ પહેલા પણ અહીં તાજો હિમવર્ષા થઈ હતી. મણિમહેશ જવાના રસ્તાઓ 2025ના ભારે વરસાદ અને વાદળ ફાટવાને કારણે ખરાબ રીતે ક્ષતિગ્રસ્ત થયા છે. આવા સંજોગોમાં મણિમહેશની યાત્રા જીવલેણ સાબિત થઈ શકે છે.

SDM ભરમૌરે પોતાના આદેશોમાં જણાવ્યું કે 'કાર્તિક સ્વામી મંદિર'ના કપાટ 14 એપ્રિલે ખુલી રહ્યા છે. દર વર્ષની જેમ આ વખતે પણ કેટલાક ભક્તો અત્યારથી જ કાર્તિક સ્વામી મંદિર પહોંચવા લાગ્યા છે. આ દરમિયાન કેટલાક લોકો મણિમહેશ તરફ જઈ રહ્યા છે. કોઈને પણ પરિક્રમા માર્ગ



(ધંછો, ગૌરીકુંડ અને મણિમહેશ) પર જવાની પરવાનગી આપવામાં આવશે નહીં.

SDMએ નિર્દેશ આપ્યા કે હડસર મેઈન ગેટ પર વાહનોની નિયમિત તપાસ કરવામાં આવે. સાથે જ, મણિમહેશ જનારા શ્રદ્ધાળુઓને પરિક્રમા માર્ગ પર જતા રોકવામાં આવે અને તેમને માર્ગની વાસ્તવિક સ્થિતિથી અવગત કરાવવામાં આવે, જેથી કોઈ પણ અપ્રિય ઘટનાને રોકી શકાય.

SDM એ હડસર ગ્રામ પંચાયત અને આસપાસની પંચાયતોને પણ નિર્દેશ આપ્યા કે તેઓ માહિતી બોર્ડ અને પોસ્ટર લગાવીને સ્થાનિક જનતા અને યાત્રીઓને માર્ગની સ્થિતિ અને સંભવિત જોખમો વિશે જાગૃત કરે.

જણાવી દઈએ કે ગયા વર્ષે ભારે વરસાદ અને વાદળ ફાટવાને કારણે ભરમૌર યાત્રા પર ગયેલા 25 હજારથી વધુ શ્રદ્ધાળુઓ ફસાયા હતા. આ યાત્રા દરમિયાન લગભગ 26 યાત્રીઓના મોત થયા હતા. રસ્તાઓ અને માર્ગોનો નામનિશાન પણ મટી ગયો હતો. મણિમહેશ જવાના રસ્તાઓ હજુ પણ સંપૂર્ણપણે પુનઃસ્થાપિત થઈ શક્યા નથી. આને ધ્યાનમાં રાખીને પ્રશાસને આ નિર્ણય લીધો છે.

મણિમહેશની સત્તાવાર યાત્રા ઓગસ્ટ મહિનામાં કૃષ્ણ જન્માષ્ટમીથી શરૂ થાય છે અને રાધાષ્ટમી પર સમાપ્ત થાય છે.

# જસ્ટિસ યશવંત વર્માએ રાજીનામું આપ્યું: ઘરમાં 500ની નોટોના બંડલ બળેલા મળ્યા હતા, સુપ્રીમ કોર્ટની તપાસમાં દોષિત, સંસદમાં મહાભિયોગ પ્રસ્તાવ.....

**પ્રયાગરાજ, તા.10**

અલ્હાબાદ હાઈકોર્ટના જસ્ટિસ યશવંત વર્માએ રાષ્ટ્રપતિને પોતાનું રાજીનામું મોકલી આપ્યું છે. 14 માર્ચ 2025 ના રોજ તેમના દિલ્હી સ્થિત ઘરમાં લાગેલી આગમાં 500-500ની નોટોના બંડલ બળેલા મળ્યા હતા. આ વિવાદ બાદ તેમને દિલ્હી હાઈકોર્ટથી અલ્હાબાદ હાઈકોર્ટમાં ટ્રાન્સફર કરી દેવામાં આવ્યા હતા.

તેમણે 5 એપ્રિલ 2025ના રોજ અલ્હાબાદ હાઈકોર્ટમાં શપથ લીધા હતા. જોકે, તેમને કોઈ જવાબદારી સોંપવામાં આવી ન હતી. જ્યાં સુધી તેમની સામે ચાલી રહેલી તપાસ પૂરી ન થાય ત્યાં સુધી તેમને ન્યાયિક કાર્યોથી દૂર રાખવામાં આવ્યા હતા. જસ્ટિસ વર્માએ રાષ્ટ્રપતિને રાજીનામું ક્યારે મોકલ્યું તે હજુ સ્પષ્ટ થયું નથી, પરંતુ મીડિયામાં આ માહિતી શુક્રવારે આવી.

કેશ કાંડમાં નામ આવ્યા બાદ જસ્ટિસ વર્મા વિરુદ્ધ લોકસભામાં મહાભિયોગ પ્રસ્તાવ લાવવામાં આવ્યો હતો. તેમણે પોતાની વિરુદ્ધ લાવવામાં આવેલા મહાભિયોગ પ્રસ્તાવને પડકાર્યો હતો. અરજીમાં કહેવામાં આવ્યું હતું કે બંને ગૃહોમાં મહાભિયોગ પ્રસ્તાવ લાવવામાં આવ્યો હતો, પરંતુ રાજ્યસભાએ તેને મંજૂર કર્યો ન હતો. તેમ છતાં લોકસભાએ એકલા હાથે તપાસ



સમિતિ બનાવી, જે તેમના મતે ખોટું છે.

પછી આ જ વર્ષે 6 જાન્યુઆરીએ સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે તપાસ સમિતિની રચનામાં કેટલીક ખામીઓ જોવા મળે છે. જોકે, કોર્ટ એ જોશે કે શું આ ખામી એટલી ગંભીર છે કે આખી કાર્યવાહી રદ કરવામાં આવે.

સુપ્રીમ કોર્ટે 8 જાન્યુઆરીએ જસ્ટિસ વર્માની અરજી પર ચુકાદો સુરક્ષિત રાખ્યો હતો. જસ્ટિસ દીપાંકર દત્તા અને જસ્ટિસ સતીશ ચંદ્ર શર્માની બેન્ચે બે દિવસની સુનાવણી બાદ આ નિર્ણય લીધો હતો. જોકે, બેન્ચે જસ્ટિસ વર્માને સંસદીય સમિતિ સમક્ષ જવાબ દાખલ કરવા માટે સમય વધારવાની ના પાડી દીધી હતી.

7 જાન્યુઆરીએ કોર્ટે કહ્યું હતું કે લોકસભા સ્પીકર દ્વારા ગઠિત સંસદીય તપાસ પેનલમાં કેટલીક ખામીઓ દેખાય છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે જજીસ ઈન્ક્વાયરી એક્ટ હેઠળ લોકસભા સ્પીકર પાસે એ અધિકાર છે કે તેઓ જસ્ટિસ વર્મા વિરુદ્ધ ભ્રષ્ટાચારના આરોપોની તપાસ માટે સમિતિ ગઠિત કરી શકે, ભલે રાજ્યસભામાં આવો જ પ્રસ્તાવ રદ થઈ ચૂક્યો હોય.

આ પહેલા સુપ્રીમ કોર્ટે 16 ડિસેમ્બર 2025ના રોજ લોકસભા સ્પીકર ઓમ બિરલાને નોટિસ જારી કરી. જસ્ટિસ દીપાંકર દત્તા અને એજે મસીહની બેન્ચે લોકસભા સ્પીકર કાર્યાલય અને બંને સદનોના મહાસચિવો પાસેથી જવાબ માંગ્યો હતો.

જસ્ટિસ દત્તાએ પૂછ્યું હતું કે- રાજ્યસભામાં પ્રસ્તાવ નામંજૂર થયો હોવા છતાં લોકસભામાં સમિતિ બનાવવામાં આવી. સંસદમાં આટલા બધા સાંસદો અને કાયદાકીય નિષ્ણાતો હાજર હતા, પરંતુ કોઈએ આ તરફ ધ્યાન આપ્યું નહીં, સંસદમાં હાજર કાયદાકીય નિષ્ણાતોએ આવું થવા કેવી રીતે દીધું?

7 ઓગસ્ટે સુપ્રીમ કોર્ટે ઈન્ટરનલ કમિટીના રિપોર્ટ અને CJI ખન્નાની ભલામણ વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી અરજીને ફગાવી દીધી હતી. ત્યારબાદ જસ્ટિસ વર્માએ 1968ના જજ તપાસ કાયદા હેઠળ શરૂ થયેલી કાર્યવાહીને પડકારતી નવી અરજી દાખલ કરી છે.

લોકસભા અધ્યક્ષે જજ (તપાસ) કાયદો 1968ની કલમ 3(2) હેઠળ તપાસ પેનલ બનાવી, જેને બંધારણ વિરુદ્ધ ગણાવવામાં આવી છે. અરજીમાં 12 ઓગસ્ટ 2025ના લોકસભા સ્પીકરની કાર્યવાહીને ગેરબંધારણીય જાહેર કરીને રદ કરવાની માગ કરવામાં આવી છે.

જસ્ટિસ વર્માના વકીલે કહ્યું કે જજને હટાવવા સંબંધિત પ્રસ્તાવ લાવતા પહેલા લોકસભા અને રાજ્યસભા બંને મળીને તપાસ સમિતિ બનાવે, માત્ર લોકસભા સ્પીકર એકલા આ કમિટી ન બનાવે.

આ પહેલાં ત્રણ હાઈકોર્ટના ન્યાયાધીશોની તપાસમાં જસ્ટિસ વર્મા દોષિત ઠર્યા અને તેમને હટાવવાની ભલામણ કરવામાં આવી હતી. ત્યારબાદ સરકારે સંસદમાં મહાભિયોગ પ્રસ્તાવ રજૂ કર્યો, જેને 146 સાંસદોના સમર્થન સાથે અધ્યક્ષે મંજૂર કર્યો.

1968ના ન્યાયાધીશો (તપાસ) અધિનિયમ મુજબ જ્યારે કોઈ ન્યાયાધીશને હટાવવાનો પ્રસ્તાવ સંસદના કોઈપણ ગૃહમાં મંજૂર થઈ જાય છે ત્યારે સ્પીકર અથવા ચેરમેન તે આરોપની તપાસ માટે ત્રણ સભ્યોની એક સમિતિ બનાવે છે.

## તંત્રી લેખ

# શંકાસ્પદ યુદ્ધવિરામ હોવા છતાં દુનિયાએ હાશકારો અનુભવ્યો

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે છેલ્લી ઘડીએ યુદ્ધવિરામની જાહેરાત કરતાં વિશ્વે હાશકારોનો અનુભવ કર્યો છે. અલબત્ત, સૌના મોઢે એક જ વાત છે કે આ યુદ્ધનો અંત નથી, આ ટૂંકા ગાળાનો ઈન્ટરવલ છે. ઈરાન અને અમેરિકા બંને થાકે એવા નથી. બંને દેશો પોતાની મમત છોડવા તૈયાર નહોતા. ઈરાને યુદ્ધખોર અમેરિકાનો ગર્વ ઉતારી નાખ્યો છે, તો સાથે સાથે અખાતી દેશો સાથેના સંબંધો પણ ખરાબ કરી નાખ્યા છે. ઈરાને પોતાના મિત્ર કહેવાતા અખાતી દેશો પર પણ હુમલા કર્યા હતા.

ઈરાનનો સફાયો કરી નાખવાની ધમકી આપનાર ટ્રમ્પ ઈરાન પર અણુ હુમલો કરવાની તૈયારી કરી રહ્યા છે તેવો માહોલ ઊભો થયો હતો, પરંતુ છેલ્લી ઘડીએ યુદ્ધવિરામ જાહેર કરીને યુદ્ધ સંકેલી લેવાનો પ્રયાસ કર્યો. વિશ્વના આર્થિક તંત્રને ગૂગળાવી નાખવાની તાકાત ધરાવનાર હોર્મુઝની ખાડીએ બાજી પલટી નાખી હતી. હોર્મુઝની ખાડી પર ઈરાનનું નિયંત્રણ છે.

યુદ્ધવિરામમાં કોણે કોને સરન્ડર કર્યું તે મહત્ત્વનું નથી, પણ હકીકત એ છે કે આ બંને દેશ પાસે યુદ્ધવિરામની દિશા પકડવા સિવાય બીજો કોઈ વિકલ્પ નહોતો બચ્યો .

યુદ્ધવિરામની આ સ્થિતિમાં ઈઝરાયલ એકલું પડી ગયું છે. યુદ્ધવિરામને ઘણી વાર 'યુદ્ધ મોકૂફી' અથવા 'દુશ્મનાવટનો અંત' કહેવામાં આવે છે - તે સંઘર્ષમાં સામેલ પક્ષો વચ્ચે લશ્કરી કાર્યવાહીને અટકાવવા અથવા સમાપ્ત કરવા માટેનો એક ઔપચારિક કરાર છે. યુદ્ધગ્રસ્ત વિસ્તારો માટે તે એક અત્યંત જરૂરી અને ઘણીવાર નાજુક એવો હીલીંગ ટચ સમાન સાબિત થાય છે. જોકે ઘણીવાર તેનો ઉપયોગ વ્યૂહાત્મક પુર્નગઠન માટે કરવામાં આવે છે. અલબત્ત, માનવ સમુદાયમાં શાંતિ, શાંતિ વાટાઘાટો અને નાગરિકો તેમજ રોજીંદી જરૂરીયાતની ચીજોને ફરી ઉપલબ્ધ કરવાનું કામ ત્વરીત શક્ય બનવાનું નથી.

યુદ્ધવિરામ દરમિયાન સંઘર્ષરત વિસ્તારોમાં ફસાયેલા લોકો સુધી જીવનરક્ષક સહાય પહોંચાડવામાં આસાની રહે છે. તે આવશ્યક સેવાઓ અને માળખાગત સુવિધાઓની પુનઃસ્થાપના માટે માર્ગ મોકળો કરે છે. તે સક્રિય લડાઈને અટકાવીને નાગરિકોને, ખાસ કરીને બાળકોને, સતત ડરમાંથી રાહત આપે છે. યુદ્ધવિરામમાં માનસિક આઘાતમાંથી મુક્તિ મેળવવાની શરૂઆત થાય છે.

યુદ્ધવિરામ એક સંવેદનશીલ સમયગાળો છે. અમેરિકા જેવો દેશ વારંવાર પોતાના નિર્ણયોમાં ગુલાંટ મારવા ટેવાયેલો છે. ટ્રમ્પની નીતિને પરખવી બહુ મુશ્કેલ છે.

યુદ્ધ નિષ્ણાતો કહે છે કે ઈરાને અમેરિકાને થકવી નાખ્યું હતું. અમેરિકા અને ઈરાન વચ્ચેના યુદ્ધવિરામને સ્વીકૃતિ આપવી કઠિન છે. ઈરાન કહે છે કે ટ્રમ્પની વાતો પર ભરોસો રખાય એમ નથી. ન્યાયી શાંતિ માટે સતત દબાણ જાળવી રાખવું જરૂરી છે.

યુદ્ધવિરામના પડઘા સૌથી પહેલા ભારતના શેરબજાર પર પડયા હતા. ડામાડોળ થયેલા શેરબજારે યુદ્ધવિરામના પહેલા દિવસે મોટો કૂદકો મારીને સિંગલ-ડે ઉછાળો નોંધાવ્યો હતો. દિવસ દરમિયાનની આ તેજીને કારણે રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૧૬.૨ લાખ કરોડનો વધારો થયો હતો, જે માર્કેટ કેપિટલાઇઝેશનમાં એક દિવસનો સૌથી મોટો વધારો છે. બ્રોકર્સ અને વિશ્લેષકોના જણાવ્યા અનુસાર, બંને અગ્રણી સૂચકાંકોમાં પ્રારંભિક ઉછાળા પછી, યુએસ-ચીન વેપાર કરારના સમાચારથી બજારના સેન્ટિમેન્ટમાં વધારો થયો હતો. બુધવારના સત્રના અંતે, સેન્સેક્સ ૨,૯૪૬ પોઈન્ટ અથવા ૩.૯૫% વધીને ૭૭,૫૬૨ પોઈન્ટ પર હતો, જ્યારે નિફ્ટી ૮૭૩ પોઈન્ટ અથવા ૩.૭૮% વધીને ૨૩,૯૯૭ પોઈન્ટ પર બંધ થયો હતો.

બંધ સ્તરે, સેન્સેક્સ સાત મહિનાથી વધુની ઊંચી સપાટીએ હતો. દિવસની તેજીએ ભારતનું માર્કેટ કેપિટલાઈઝેશન વધારીને રૂ. ૪૪૫.૫૧ લાખ કરોડ કર્યું છે, જે ફરી એકવાર પાંચ ટ્રિલિયન ડોલર માર્કેટ કેપના આંકને વટાવી ગયું છે.આશા રાખીએ કે યુદ્ધવિરામ લાંબો ચાલે અને લોકોના હાશકારો કાયમ રહે.

**અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા હાલમાં ઈરાન ઉપર કોઈ હુમલા કરવામાં નહીં આવે. તેના વળતરરૂપે હોર્મુઝની ખાડીનો રસ્તો ખોલવામાં આવશે તેવું નક્કી કરવામાં આવ્યું છે. જહાજોની આવન-જાવન પહેલા જેવી જ સામાન્ય કરી દેવાની વાત કરાઈ છે. આ દિશામાં ઈરાને પણ કેટલીક શરતો મુકી છે. આ તમામ મુદ્દે 10 એપ્રિલે ચર્ચા થવાની છે : ભારતમાં સૌથી પહેલાં તો રાંધણગેસની અછત સર્જાવા લાગી. એલપીજીનો સ્ટોક ઓછો થઈ ગયો અને સપ્લાયમાં મુશ્કેલી થવા લાગી. દિલ્હીમાં રાંધણગેસ 900માં મળતો હતો તેના કાળાબજાર થવા લાગ્યા. તે ચાર ગણી કિંમતે 3600 રૂપિયા સુધી વેચાવા લાગ્યો. કોમર્શિયલ ગેસ પણ 5 થી 6 હજાર સુધી પહોંચી ગયો**

# ઈરાન યુદ્ધની ભારતીયોને અસર : ગેસની અછતથી વતન વાપસી સુધી

## અમેરિકા-ઈરાન વચ્ચે 38 દિવસ ચાલેલા યુદ્ધમાં હવે ૧૪ દિવસનો યુદ્ધવિરામ આવ્યો છે પણ તેનાથી ભારત અને ખાડી દેશોમાં વસતા ભારતીયો ઉપર વ્યાપક અસર પડી છે



અમેરિકા અને ઈરાન વચ્ચે ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ યુદ્ધના મંડાણ થયા હતા. અમેરિકા અને ઈઝરાયેલે ભેગા મળીને ઈરાન ઉપર હવાઈ હુમલા કર્યા હતા અને યુદ્ધની શરૂઆત થઈ હતી. તેને ઓપરેશન એપિક ફ્યૂરી નામ આપવામાં આવ્યું હતું. ત્યારબાદ સ્થિતિ એવી આવી કે ઈરાને હોર્મુઝની ખાડી બંધ કરી દીધી. તેના કારણે એશિયા અને યુરોપના દેશોનો ક્રૂડ અને ગેસને પુરવઠો ખોરવાઈ ગયો. બીજી તરફ ખાડી દેશો અને યુરોપના દેશોમાં જતા ભારતીય માલસામાન પણ અટવાઈ ગયા. હોર્મુઝની ખાડી બંધ થવાના કારણે દુનિયાભરમાં ક્રૂડ અને ગેસની અછત ઊભી થઈ. હવે ૩૮ દિવસ સુધી ચાલેલા આ યુદ્ધમાં ગઈકાલે અમેરિકા અને ઈરાને યુદ્ધવિરામની જાહેરાત કરી હતી. ૧૪ દિવસ જેટલા યુદ્ધ વિરામ બાદ દુનિયામાં તેની હકારાત્મક અસર જોવા મળી છે. હાલમાં યુદ્ધવિરામની જાહેરાત કરવામાં આવી છે. આમ જોવા જઈએ તો દુનિયા માટે સારા સમાચાર છે. ખાસ કરીને દુનિયાભરમાં ક્રૂડ અને ગેસની જે અછત ઊભી થઈ છે તેમાં રાહત મળે તેમ લાગી રહ્યું છે. જાણકારોના મતે આ યુદ્ધના કારણે ખાડી દેશોમાં વસતા ભારતીયો અને ભારતના પોતાના નાગરિકો ઉપર તેની વ્યાપક રીતે નકારાત્મક અસર પડી છે. ભારતમાં પેટ્રોલ, ડીઝલ અને ગેસની અછત વચ્ચે અનેક લોકોના બજેટ ખોરવાયા. ઘર ચલાવવાનું, નાના વેપાર રોજગાર ચલાવવાનું ભારે પડવા લાગ્યું, ઘણા શહેરો અને શહેરી વિસ્તારોમાં રહેતા શ્રમજીવીઓને ગેસના બાટલાની અછતને પગલે વતન તરફ વાપસી કરવી પડી. તેવી જ રીતે ખાડી દેશોમાં રહેનારા એનઆરઆઈ ભારતીયો, ત્યાં વસતા શ્રમજીવી ભારતીયોને પણ વતન પાછા આવવું પડયું. ઘણા દેશોમાં તો લોકોને વતન વાપસી કરવાનો અવસર ન મળ્યો અને બીજી તરફ ત્યાં ધંધા રોજગાર પણ બંધ થઈ ગયા જેના કારણે સ્થિતિ વધારે કફોડી થઈ હતી.

મહત્ત્વની વાત એ છે કે, અમેરિકા અને ઈરાન દ્વારા ૧૪ દિવસનો યુદ્ધ વિરામ જાહેર કરવામાં આવ્યો છે. અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા હાલમાં ઈરાન ઉપર કોઈ હુમલા કરવામાં નહીં આવે. તેના વળતરરૂપે હોર્મુઝની ખાડીનો રસ્તો ખોલવામાં આવશે તેવું નક્કી કરવામાં આવ્યું છે. જહાજોની આવન-જાવન પહેલા જેવી જ સામાન્ય કરી દેવાની વાત કરાઈ છે. આ દિશામાં ઈરાને પણ કેટલીક શરતો મુકી છે. આ તમામ મુદ્દે ૧૦ એપ્રિલે ચર્ચા થવાની છે. કથિત રીતે પાકિસ્તાન દ્વારા મધ્યસ્થી કરવામાં આવી છે અને ઈસ્લામાબાદ ખાતે બેઠક થવાની છે. બેઠકમાં શું નક્કી થશે તે તો આવનારો સમય જણાવે છે પણ ૩૮ દિવસ જે પસાર થયા છે તે ભારત સહિત દુનિયાભરના અનેક દેશો માટે ખૂબ જ કપરા સાબિત થયા હતા.

છેલ્લાં ૩૮ દિવસના લેખાજોખા જોવામાં આવે તો અમેરિકા અને ઈઝરાયેલા દ્વારા ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ ઈરાન ઉપર હુમલો કરવામાં આવ્યો અને યુદ્ધ શરૂ થયું. ત્યારબાદ ઈરાને વળતા જવાબ આપવાની સાથે સાથે રણનીતિક હુમલા પણ શરૂ કરી દીધા. તેણે સૌથી પહેલાં જ હોર્મુઝની ખાડી બંધ કરી દીધી. જે રસ્તે દુનિયાનું ૩૦ ટકા ક્રૂડ અને ગેસ આવનજાવન કરતા હતા તે દરિયાઈમાર્ગ જ બંધ કરી દીધો. તેના પગલે હજારો જહાજો ત્યાં અટવાઈ ગયા અને લાખો બેરલ ક્રૂડ ફસાઈ ગયું. તેના કારણે ક્રૂડની કિંમતો ૭૨ ડોલર પ્રતિ બેરલથી સીધી જ ૧૧૪ ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી ગઈ.

ક્રૂડ મોંઘુ થવાના કારણે અનેક દેશોમાં મોંઘવારી અધધ રીતે વધી ગઈ. ભારતમાં તો ક્રૂડની અછતના વાવડ ફેલાયા હતા પણ સ્થિતિ કાબુમાં આવી ગઈ હતી. બીજી તરફ બાંગ્લાદેશ, પાકિસ્તાન, ફિલિપાઈન્સ, વિયેતનામ, અમેરિકા, યુરોપના કેટલાક દેશોમાં પેટ્રોલના ભાવમાં વધારો થયો હતો. આ ઉપરાંત પશ્ચિમના ઘણા દેશો દ્વારા પેટ્રોલનું રેશનિંગના આધારે વેચાણ શરૂ કરવામાં આવ્યું હતું. ભારતમાં પણ ઘણી મુશ્કેલીઓ આવી હતી.

ભારતમાં સૌથી પહેલાં તો રાંધણગેસની અછત સર્જાવા લાગી. એલપીજીનો સ્ટોક ઓછો થઈ ગયો અને સપ્લાયમાં મુશ્કેલી થવા લાગી. દિલ્હીમાં રાંધણગેસ ૯૦૦માં મળતો હતો તેના કાળાબજાર થવા લાગ્યા. તે ચાર ગણી કિંમતે ૩૬૦૦ રૂપિયા સુધી વેચાવા લાગ્યો. કોમર્શિયલ ગેસ પણ ૫થી ૬ હજાર સુધી પહોંચી ગયો. બેંગ્લોર, પુણે, ચેન્નઈ જેવા વિસ્તારોમાં તો ગેસ ૭૦૦૦ થી ૯૦૦૦ સુધી વેચાવા લાગ્યો હતો. સરકારે તાકીદે પગલા ભર્યા. બ્લેકમાર્કેટ ઉપર લગામ લાગવવા તજવીજ હાથ ધરી. જો કે એલપીજી માટે લાઈનો લાગવા માંડી હતી.

સરકારે તાકીદે એસેન્શિયલ કોમોડિટી એક્ટ લાગુ કરવા પડયો. હોટેલ અને રેસ્ટોરાંના વ્યવસાઈઓ ફસાઈ ગયા. જેમની પાસે ગેસનો સ્ટોક હતો તેમણે કામ ચાલુ રાખ્યું બાકી રોજનું કામ કરતા લોકોએ કામ બંધ કરી દીધા. ઘણા રેસ્ટોરાંના મેન્યુ નાના થઈ ગયા હતા. ઈન્ડક્શન ચુલાઓની ખરીદીમાં એકાએક ૩૦ ટકા જેવો અધધ ઉછાળો જોવા મળ્યો હતો.

ભારતમાં પેટ્રોલ અને ડીઝલની પણ અછત સર્જાયાની અફવા ફેલાવા લાગી હતી. તેના કારણે ગુજરાતમાં ત્રણ ત્રણ દિવસો સુધી પેટ્રોલપંપો ઉપર હજારો લોકોની લાઈનો લાગી હતી. ભારતે કોઈપણ રીતે પેટ્રોલ અને ડીઝલના ભાવ કાબુ કરી લીધા હતા. તેમ છતાં ખાનગી કંપનીઓ દ્વારા પેટ્રોલ અને ડીઝલમાં પાંચથી દસ રૂપિયા સુધીનો વધારો ઝિંકવામાં આવ્યો હતો. બીજી તરફ એરલાઈન્સ કંપનીઓ દ્વારા ટિકિટના ભાવ વધારાયા હતા. એર ઈન્ડિયાએ ડોમેસ્ટિક ફ્લાઈટ ઉપર અને ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ ઉપર ૨૯૯ થી ૮૯૯ સુધીનો વધારો ઝિંકી દીધો છે.

ભારતમાં ખેતી અને ખાદ્ય પદાર્થો ઉપર પણ તેની વ્યાપક અસર જોવા મળી હતી. ભારતમાં ૪૦ ટકા યુરિયા અને ફોસ્ફેટ ધરાવતા ખાતર ખાડી દેશોમાંથી આવે છે. હોર્મુઝની ખાડી બંધ થતા તેનો સપ્લાય અટકી ગયો. તેના પગલે ભારતના ત્રણ મોટા યુરિયા પ્લાન્ટે પોતાની કામગીરી ધીમી પાડવી પડી. તેના કારણે ખેતરોમાં ખાતરોની અછત સર્જાવા લાગી. બીજી તરફ ઈરાનથી ૨૩ ટકા સફરજન અને ૩૯ ટકા બદામ આવતી હતી તે પણ અટકી ગયા. આ સિવાય ખાડી દેશોમાં મોકલવામાં આવતા કેળા કન્ટેનરોમાં જ ફસાઈ રહ્યા અને સડી ગયા. તે ઉપરાંત કોલકાતા અને કોચીમાં ચાનો જથ્થો ગોડાઉનોમાં પડયો રહ્યો છે. રૂપિયો પણ નબળો પડયો જેના કારણે જે દાળ વિદેશથી આયાત કરવામાં આવે છે તે ૧૫ ટકા મોંઘી થઈ ગઈ.

સૌથી મોટી અસર ગણીએ તો ખાડી દેશોમાં કામ કરતા અંદાજે ૯૦ લાખથી ૯૫ લાખ ભારતીયો અટવાઈ ગયા હતા. તેઓ દર વર્ષે અંદાજે ૫૦ અબજ ડોલરથી વધારે રકમ ભારત મોકાલવે છે.

આ પૈસાથી કરોડો ભારતીય પરિવારોનું ગુજરાન ચાલે છે, બાળકોની ફી ભરાય છે, વૃદ્ધોની સારવાર થાય છે અને ઘરના હપતા ભરાય છે, જે ડખે ચડયા. માર્ચમાં જ અંદાજે ૨.૭૦ લાખ ભારતીયો વતન પરત ફરી ગયા હતા.

બીજી તરફ લાખો લોકો હજી પણ વતન પરત ફરવાની રાહ જોઈ રહ્યા છે. કેરળ ઉપર તેની સૌથી વધારે અસર જોવા મળી છે. રાજ્યની ઈકોનોમીનો મોટો ભાગ ખાડી દેશોમાં વસતા ભારતીયો તરફથી આવતો હતો. તેની રેમિટન્સમાં મોટો તફાવત આવી ગયો. બીજા રાજ્યોમાં પણ વસતા મૂળ શ્રમજીવી પરિવારો ઉપર તેની અસર જોવા મળી છે.

મહત્ત્વની વાત એ છે કે, તાજેતરમાં જ ઈરાન અને અમેરિકા વચ્ચે સીઝફાયર થયું છે. ઈરાને જાહેરાત કરી છે કે, તમામ જહાજો હોર્મુઝની ખાડીના રસ્તે અવરજવર કરી શકે છે. તેના માટે તાત્કાલિક સમન્વય કાર્યક્રમ શરૂ કરાયો છે.

જાણકારો માને છે કે, રસ્તો સંપૂર્ણ રીતે ખોલાયો નથી. તેમ છતાં જે કામગીરી કરાઈ છે તેનાથી દુનિયાને ઘણી રાહત મળે તેમ છે. એક વખત ટેન્કરો આ રસ્તે આવવા-જવા લાગે એટલે સપ્લાય ચેઈન ફરી જોડાઈ શકે છે. કદાચ આ યુદ્ધ વિરામ દરમિયાન ચર્ચા થાય અને તેમાં કોઈ હકારાત્મક નિર્ણય લેવાય અને યુદ્ધ પૂરું જાહેર કરાય તો પણ બજાર ઉપર તેની અસર દેખાતા મહિનાઓ લાગશે.

ક્રૂડ બજારને જ સામાન્ય થતા ઘણા મહિના લાગશે. બંદરો ઉપર રહેલા ટેન્કરોથી ભરેલા જહાજો અને ખાદ્ય પદાર્થોના કન્ટેનરોથી ભરેલા જહાજોની અવરજવર શરૂ કરાવવી પડશે. વીમા કંપનીઓએ ફરીથી વીમા કવચ આપવા પડશે. તેના દ્વારા શિપિંગ કોસ્ટ ઘટશે.

એલપીજીનો સપ્લાય પણ સામાન્ય થવામાં ઘણો વખત લાગશે. તે સિવાય ક્રૂડની કિંમતો ઘટશે તો પેટ્રોલ અને ડીઝલના ભાવ અને સપ્લાય કાબુમાં આવશે. ક્રૂડની કિંમતો ૮૦ ડોલર સુધી આવી જાય તેવું દેખાઈ રહ્યું છે. યુદ્ધ બંધ કરવાની જાહેરાત હજી થઈ નથી. તેવી જ રીતે ખાડી દેશોમાં રહેતા ભારતીયોને પણ કામ મળતું થઈ જશે કે નોકરીઓ ફરતી ચાલુ થઈ જશે તો રાહત થશે.

બીજી તરફ ચિંતા એવી પણ છે કે, યુદ્ધ વિરામ વહેલો પુરો થઈ જશે. ઈઝરાયેલ હુમલા કર્યા વગર રહી શકશે નહીં અને ઈરાનની શરતો અમેરિકાને આકરી પડશે. ઈરાન ઈચ્છે છે કે, તેને નુકસાનનું આર્થિક વળતર આપવામાં આવે. તે ઉપરાંત યૂરેનિયમ રાખવાની મંજૂરી આપવામાં આવે. અમેરિકા અને ઈઝરાયેલ સરળતાથી આ બધી શરતો માને તેમ લાગતું નથી.

હોર્મુઝની ખાડી હાલ ખુલી છે તે ભારત અને એશિયાના અન્ય દેશો માટે સારા જ સમાચાર છે. એલપીજીની અછત ઓછી થશે અને ક્રૂડના ભાવ કાબુમાં આવતા પેટ્રોલ અને ડીઝલના ભાવ પણ ઘટે તેવી શક્યતા જોવાઈ રહી છે. એક વાત સ્પષ્ટ છે કે, છેલ્લાં ૩૮ દિવસમાં ભારત સહિત દુનિયાભરના દેશોનો જે મુશ્કેલી પડી તે કોઈ વળતરથી ચુકતે થાય તેમ નથી.

# બાંગ્લાદેશના વિદેશ મંત્રીની ભારત સાથે ડિપ્લોમસી



છેલ્લા વર્ષે ભારત અને બાંગ્લાદેશના સંબંધો તણાવની ચરમસીમાએ હતા. હવે બાંગ્લાદેશ ભારત સાથે સંબંધ સુધારવા માટે પ્રયત્ન કરે છે. આ માટે બાંગ્લાદેશના વિદેશમંત્રી ખલીલુર રહેમાન પોતાના પહેલા વિદેશ પ્રવાસે ભારત આવ્યા હતા અને ટોચના નેતાઓને મળ્યા હતા. તેઓ ભારતના વિદેશમંત્રી એસ જયશંકર તેમજ નેશનલ સિક્યુરીટી એડવાઈઝર (એનએસએસ) અજીત ડોભાલને પણ મળ્યા હતા. જયશંકર સાથેની મીટીંગમાં બાંગ્લાદેશના ભૂતપૂર્વ વડાપ્રધાન શેખ હસીના અને ભૂતપૂર્વ ગૃહમંત્રી અસદુજ્જમા ખાન કમાલના પ્રત્યાર્પણ વિશે વાત કરી હતી. જોકે ભારતે આ બાબતે કોઈ પ્રતિક્રિયા આપી નહોતી. રહેમાનએ કહ્યું હતું કે, વડાપ્રધાન તારીક રહેમાનના નેતૃત્વમાં ત્યાંની સરકાર 'બાંગ્લાદેશ પ્રથમ'ના સિદ્ધાંત પર વિદેશનીતિ નક્કી કરશે. વિદ્યાર્થી નેતા શરીફ ઉસમાન હાદીની હત્યાના આરોપીઓને પકડવા માટે એમણે ભારત સરકારનો આભાર માન્યો હતો. કોંગ્રેસના પ્રવક્તા પવન ખેડાએ આસામના મુખ્યમંત્રી હિમંત બિશ્વા સરમાના પત્ની વિશે કરેલા નિવેદન પછી એમની સામે એફઆઈઆર દાખલ થવાથી ખેડા હૈદરાબાદ જઈને અંડરગ્રાઉન્ડ થઈ ગયા છે. તેલંગાણામાં કોંગ્રેસ સરકાર હોવાથી હમણા તેઓ સલામત છે. જોકે આસામ પોલીસ સીવીલિયન ડ્રેસમાં એમની તપાસ માટે હૈદરાબાદ પણ પહોંચી હતી. વધતા દબાણને કારણે ખેડાએ તેલંગાણા હાઈકોર્ટમાં આગોતરા જામીન અરજી મૂકી છે. ખેડા સામે આસામ પોલીસે કાવતરૂ, બદનક્ષી અને ફોજદારી ષડયંત્ર રચવાનો આરોપ મૂક્યો છે. ખેડાએ એક વિડિયો બનાવીને જાહેર કર્યો છે જેમાં તેઓ કહે છે કે, તેઓ કોઈપણ સંજોગોમાં આસામ પોલીસથી ડરવાના નથી. કોંગ્રેસના સૂત્રો જણાવે છે કે, આખા કિસ્સામાં રાહુલ ગાંધી રસ લઈ રહ્યા છે અને તેલંગાણાના મુખ્યમંત્રીને એમણે સૂચના આપી છે કે પવન ખેડાને કોઈ તકલીફ થવી જોઈએ નહીં.

ઈરાન અને અમેરિકા વચ્ચે યુદ્ધવિરામની જાહેરાત પછી ઈઝરાયલના મીડિયાએ નારાજગી દર્શાવી છે. ઈઝરાયલના મીડિયાનું કહેવું છે કે આ યુદ્ધમાં કોઈ લક્ષ્ય પૂરુ થયું નથી. ઈઝરાયલી મીડિયાનું માનવું હતું કે, યુદ્ધવિરામ માટે ચાલી રહેલી વાતચીત નિષ્ફળ જશે. યુદ્ધ વકરી જશે એવી પણ જમણેરી ટીકાકારોને અપેક્ષા હતી. ઈઝરાયલના વડાપ્રધાન નેતન્યાહુએ સોશ્યલ મીડિયા પર લખેલી અંગ્રેજી પોસ્ટમાં કહ્યું હતું કે, '૧૫ દિવસ માટે યુદ્ધ રોકવાના ટ્રમ્પના નિર્ણયને તેઓ ટેકો આપે છે.' જોકે કેટલાક પત્રકારોએ લખ્યું હતું કે, ઈઝરાયલની સરકારને ટ્રમ્પે છેલ્લી ઘડીએ યુદ્ધવિરામની માહિતી આપી હતી. ઈઝરાયલની ટીવી ચેનલો તેમજ અખબારો યુદ્ધ ચાલુ રાખવાની તરફેણમાં હતા. એમનું માનવું છે કે, યુદ્ધવિરામને કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે ઈઝરાયલની ઈમેજ નબળી પડી છે.

અમેરિકા-ઈરાન વચ્ચેના યુદ્ધવિરામ માટે પશ્ચિમના કેટલાક દેશો પાકિસ્તાનની ભૂમિકાના વખાણ કરે છે. કેટલાક દેશોએ પાકિસ્તાનની કૂટનીતિને સફળ ગણાવી છે. જોકે પાકિસ્તાનના આ વખાણ કામચલાઉ છે અને એની કોઈ દુરોગામી અસર નહીં થાય. ભારતના જાણકારોનું કહેવું છે કે યુદ્ધ વિરામમાં પાકિસ્તાનની ભૂમિકા ફક્ત સંદેશાની આપલે પૂરતી જ સીમિત રહી હતી. યુદ્ધ વિરામનો મુસદ્દો તૈયાર કરવામાં પાકિસ્તાનની કોઈ ભૂમિકા હતી નહીં. ભૂતપૂર્વ વિદેશ સચીવ નિરૂપમા રાવએ સોશ્યલ મીડિયા એક્સ પર લખ્યું હતું કે, યુદ્ધ રોકવામાં પાકિસ્તાનની ભૂમિકા એક આર્કિટેક્ટ જેવી નહીં, પરંતુ માધ્યમ જેવી રહી હતી. બંને દેશો પણ યુદ્ધ લંબાવવા માંગતા નહોતા. પારંપારીક રીતે પાકિસ્તાનને મીડિએટર ગણી શકાય નહીં.

અસદુદ્દીન ઔવેસીના પક્ષ એઆઈએમઆઈએમના ઉત્તર પ્રદેશ પ્રમુખ હાજી શૌકત અલીએ એક જાહેર કાર્યક્રમમાં ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના વખાણ કર્યા હતા. ઘણાને નવાઈ લાગી કે કટ્ટર ઈસ્લામીસ્ટ પક્ષના નેતાએ હિન્દુવાદી ગણાતા યોગી આદિત્યનાથના વખાણ કેમ કર્યા. કેટલાક રાજકીય નીરિક્ષકો ઘણા સમયથી કહી રહ્યા છે કે ભાજપ મુસ્લિમ મતોના વિભાજન માટે એઆઈએમઆઈએમનો ઉપયોગ કરે છે. શૌકત અલીએ કહ્યું હતું કે, યોગી આદિત્યનાથ સારા માણસ છે અને સંત છે. એમના સલાહકારો એમને ગેરમાર્ગે દોરે છે. જોકે શૌકત અલીએ મુખ્યમંત્રીની ભાષા એક ખાસ વર્ગને ધમકાવતી હોવાને કારણે ટીકા કરી હતી. શૌકત અલીએ કેબિનેટ મંત્રી ઓમ પ્રકાશ રાજભર પર ઘણા આક્ષેપો કર્યા હતા. એમણે કહ્યું હતું કે, સાલાર મસુદ ગાઝી અને સુહેલ દેવ રાજભરનો ઈતિહાસ ઓમ પ્રકાશ રાજભરની ઓફિસમાં લખવામાં આવે છે અને આ ઈતિહાસ યોગી આદિત્યનાથને પહોંચાડવામાં આવે છે. અમેરિકા અને ઈઝરાયલ સાથે ચાલેલું ૪૦ દિવસનું યુદ્ધ અટકાવ્યા પછી ઈરાને ભારત અને ભારતીઓના વખાણ કર્યા હતા. યુદ્ધ દરમિયાન ભારતે લીધેલા સ્ટેન્ડથી ઈરાન ખુબ ખુશ છે. ઈરાનના સુપ્રિમ લિડરના પ્રતિનિધિ તરીકે ભારતમાં ડો. અબ્દુલ મજીદ હકીમ ઈલાહી છે. એમણે કહ્યું હતું કે, છેલ્લા થોડા દિવસોમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઈરાનના રાષ્ટ્રપતિ મસુદ પેજેશકીયાન વચ્ચે ત્રણ વખત વાતચીત થઈ છે. અબ્દુલ મજીદ હકીમ ઈલાહીએ યુદ્ધ દરમિયાન ઈરાન પ્રત્યે ભારતીયોના રોલના ખૂબ વખાણ કર્યા છે. એમના કહેવા પ્રમાણે ઈરાનમાં રહેતા ભારતીયો એમની પ્રાથમીકતા છે. એમણે કહ્યું હતું કે, 'ભારતમાં અમારા ભાઈઓ અને બહેનોનુ વર્ણન હું કરી શકું એમ નથી. મને જ્યારે પણ એમની યાદ આવે છે ત્યારે રડવું આવી જાય છે. ભારતીઓ શાનદાર છે. અસાધારણ છે.' સુપ્રિમ કોર્ટે એક વકીલની જામીન અરજી પર સુનાવણી કરવાનો ઈન્કાર કર્યો હતો. આ વકીલે છૂટાછેડાના એક કેસમાં એમની તરફ ચુકાદો મેળવવા માટે ૩૦ લાખ રૂપિયાની લાંચ માંગી હતી. કોર્ટે કહ્યું હતું કે, વકીલ કોર્ટને વેચી રહ્યા હતા. જ્યારે બેન્ચે અરજી સાંભળવાનો ઈન્કાર કર્યો ત્યારે અરજી કરનારના વકીલે અરજી પરત ખેંચી લીધી હતી. જસ્ટીસ વિક્રમનાથ અને જસ્ટીસ સંદીપ મહેતાની બેન્ચે અરજી કરનારના વકીલને કહ્યું હતું કે, 'અરજી કરનારે એક ન્યાયાધીશને ખુલ્લા બજારમાં વેચવાની કોશિષ કરી હતી.' અરજી કરનારે પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના હુકમને ચેલેન્જ કર્યો હતો જેમાં અરજી કરનારને જામીન આપવાનો ઈન્કાર કરવામાં આવ્યો હતો. સુનાવણી વખતે અરજી કરનારના વકીલે દલીલ કરી હતી.

# હસતું મન અને હસતું હૃદય એ જ સાચી સંપતિ, એના પર ઈન્કમટેક્સ વાળાની રેડ ક્યારેય નથી પડતી



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ વાતાવરણ જામી રહ્યું છે ત્યારે ભાજપ,કોંગ્રેસ,આમ આદમી પાર્ટી,અપક્ષ ઉમેદવારો પોતાના આકાના આદેશ પ્રમાણે ફોર્મ ભરી દેશે પછી કોનું રહે છે કોનું ખેંચાય છે એ ચાલ્યા બાદ ચૂંટણી અને પરિણામ.આજે આપણે ચિંતનાત્મક લેખમાં ઉતર્યો અમલદાર કોડીનો એ વિશે થોડું ચિંતન કરી ભગવદ્ ગીતાનું મંથન કરીએ તો તાજેતરમાં નિવૃત્ત થયેલા એક ઉચ્ચઅધિકારી,હાઉસિંગ સોસાયટીમાં રહેવા આવ્યા. શરૂઆતમાં,તેઓ દરરોજ સાંજે પાર્કમાં ફરવા જતા પરંતુ તેઓ બીજાઓથી અંતર રાખતા અને કોઈની સાથે કોઈ મહત્વપૂર્ણ વાતચીત કરતા નહીં.તેમના વર્તનમાં એકાંત અને એકાંતની એક અલગ ભાવના પ્રતિબિંબિત થતી.એક દિવસ,તે એક વૃદ્ધ માણસની બાજુમાં બેઠા.ધીમે ધીમે,આ રોજિંદી દિનચર્યા બની ગઈ.તેમની વાતચીત દરમિયાન, તે ઘણીવાર તેમના ભૂતપૂર્વ પદ, સત્તા અને સિદ્ધિઓનો ઉલ્લેખ કરતા-ટિપ્પણી કરતા,'હું આટલો ઉચ્ચ હોદ્દો ધરાવતો હતો,' અથવા 'મારા સમયમાં, વસ્તુઓ આવી જ હતી.'વગેરે.વૃદ્ધ માણસ શાંત મનથી તેમની વાતો સાંભળતા. થોડા દિવસો પછી,જ્યારે આખરે તેમનામાં જિજ્ઞાસાજાગી ત્યારે વૃદ્ધ માણસ ખૂબ જ સરળ અને નમ્ર શબ્દોમાં બોલ્યો 'નિવૃત્તિ પછી,આપણે બધા ' ઓલવાયેલા દીવા જેવા'બની જઈએ છીએ. આપણી સેવાના વર્ષો દરમિયાન આપણે ગમે તેટલા ઉચ્ચ પદ પર રહીએ, અથવા આપણે કેટલા તેજસ્વી રીતે ચમક્યા હોઈએ-તે મહત્વ ફક્ત તે ચોક્કસ સમય માટે જ સાચું રહે છે. પરંતુ તે પછી, આપણી સાચી ઓળખઆપણા આચરણ,આપણી નમ્રતા અને સમાજ સાથેના આપણાજોડાણ દ્વારા પ્રસ્થાપિત થાય છે.'

તેમણે આગળ કહ્યું:'હું ઘણા વર્ષોથી અહીં રહું છું, છતાં મને ક્યારેય મારા વિશે વાત કરવાની જરૂર લાગી નથી.આ રહેણાંક સંકુલમાં ઘણા લોકો છે જેમણે પોતપોતાના ક્ષેત્રોમાં ઉચ્ચ હોદ્દા પર સેવા આપી છે; જો કે, તેઓ તેમના ભૂતકાળના પદવીઓ કરતાં તેમના વર્તન માટે વધુ ઓળખાય છે.'

વૃદ્ધ માણસના શબ્દોમાં ઊંડી ઊંડાણ હતી,પણ કડવાશનો કોઈ અંશ નહોતો.તેમણે સમજાવ્યું,'જીવનમાં સેવા અને પદ સંભાળવાનો એક સમયહોય છે,અને સમાજ સાથે સુમેળમાં રહેવાનો પણ એક સમય હોય છે.જો આપણે સમય પસાર થાય તેમ આપણા દ્રષ્ટિકોણને અનુકૂલિત કરીએ,તો જીવનઘણું સરળ અને વધુ શાંત બને છે.'

સ્મિત સાથે,તેમણે સમાપન કર્યું, 'જ્યાં સુધી આપણે સક્રિય રહી એ છીએ,ત્યાં સુધી આપણે સમાજ અને આપણી આસપાસ ના લોકો સાથે જોડાયેલા રહીએ તમારા અનુભવો શેર કરો,બીજા ઓની સેવા કરો અને યુવા પેઢીને યોગ્ય દિશામાં માર્ગદર્શન આપો. આ એકમાત્ર પ્રકાશ છે જે ક્યારેય'ઓલવાતો નથી'.'આ શબ્દો સાંભળીને,નિવૃત્ત અધિકારીની માનસિકતા બદલાવા લાગી. તેમણે લોકો સાથે ભળવાનું,પોતાના અનુભવો શેર કરવાનું અને સમાજ સાથે એક નવું બંધન બનાવવાનું શરૂ કર્યું.

પુરુષ કરતાં સ્ત્રીનીસિદ્ધિ સુલભ છે.ઘરમાં રહીને ઘરના પ્રત્યેક જીવને ઈશ્વરરૂપે માની સેવા કરે તો પ્રભુની પ્રસન્નતા વહેલીપામશે પૈસો કમાતાં પુરુષ જે કાંઈ પાપ કરે તેમાં સ્ત્રીનો ભાગ નથી હોતો પણ જે સ્ત્રી પતિને પરમાત્મા ગણી તેની સેવા કરે છે તેને પતિ ના પુણ્યમાં ભાગ મળેછે સ્ત્રીધર્મ શ્રેષ્ઠ છે. સ્ત્રી પોતાનાં બાળકોને ધર્મનું શિક્ષણ આપે એ જ મોટા માં મોટી સેવા છે.પતિની સેવાથી ચિત્તશુદ્ધિ અને ચિત્તશુદ્ધિથી પરમાત્માની પ્રાપ્તિ થાય છે. શ્રીકૃષ્ણ ગોપીઓની આકરી કસોટી કરે છે.કઈ કઈ રીતે તેમને ચકાસી જુએ છે,પણ ગોપીઓ સર્વથા સર્વભાવ શ્રીકૃષ્ણમય થઈ ચૂકી છે.પરદેશ ગયેલા પતિ ના વિરહમાં તેની છબી સામે બેસી તેનું જ ચિંતન કરતીપત્ની, પતિ પોતે આવીને બારણું ઠોકે તો શું કરશે?છબીને છોડી એ તરત પ્રત્યક્ષ પતિની સેવામાં ખડી થઈ જશે,તેવી રીતે ગોપી ઓ કહે છે કે,ઘરના પતિઓ કાગળની છબી જેવા છે. પરમાત્મા મળ્યા પછી લૌકિક પતિએ ચિત્ર જેવો છે. તેથી હવે કોઈની સામે જોવા ઈચ્છતા નથી આપ ઈશ્વર મળ્યા, જીવ ઉપર નિઃસ્વાર્થ પ્રેમ કરનાર સાચા પતિ મળ્યા. તે પછી લૌકિક પતિની સેવા કરવાની હોય નહીં.તમારાં દર્શન થયા પછી લૌકિક પતિમાં શું ભાવના રાખવી!તે શું કામની! પરમાત્મા પ્રત્યક્ષ જેને ન દેખાય તો પતિમાં પરમાત્માની ભાવના રાખે, ઈશ્વર પ્રત્યક્ષ દેખાય પછી તેને કોઈ વસ્તુમાં ઈશ્વર ભાવના કરવાની હોય નહીં. ભાવના એ સંયોગમાં કરવાની હોતી નથી, ભાવના વિયોગમાં થાય.

ગોપીઓ કહે છેકે,નાથ,અમે સર્વ નો ત્યાગ એટલે કે સ્ત્રીત્ત્વનોપણ ત્યાગ કરીને આવીએ છીએ જે સ્ત્રી નથી,જે પુરુષ નથી.જે શુદ્ધ ચેતન આત્મા છેતેને સ્ત્રીધર્મ શું? પુરુષધર્મ શું?જે સ્ત્રી હોય તે સ્ત્રીધર્મનું પાલન કરે.અમે તો શુદ્ધ ચેતનાત્મા છીએ પરમાત્મા ન મળે ત્યાંસુધી ધર્મ પાળવાનો, પણ તમે તો અમને મળેલા છો. આપ પ્રત્યક્ષ પરમાત્મા મળ્યા. સાચા પતિ મળ્યા.હવે સ્ત્રીધર્મ પાળવાની જરૂર નથી કે હવે ઈતરમાં ભાવના કરવાની રહી નથી.આપનાં દર્શન થયાં ન હતાં ત્યાં સુધી બીજામાં અમે તમારી ભાવના કરતાં હતાં.હવે તમને છોડીને ધર્મને વળગવા ક્યાં જઈએ? તમે સાધ્ય છો,ધર્મ તો સાધન છે.અમે સ્વ-ધર્મનું પાલન કર્યું એટલે તો તમારો સાક્ષાત્કાર થયો છે. ભગવાન કહે છે કે,જો હું તમારો સાચો પતિ હોઉં તો મારું કહ્યું તમારે માનવું પડે ને?હું તમને કહું છુંકે તમે ઘરે જઈ તમારા પતિની સેવા કરો! ગોપીઓ કહે છે કે,આપ કહો તો અમે ઘરે જવા તૈયાર છીએ, પરંતુ લૌકિક પતિની સેવા કરવા માટે મનની તો જરૂર પડને ને? તે તો આપે ચોરી લીધુંછે.તોઅમારું મન અમને પાછું આપો તો ઘરે જઈએ અને આપ કહો છો તેમ લૌકિક પતિની સેવા કરીએ.જે પોતાનું મન ઈશ્વરને આપે છે તેનું મન ઈશ્વરમાં મળી જાય છે. ઈશ્વર પણ તે મન પાછું આપી શકતા નથી.સાકર દૂધમાં ભળી ગયા પછી અલગ કરી શકાતી નથી,તેવી જ રીતે જેનું મન શ્રી કૃષ્ણનું ચિંતન કરે છે તેનું ચિત્ત શ્રીકૃષ્ણમાં લીન થઈ જાય છે. પછી તે મનને ઈશ્વરથી અલગ કરી શકાતું નથી.તે મન ઈશ્વરથી અલગ રહી શકતું નથી.ભગવાન કહે છે, તમારું મન મારામાં ક્યાં મળી ગયું છે તેનો પત્તો મને પણ નથી.

## ઓલ ઈન્ડિયા પોલીસ ડ્યુટી મીટ (AIPDM) મહારાષ્ટ્રના નાગપુરમાં યોજાઈ હતી

# 16 વર્ષ પછી ગુજરાત પોલીસ ડોગ 'ચેક' રાષ્ટ્રીય પોલીસ ડ્યુટી મીટમાં ગોલ્ડ મેડલ જીત્યો

## રાજ્ય પોલીસ વડા ડૉ. કે.એલ.એન.રાવે પોલીસ ડોગ 'ચેક', ડોગ હેન્ડલર રમેશ ખાંટને મેડલથી સન્માનિત કર્યા




**ગાંધીનગર, તા.10**

ગુજરાત પોલીસનાં 'ચેક' નામના નર ડૉગે રાષ્ટ્રિય કક્ષાની સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીતી ગુજરાત પોલીસનું ગૌરવ વધાર્યુ છે.

તાજેતરમાં મહારાષ્ટ્રનાં નાગપુર ખાતે યોજાયેલી 69મી ઓલ ઈન્ડિયા પોલીસ ડ્યુટી મીટ ચેમ્પિયનશિપ 2025-26માં બે અલગ-અલગ કેટેગરીમાં ગુજરાત પોલીસનાં ચેક ડોગે ગોલ્ડ અને બ્રોન્ઝ મેડલ જીત્યા હતા અને રાજ્ય પોલીસને ગૌરવ અપાવ્યું હતું.

માર્ચ-એપ્રિલ 2026 દરમિયાન નાગપુરમાં યોજાયેલી આ 69મી આવૃત્તિમાં દેશભરના પોલીસ K9 સ્ક્વોડ, ફોરેન્સિક નિષ્ણાતો અને પોલીસ કર્મચારીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં વિસ્ફોટક અને નાર્કોટિક્સ શોધ, ટ્રેકિંગ, એજિલિટી અને ઓબીડિયન્સ જેવી ક્ષમતાઓ ચકાસવામાં આવી હતી.

ગુજરાત પોલીસ માટે આ ગૌરવની ક્ષણ હતી, કારણ કે રાજ્યના પોલીસ ડોગે 16 વર્ષના અંતર પછી રાષ્ટ્રીય સ્તરની પોલીસ ડ્યુટી મીટમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.

રાજ્યના પોલીસ વડા (DGP) શ્રી કેએલએન રાવે ગાંધીનગર સ્થિત પોલીસ ભવનમાં પોલીસ ડોગ 'ચેક', તેના હેન્ડલર રમેશ ખાંટ અને પોલીસ ડોગ ટ્રેનિંગ કન્સલ્ટન્ટ કર્નલ ચંદનસિંહ રાઠોડને મળી આ નોંધપાત્ર સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા હતા.

ગુજરાત પોલીસના કુલ છ ડોગે ત્રણ અલગ-અલગ સ્પર્ધાત્મક કેટેગરીમાં ભાગ લીધો હતો, જેમાં દરેક કેટેગરી–ટ્રેકિંગ, વિસ્ફોટક શોધ અને નાર્કોટિક્સ શોધ–માં બે ડોગ સ્પર્ધા માટે ઉતર્યા હતા.

"ગુજરાત પોલીસનો 'ચેક' ડોગ ટ્રેકિંગ કેટેગરીમાં ગોલ્ડ મેડલ જીત્યો અને ઓવરઓલ ટ્રેકિંગ કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ પણ જીત્યો. આ સિદ્ધિ મેળવવા માટે અમે ભારે મહેનત કરી છે," એમ ગુજરાત પોલીસના ડોગ ટ્રેનિંગ કન્સલ્ટન્ટ ચંદનસિંહ રાઠોડએ જણાવ્યું હતું.

ટ્રેકિંગ કેટેગરીમાં વિવિધ રાજ્ય પોલીસ દળો અને પેરામિલિટરી યુનિટ્સના કુલ 45 ડોગ્સે ભાગ લીધો હતો, જેમાં ગુજરાત પોલીસના ડોગ 'ચેક'એ બાજી મારી હતી અને ગોલ્ડ જીત્યો હતો.

આ સમગ્ર ઈવેન્ટમાં વિવિધ રાજ્ય પોલીસ અને પેરામિલિટરી દળોના 200થી વધુ ડોગ્સે વિવિધ કેટેગરીમાં ભાગ લીધો હતો.

આ રાષ્ટ્રીય સ્પર્ધા પહેલાં ગુજરાત પોલીસએ વહેલી તકે તૈયારી શરૂ કરી હતી અને મેડલ મેળવવા માટે સતત પ્રયત્નો કર્યા હતા.

રાષ્ટ્રીય સ્પર્ધાની તૈયારી માટે થોડા મહિના પહેલાં ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ (ટ્રેનિંગ) ડૉ. નીરજા ગોટરુની સૂચના અને માર્ગદર્શન હેઠળ રાજ્ય સ્તરની પોલીસ ડોગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

પસંદ કરાયેલા ડોગને વિશેષ તાલીમ આપવામાં આવી, તેમને કડક ટ્રેનિંગ શેડ્યૂલ હેઠળ રાખવામાં આવ્યા અને યોગ્ય સંભાળ આપવામાં આવી હતી. કુલ નવ ડોગ્સને રાષ્ટ્રીય ચેમ્પિયનશિપ માટે પસંદ કરવામાં આવ્યા હતા, જેમાંથી છએ વિવિધ ઈવેન્ટ્સમાં ભાગ લીધો હતો.

રાજ્યના વિવિધ જિલ્લાઓમાં આશરે 160 પોલીસ ડોગ્સ કાર્યરત છે, જે વિસ્ફોટક શોધ, નાર્કોટિક્સ શોધ, ગુનાની તપાસ માટે ટ્રેકિંગ, અને દારૂ શોધ સહિત વિવિધ કામગીરી માટે પ્રશિક્ષિત છે.

# શ્રી રામાશ્રય પાંડે એ પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક તરીકે કાર્યભાર સંભાળ્યો

**ગાંધીનગર, તા.10**

ભારતીય રેલ એન્જિનિયર્સ સેવા (IRSE)ના 1990 બેચના વરિષ્ઠ અધિકારી શ્રી રામાશ્રય પાંડે એ શુક્રવાર, તા. 10 એપ્રિલ, 2026ના રોજ પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક તરીકે કાર્યભાર સંભાળ્યો છે. પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક તરીકેની તેમની નિમણૂક પહેલાં તેઓ પૂર્વ મધ્ય રેલવે, પટણા ખાતે મુખ્ય પ્રશાસનિક અધિકારી (નિર્માણ/દક્ષિણ) તરીકે કાર્યરત હતા.



તેમના ઉત્તમ કારકિર્દી દરમિયાન શ્રી પાંડે ઉત્તર પૂર્વ રેલવેના વારાણસી મંડળમાં મંડળ રેલ પ્રબંધક (DRM) તરીકે તેમજ ઉત્તર રેલવે, નવી દિલ્હીમાં મુખ્ય એન્જીનીયર તરીકે સેવા આપી ચૂક્યા છે. તેમણે ગોરખપુર અને સમસ્તીપુર ખાતે ઉપ મુખ્ય એન્જીનીયર તરીકે, રેલવે બોર્ડમાં સભ્ય એન્જિનિયરિંગના વિશેષ કાર્ય અધિકારી (OSD) તરીકે, રેલવે બોર્ડમાં નિદેશક સતર્કતા તરીકે તેમજ હાજીપુર ખાતે ઉપ મુખ્ય સતર્કતા અધિકારી તરીકે અનેક મહત્વપૂર્ણ હોદ્દાઓ સંભાળ્યા છે. તેઓ રેલ વિકાસ નિગમ લિમિટેડ (RVNL)માં ગ્રુપ જનરલ મેનેજર તરીકે પણ કાર્યરત રહ્યા હતા, જ્યાં તેમણે અનેક મહત્વપૂર્ણ આધારભૂત ઢાંચાકીય પ્રોજેક્ટ્સનું સફળ અમલીકરણ કર્યું હતું.

શ્રી પાંડે એ IIT Roorkeeમાંથી બી.ટેક. તથા IIT Delhiમાંથી એમ.ટેક.ની ડિગ્રી પ્રાપ્ત કરી છે, રેલવે ઓપરેશન તથા આધારભૂત ઢાંચા વ્યવસ્થાપન ક્ષેત્રોમાં તેમણે વ્યાપક આંતરરાષ્ટ્રીય પ્રશિક્ષણ પ્રાપ્ત કર્યું છે. તેમણે ઇટાલી ખાતે ટ્રેક રેકોર્ડિંગ, સિંગાપુર અને મલેશિયામાં એડવાન્સ્ડ મેનેજમેન્ટ પ્રોગ્રામ, સ્પેનમાં હાઈ-સ્પીડ ટ્રેન ઓપરેશન તેમજ તુર્કી અને નૉર્વેમાં ટનલ નિર્માણ તકનીકો અંગે પ્રશિક્ષણ પ્રાપ્ત કર્યું છે.

શ્રી પાંડે પાસે આધારભૂત ઢાંચાના નિર્માણ, વ્યવસ્થાપન અને પ્રશાસનનો વિશાળ અનુભવ છે. તેઓ અધિકારીઓ અને કર્મચારીઓમાં સમાન રીતે લોકપ્રિય છે અને પૂરો વિશ્વાસ છે કે તેમના ગતિશીલ નેતૃત્વ હેઠળ પશ્ચિમ રેલવે નવી સિદ્ધિઓ હાંસલ કરીને નવી ઊંચાઈઓ સર કરશે.

## મુન્દ્રા બન્યું ભારતનું સૌથી મોટું ઓટો એક્સપોર્ટ હબ

# અદાણી મુન્દ્રા પોર્ટે સર્જ્યો નેશનલ રેકોર્ડ: એક જ જહાજમાં 6,008 કારની નિકાસ

**ગાંધીનગર, તા.10**

અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (APSEZ) સંચાલિત વિવિધ સેવાઓમાં સતત નવા રેકોર્ડ્સ સર્જાઈ રહ્યા છે. તાજેતરમાં અદાણી પોર્ટ્સના મુન્દ્રા રો-રો ટર્મિનલે એક નવો રાષ્ટ્રીય રેકોર્ડ સ્થાપિત કર્યો છે. પોર્ટે MV NOCC ADRIATIC જહાજ પર એક જ શિપમેન્ટમાં 6,008 કારની નિકાસ કરીને ભારતમાં સૌથી વધુ કાર નિકાસનો રેકોર્ડ બનાવ્યો છે. આ સિદ્ધિ ભારતીય ઓટોમોબાઈલ ઉદ્યોગ માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન છે.

ગત નાણાકીય વર્ષ દરમિયાન મુન્દ્રા રો-રો ટર્મિનલે કુલ 2,29,000+ કારની નિકાસ કરીને દેશના ઓટોમોબાઈલ સેક્ટરમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. આ ટર્મિનલ ભારતીય ઓટોમોબાઈલ ઉદ્યોગ માટે મહત્વપૂર્ણ પરિબળ તરીકે ઉભરી આવ્યું છે. અદાણી પોર્ટ્સ મુન્દ્રા દ્વારા RORO સુવિધાના માધ્યમથી વાહનોની નિકાસ વિશ્વના 100થી વધુ દેશોમાં કરવામાં આવે છે.

મુન્દ્રા રો-રો ટર્મિનલના અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને અનુભવી ઓપરેશન ટીમના કારણે જહાજની અંદર વાહનોના વિશિષ્ટ પાર્કિંગ અને સમયસર પરિવહનની કાર્યક્ષમતા અસાધારણ છે. પોર્ટની ટીમની સખત મહેનત અને સમર્પણને કારણે જ આ રાષ્ટ્રીય સ્તરની



સિદ્ધિ હાંસલ થઈ છે.

2009માં સ્થાપિત મુન્દ્રા રો-રો ટર્મિનલ આજે દિલ્હી-એનસીઆર, રાજસ્થાન અને ગુજરાતમાં આવેલી અનેક ઓટોમોબાઈલ કંપનીઓ માટે મુખ્ય ગેટવે પોર્ટ તરીકે કાર્યરત છે. આ ટર્મિનલ રાઉન્ડ-ધ-ક્લોક સેવા આપે છે અને વિશ્વભરના વિવિધ દેશોમાં કાર, બસ તેમજ ટ્રકની નિકાસનું સંચાલન કરે છે.

આ ટર્મિનલ અનન્ય અલ્ટ્રા-મોર્ડન ફ્લોટિંગ પોન્ટૂન અને લિંક સ્પાનથી સુસજ્જ છે. આ વિશેષ વ્યવસ્થાને કારણે ટર્મિનલ રાઉન્ડ-ધ-ક્લોક (૨૪ કલાક) કાર્યરત રહી શકે છે અને સમુદ્ર ની ભરતી - ઓટ ની અસર વિના વાહનોનું લોડિંગ-અનલોડિંગ થઈ શકે છે. ટર્મિનલમાં બફર યાર્ડ, વાહનો માટે પાર્કિંગ વ્યવસ્થા તેમજ વાહનો ધોવા માટેની આધુનિક સુવિધા પણ ઉપલબ્ધ છે.

મલ્ટિમોડલ કનેક્ટિવિટી સાથે મુન્દ્રા બંદર ભારતના મુખ્ય આર્થિક પ્રવેશદ્વાર તરીકે ઓળખાય છે. તે દેશના ઉત્તરીય રાજ્યો અને અંતરિયાળ વિસ્તારોને આયાત-નિકાસની સુવિધાઓ પૂરી પાડે છે. અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધરાવતા આ બંદરમાં ગેસ, લિક્વિડ, કન્ટેનર, ડ્રાય કાર્ગો, સ્ટીલ કાર્ગો તેમજ કોલસાના આયાત-નિકાસની વ્યવસ્થા છે. મુન્દ્રા ભારતનું સૌથી મોટું વ્યાપારી બંદર છે જે ઝડપી કાર્ગો હેન્ડલિંગ અને ન્યૂનતમ ટર્નઅરાઉન્ડ સમય સાથે વિશ્વસ્તરીય સેવાઓ પ્રદાન કરે છે.

ગ્રાહકલક્ષી અભિગમ અને ઓપરેશનલ કાર્યક્ષમતામાં સતત સુધારા સાથે અદાણી પોર્ટ્સે અનેક નવા બેન્ચમાર્ક સ્થાપ્યા છે. APSEZની આ ઉપલબ્ધિઓ તેની ઝડપી ફેરફારોને અનુકૂળ થવાની ક્ષમતા અને ટકાઉ વૃદ્ધિ તરફની અડીગ પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

# બુલેટ ટ્રેન પ્રોજેક્ટ અંતર્ગત અમદાવાદ મંડળથી ચાલતી/ પસાર થતી ટ્રેનો પ્રભાવિત

**અમદાવાદ, તા.10**

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધાઓમાં વધારો તથા રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવવાના ઉદ્દેશ્યથી બુલેટ ટ્રેન પ્રોજેક્ટ અંતર્ગત ગેરતપુર-અમદાવાદ ખંડ પર પ્રીકાસ્ટેડ પોર્ટલ બીમ લોંચ માટે તા. 13 એપ્રિલ 2026ના રોજ સવારે 10:15 થી 13:45 વાગ્યા સુધી (03 કલાક 30 મિનિટ) ટ્રાફિક બ્લોક લેવામાં આવશે. જેના કારણે નિમ્નલિખિત ટ્રેનો પ્રભાવિત રહેશે. શોર્ટ ટર્મિનેશન / ઓરિજિનેશન ટ્રેનો ટ્રેન નંબર 20901 મુંબઈ સેન્ટ્રલ-ગાંધીનગર કેપિટલ વંદે ભારત એક્સપ્રેસને તા. 13.04.2026ના રોજ વટવા સ્ટેશન પર સમાપ્ત (શોર્ટ ટર્મિનેટ) કરવામાં આવશે અને વટવા-ગાંધીનગર કેપિટલ વચ્ચે રદ રહેશે. ટ્રેન નંબર 20902 ગાંધીનગર કેપિટલ-મુંબઈ સેન્ટ્રલ વંદે ભારત એક્સપ્રેસ તા. 13.04.2026ના રોજ વટવા સ્ટેશનથી શરૂ થશે અને ગાંધીનગર કેપિટલ-વટવા વચ્ચે રદ રહેશે. પુનર્નિર્ધારણ (Rescheduling) ટ્રેન નંબર 12009 મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ શતાબ્દી એક્સપ્રેસ તા. 13.04.2026ના રોજ મુંબઈ સેન્ટ્રલથી 1 કલાક 15 મિનિટ વિલંબ થી પ્રસ્થાન કરશે. રદ ટ્રેનો (Cancelled Trains) ટ્રેન નંબર 69102 વટવા-વડોદરા મેમુ તા. 13.04.2026ના રોજ રદ રહેશે. ટ્રેન નંબર 69115 વડોદરા-વટવા મેમુ તા. 13.04.2026ના રોજ રદ રહેશે. ટ્રેન નંબર 22959 વડોદરા-જામનગર ઈન્ટરસિટી તા. 12.04.2026ના રોજ રદ રહેશે.

ટ્રેન નંબર 22960 જામનગર-વડોદરા ઈન્ટરસિટી તા. 13.04.2026ના રોજ રદ રહેશે. આંશિક રદ (Partial Cancellation) ટ્રેન નંબર 19033 વલસાડ-અમદાવાદ ગુજરાત ક્વીન તા. 13.04.2026ના રોજ વડોદરા-અમદાવાદ વચ્ચે આંશિક રીતે રદ રહેશે. વિનિયમન (Regulation of Trains) ટ્રેન નંબર 19436 આસનસોલ-અમદાવાદ એક્સપ્રેસ તા. 13.04.2026ના રોજ વડોદરા મંડળમાં 2 કલાક 10 મિનિટ માટે રેગ્યુલેટ કરવામાં આવશે. ટ્રેન નંબર 12834 હાવડા-અમદાવાદ એક્સપ્રેસ તા. 13.04.2026ના રોજ વડોદરા મંડળમાં 2 કલાક 10 મિનિટ માટે રેગ્યુલેટ કરવામાં આવશે.

# મા રત્નાવલીનાં માતૃ શરીરમાં પંચ મહાભૂત ઉપરાંત બીજા પાંચ તત્વો પણ છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

માનસ રત્નાવલીનાં બીજા દિવસની કથામાં પ્રવેશતાં પૂજ્ય બાપુએ કહ્યું કે જેમ નદી સરોવરને ઘાટ હોય છે, એમ તુલસીનાં જીવનમાં સાત ઘાટ છે. તુલસીદાસજીનાં જીવનનો પહેલો ઘાટ હુલસી ઘાટ છે, કે જ્યાંથી ગોસ્વામીજીનું પ્રાગટ્ય થયું, દરેકનાં જીવનનો પ્રથમ ઘાટ માતા હોય છે. રામચરિત માનસમાં તુલસીદાસજીએ એનું સ્મરણ પણ કર્યું છે.

સંભુ પ્રસાદ સુમતિ હિય હુલસી,

રામ ચરિતમાનસ કવિ તુલસી.

સંદર્ભ ભલે જુદો હોય પણ હુલસી શબ્દ લખતી વખતે, તુલસીદાસજીને માતૃ સ્મરણ થયું હશે.

તુલસીદાસજીનાં જીવનનો બીજો ઘાટ રત્નાવલી ઘાટ છે, ઈતિહાસ શું કહે છે? એમાં આપણે નથી જવું, પરંતુ આધ્યાત્મની રીતે તુલસી અને રત્નાવલી બંને અભિન્ન સાધુ તત્વ છે. મહાભારતની દ્રૌપદી એ સાધુતા છે, અને દ્રૌપદીને પાંચ પતિ છે, તો સાધુની સાધુતાને પણ પાંચ પતિ હોય છે. આપણી પૌરાણિક કથાઓમાં સૌથી પહેલા કોઈએ વિષ પીધું હોય તો એ ભગવાન શંકર, ત્યારબાદ ઘણાં વર્ષો પછી પાશ્ચાત્ય જગતમાં સોક્રેટિસ, પછી રાજસ્થાનની મીરાંબાઈએ, અને પીતાં પીતાં જે ઝેર બચ્યું હતું એ સાધુઓને પીવું પડે છે, ક્યારેક નરસિંહ પીવે, ક્યારેક તુકારામ, આમ ઘણાં! સાધુતાનાં પહેલા પતિ ગણપતિ, સાધુનો વિનય વિવેક! વિનય વિવેક હોય તો જ ઝેર પી શકાય છે. સાધુતાનાં બીજા પતિ છે લક્ષ્મીપતિ,આ સાધુતામાં વૈરાગ્યનું એશ્વર્ય, સહજતાનું એશ્વર્ય, અને શરણાગતિનું એશ્વર્ય દેખાય છે. સાધુતાના ત્રીજા પતિ પાર્વતી પતિ વિશ્વાસ! જે ઘણી ભૂત વિશ્વાસનું પ્રતીક છે, એ ક્યારેય શિવ રુપી કલ્યાણની નિંદા નહીં કરે. સાધુતાનાં ચોથા પતિ સૂર્ય, અજવાળું, પ્રકાશ તેજસ્વીતાનાં દાતા છે. સાધુતાનાં પાંચમા પતિ સ્વામીની નાં રૂપમાં છે, એટલે કે ભગવતી પાર્વતી જેને ગોસ્વામીજી શ્રદ્ધાના રૂપમાં પ્રસ્તુત કરે છે. સાધુની શ્રદ્ધા ક્યારે અશ્રદ્ધા કે અંધશ્રદ્ધા નથી હોતી, અખંડ શ્રદ્ધાવાન હોય એ સાધુ. જેવી રીતે દ્રૌપદીનું પ્રાગટ્ય અગ્નિકુંડમાંથી થયું એમ સાધુનું પ્રાગટ્ય પણ અગ્નિમાંથી જ થાય છે!: દ્રૌપદી જેમ કોમાર્ય લઈને પ્રગટી હતી, એમ સાધુ પણ યુવાન હોય છે. દ્રૌપદીનું ચીર હરણ થયું સાધુતાનાં ચીર પણ ખેંચાતા રહે છે, દુઃસાશન વ્યક્તિ ન્હોય તો દૂષાસન વૃત્તિ હોય! દ્વેષ વૃત્તિનું નામ દુઃસાશન છે. દ્રૌપદીરૂપી સાધુતા અગ્નિકુંડ માંથી પ્રગટ થાય છે, અને હિંમકુંડમાં સમાહિત થાય છે.

રત્નાવલીમાં પણ સાધુતાનાં પાંચે પતિને પ્રતિપાદિત કરી શકાય છે, તુલસીદાસજીનાં જીવનનાં આગળનાં ઘાટ પર જતાં પહેલાં રત્નાવલી વિશે મારી પાસે ઘણું આવે છે, પરંતુ કાગળ પર લખાયેલું કહેવું, એનાં કરતાં કાળજામાં કોતરાયું છે, એ કહેવું વધુ યોગ્ય છે.

રત્નાવલીએ તુલસીને પંચ ભૌતિક કાયાનો મર્મ સમજાવી જાગૃત કરી દીધા! ચિત્રકૂટમાં તુલસીદાસજી હતાં, ત્યારે ઘણાએ રત્નાવલીને કહ્યું કે આપ એકવાર મળી આવો, પરંતુ એમણે એના માર્ગમાં વિઘ્ન આવે નહીં, એટલે મળવાનું ટાળ્યું. વ્યાસપીઠને રત્નાવલીમાં ઉર્મિલા માંડવી શ્રુતિકીર્તિનું ચિત્ર દેખાય છે!; વ્યાસપીઠની દ્રષ્ટિએ રત્નાવલી કંઈક વિશેષ છે અને એટલે જ તુલસીદાસજી ગોસ્વામી છે, જ્યારે રત્નાવલી તો જન્મથી જ ગોસાઈ એટલે કે જીતેન્દ્રિય છે. રત્નાવલી માતૃ શરીર પંચ ભૌતિક શરીરથી બનેલું તો છે જ, પરંતુ એના વિગ્રહમાં ગુરુકૃપાથી બીજા પાંચ તત્વો પણ દેખાય છે. પ્રથમ તત્વ, રત્નાવલીનાં શરીરમાં રૂપ, એ અતિ સુંદર હતા! તુલસીદાસજી આમ જ કંઈ વૈરાગી બન્યાં નથી. કથા મુજબ તુલસી એક સબને નૌકા સમજી, સર્પનું દોરડું પકડી રત્નાવલી સુધી પહોંચ્યા હતાં! આ રત્નાવલીનાં નૂરાની રૂપની એકાગ્રતામાં તલ્લીન થયેલાં તુલસીની સ્થિતિ શું હશે? એ જ બતાવે છે કે રત્નાવલી અત્યંત સુંદર સ્ત્રી હતાં. રૂપ હોવું એ કોઈ ખરાબ વાત નથી ઈશ્વરનું વરદાન છે, પરંતુ કોઈપણ રૂપની પ્રસ્તુતિ માટે 'કામ'ભાવને લાવવો જ પડે, એ સત્ય સ્વીકારવું રહ્યું. બીજું તત્વ છે શીલ, રૂપની સાથોસાથ શીલનું હોવું પણ અનિવાર્ય છે. રત્નાવલીમાં શીલ છે, શીલનું બળ ખૂબ જ છે. માનસમાં અહલ્યાનું પાત્ર જુઓ, અહલ્યાને પામવા ઈન્દ્રે ગૌતમનો વેશ ધર્યો તપસ્વીનો વેશ ધરીને આવ્યો, અહલ્યા છેતરાઈ ગઈ, એટલે ક્યાંક એ રૂપવતી અહલ્યાનું શીલ ચલિત થયું હશે, મારે એટલું જ કહેવું છે કે, જ્યારે શીલ ચલિત થાય, ત્યારે વ્યક્તિ શીલા એટલે કે જડ બની જાય છે. ત્રીજું તત્વ છે, સ્મરણ. રત્નાવલીમાં સ્મરણ ખૂબ જ છે, એને નિરંતર સ્મરણ કર્યું. ઘણાનો દાવો છે કે, તુલસીદાસજી વિશ્વમાં પ્રતિષ્ઠા પામી ગયાં, પરંતુ એમણે જીવનભર એક સ્ત્રીને અંધારામાં નાખી દીધી. મારો આત્મા આ વાતનો સ્વીકાર કરતો નથી, આપણે શું કામ બોલવું જોઈએ! રત્નાવલીને બોલવા દો! એને તુલસીનું સ્મરણ કર્યું, તું એટલે તુરિયાતીત રામ, લ એટલે લક્ષ્મણ, સી એટલે સીતા, તુલસીનો મતલબ છે, રામ લક્ષ્મણ સીતા. ચોથુ તત્વ છે સમર્પણ, બુદ્ધનાં જીવનની એક વાત યશોધરાએ તથાગત બુદ્ધને કહ્યું કે, આપ જે તત્વ શોધવાં નીકળ્યાં હતાં એ તત્વ શું મારાં ઓરડામાં નહોતું? આપ મારાં બાળકને અને મને છોડીને નીકળી ગયાં આપને જરા પણ કરુણા આવી નહીં ? અને દુનિયા આજે આપને કરુણા મૂર્તિ કહે છે, હું મારા આત્માને એ વાત કેવી રીતે સમજાવું? પરંતુ રત્નાવલીએ કોઈ એવી વાત ઉઠાવી હોય, એવું જાણવામાં આવ્યું નથી. તુલસી વૈરાગી બન્યા, અને રત્નાવલી ઘરમાં રહીને અનુરાગી બન્યા! અતિ વૈરાગ્યથી પણ પરમતત્વ પ્રાપ્ત થતું નથી, અને અતિ ભોગથી પણ પરમતત્વ પ્રાપ્ત થતું નથી, બહાનું હોય છે અધ્યાત્મ માર્ગનું! આ સ્ત્રી વહી, વહેતી રહી, જોગણ બની ગઈ. પાંચમું તત્વ છે સેવા, ઈતિહાસમાંથી પ્રમાણ મળે છે કે એમણે સમાજની ખૂબ જ સેવા કરી, અને 500 વર્ષ પહેલા પતીત દિન હીન મહિલાઓને ઉભી કરી હતી. મારા મનમાં એમના માટે અપાર ઈજ્જત છે, ત્રાજવાનું જે પલ્લુ ભારે હોય એ નીચે જાય છે, અને એ રીતે એક બાજુ તુલસીદાસજીને બીજી બાજુ રત્નાવલીને બેસાડવામાં આવે તો એમનું ચરિત્ર એટલું મહાન છે કે, એ નીચું રહ્યું પરંતુ એણે તુલસીનાં પલ્લાને ઊંચાઈ આપી દીધી.

તુલસીદાસજીનાં જીવનનો ત્રીજો ઘાટ છે નિષાદ ઘાટ, કે જ્યાં કેવટે ભગવાન રામના ચરણ પખાળ્યા હતાં અને ત્યારબાદ એ ઘાટનું નામ રામઘાટ પડ્યું. ચોથો ઘાટ છે ચિત્રકૂટ નો, જ્યાં વનવાસનો મોટા ભાગનો સમય પસાર થયો. પાંચમો ઘાટ જ્ઞાન ઘાટ છે, ગોદાવરીના તટ પર પંચવટીના પ્રાંગણમાં લક્ષ્મણજી ભગવાન રામને પાંચ પ્રશ્ન પૂછે છે, અને અહીં જાગૃતિ જન્મી હતી. છઠ્ઠો ઘાટ ગૌઘાટ છે જે અયોધ્યાનો રામરાજ્ય સ્થાપિત થયા પછીનો છે, આ ગૌઘાટ પર બધા કંઈક વિશેષ પામવા માટે જતાં હતાં. સાતમો ઘાટ શરણાગતિનો ઘાટ, જ્યાં તુલસીદાસજી સ્વયં બેઠા છે.

ભરત રૂપી સમુદ્રનું મંથન કર્યું તો એમાંથી ચૌદ રત્નો નીકળ્યાં! એની વિશે આપણે વાત કરી છે. મેં પણ રામચરિત માનસનું મંથન કરી કેટલાક નારી રત્ન તારવ્યા છે. પ્રથમ રત્ન ભગવતી પાર્વતી, બીજું રત્ન છે જલંધરની પત્ની વૃંદા. ત્રીજું રત્ન છે, મા કૌશલ્યા. ચોથુ રત્ન છે વિશ્વ મોહિની માયા રૂપ લક્ષ્મી. પાંચમું રત્ન છે તપસ્વીની અહલ્યા, અહલ્યા ન હોત તો રામને પતિત પાવન નું બિરુદ ન મળ્યું હોત. જાનકી ઉર્મિલા માંડવી શ્રુતકીર્તિ બધાં જ રત્ન છે. અયોધ્યા કાંડમાં ભગવતી સુનયના પણ એક રત્ન છે. અરણ્યકાંડમાં અનસૂયા અને ભક્તિ સ્વરૂપ આ શબરી. કિષ્કિંધા કાંડમાં સ્વાદ સાધ્વી સ્વયંપ્રભા, વાલીની ધર્મ પત્ની તારા. સુંદરકાંડમાં લંકીની, અને ત્રિજટા રત્ન છે. લંકા કાંડમાં મંદોદરી રત્ન છે, ઉત્તર કાંડમાં કામિહી પિયારી જીમી કહી અપ્રગટ રીતે રત્નાવલી રત્ન છે. કથાનાં ક્રમમાં યાજ્ઞવલ્જી ભરત સમક્ષ રામકથાનાં આરંભે પ્રથમ શિવ તત્ત્વની ચર્ચા કરી બીજા દિવસની કથા અને વિરામ આપ્યો.

# મુકુલ ચૌધરીએ કોલકાતાના હાથમાં આવેલો વિજય આંચકી લીધો

## આઈપીએલઃ લગભગ પરાજયના આરે આવી ગયેલી લખનૌની ટીમે છેલ્લા બોલે ટારગેટ વટાવ્યો, ત્રણ વિકેટે વિજય

કોલકાતા, તા.10

મૂળ રાજસ્થાનના અને ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)માં લખનૌ સુપર જાયન્ટ્સ માટે રમતાં મુકુલ ચૌધરીએ અત્યંત આક્રમક અને યાદાર ઈનિંગ્સ રમીને આ ટી20 ક્રિકેટ ટુર્નામેન્ટની 2026ની સિઝનમાં પોતાના વિજયનું ખાતું ખોલાવવાની નજીક પહોંચી ગયેલા કોલકાતા નાઈટ રાઈડર્સના હાથમાં આવેલો વિજય ગુરુવારે આંચકી લીધો હતો. તેણે મેચના છેલ્લા બોલે લખનૌ સુપર જાયન્ટ્સને ત્રણ વિકેટથી વિજય અપાવ્યો હતો. મેચ અત્યંત રોમાંચક બની હતી કેમ કે એક સમયે 16મી ઓવરમાં 126 રનના સ્કોર સાત વિકેટ ગુમાવી ચૂકેલી લખનૌની ટીમ માટે મુકુલે જોરદાર લડત આપીને સાત સિક્સર સાથે અણનમ 54 રન ફટકાર્યા હતા. જોકે મુકુલ સિવાય બંને ટીમના બોલર્સે આ મેચમાં કમાલ કરી હતી. લખનૌના બોલર્સે મિડલ ઓવર્સમાં ચુસ્ત બોલિંગ કરીને કોલકાતાને 20 ઓવરમાં ચાર વિકેટે 181 રનના સ્કોર પર સિમિત રાખી દીધું હતું તો બીજી તરફ આયુષ બદોનીની અડધી સદી છતાં લખનૌની ટીમ પરાજયની નજીક હતી ત્યારે મુકુલે આક્રમણ કરતાં અંતે લખનૌએ તેની 20 ઓવરમાં સાત વિકેટે 182 રન કરી લીધા હતા. મુકલ ચૌધરીએ 19મી ઓવરમાં બે સિક્સર અને એક ચોગ્ગો તથા 20મી ઓવરમાં બે સિક્સર ફટકારી હતી અને અંતિમ બોલે સિંગલ લઈને ટીમને સફળતા અપાવી હતી.




મેચ જીતવા માટે 182 રનના ટારગેટ સામે રમતાં લખનૌ સુપર જાયન્ટ્સ માટે બદોનીએ 34 બોલમાં સાત ચોગ્ગા અને બે સિક્સર સાથે 54 રન ફટકાર્યા હતા પરંતુ તે સિવાયના બેટર્સ ખાસ યોગદાન આપી શક્યા ન હતા. કોલકાતાના બોલર્સે ચુસ્ત બોલિંગ કરી હતી. એઈડન માર્કરમ 22 રન કરી શક્યો હતો.

લખનૌ સુપર જાયન્ટ્સે ટોસ જીતીને હરીફ ટીમને પ્રથમ બેટિંગ કરવાનું આમંત્રણ આપ્યું હતું. મેચની મધ્ય ઓવર્સમાં શિસ્તબદ્ધ બોલિંગના જોરે લખનૌએ વળથી લડત આપીને કોલકાતાને 20 ઓવરમાં ચાર વિકેટે 181 રનના સ્કોર પર મર્યાદિત રાખ્યું હતું. કોલકાતા નાઈટ રાઈડર્સ એક સમયે મોટા સ્કોર તરફ આગળ વધી રહ્યું હતું પરંતુ બોલર્સે તેની ગતિ પર બ્રેક લગાવી દીધી હતી. આ જ કારણે યજમાન ટીમનો કોઈ બેટર અડધી સદી સુધી પહોંચી શક્યો ન હતો.

કોલકાતા માટે ઓપનર અને કેપ્ટન અજિંક્ય રહાણેએ 41 અને અંગક્રિશ રઘુવંશીએ 45 રન ફટકાર્યા હતા. ફિન એલન સસ્તામાં આઉટ થઈ ગયો હતો પરંતુ તેની વિકેટથી વિવાદ સર્જાયો હતો.

# પરિવારની પરિસ્થિતિના કારણે મારા પિતા..., IPLમાં રાતોરાત સ્ટાર બન્યા બાદ મુકુલ ચૌધરી થયો ભાવુક!

નવી દિલ્હી, તા.10

આઈપીએલ 2026ની સીઝનમાં કોલકાતા નાઈટ રાઈડર્સ અને લખનૌ સુપર જાયન્ટ્સ વચ્ચે રમાયેલી મેચમાં એક નવો સિતારો ઉભરી આવ્યો છે. 21 વર્ષીય વિકેટકીપર બેટ્સમેન મુકુલ ચૌધરીએ માત્ર 27 બોલમાં 7 સિક્સર અને 1 ચોગ્ગાની મદદથી અણનમ 54 રન ફટકારીને લખનૌને 3 વિકેટથી યાદગાર જીત અપાવી છે. મેચ બાદ મુકુલે પોતાની સફળતા અને પિતાના બલિદાનની ભાવુક કરી દે તેવી વાત શેર કરી હતી.

મેચ બાદ આપેલા એક ઈન્ટરવ્યુમાં મુકુલ ચૌધરીએ જણાવ્યું કે, હું હંમેશા મહેન્દ્ર સિંહ ધોનીને જોઉં છું કારણ કે હું પણ એક ફિનિશર છું. તેમનો આઈકોનિક હેલિકોપ્ટર શોટ મારો ફેવરિટ છે. જે રીતે તેમણે 2011માં વર્લ્ડ કપમાં ભારતનું નેતૃત્વ કર્યું હતું, તે દરેક માટે પ્રેરણારૂપ છે. હું પણ ધોની જેવો બનીને મારી ટીમને મુશ્કેલ પરિસ્થિતિમાંથી જીતાડવા માંગુ છું.

મુકુલનો ક્રિકેટર બનવા સુધીનો પ્રવાસ અત્યંત સંઘર્ષમય રહ્યો છે.



મુકુલના પિતા અત્યંત ગરીબ પરિવારમાંથી આવતા હતા અને પોતે વ્યવસાયિક ક્રિકેટ રમી શક્યા નહોતા. મુકુલે જણાવ્યું કે, તેમના પિતા જ્યારે કોલેજમાં ભણાવતા હતા ત્યારે તેઓ RAS (રાજસ્થાન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ) ની તૈયારી કરી રહ્યા હતા. પરંતુ, દીકરાને ક્રિકેટ એકેડેમીમાં પ્રવેશ અપાવવા અને પ્રોફેશનલ ક્રિકેટર બનાવવા માટે તેમણે પોતાની અધિકારી બનવાની તૈયારી અધવચ્ચે જ છોડી દીધી હતી. પૈસાની વ્યવસ્થા કરવા માટે તેમણે પ્રોપર્ટીનું કામ શરૂ કર્યું. જેથી મુકુલની ફી અને ક્રિકેટ કિટનો ખર્ચ ઉઠાવી શકાય.

મુકુલના જણાવ્યા અનુસાર, વર્ષ 2015માં તેના જન્મદિવસના દિવસે જ તે અને તેના પિતા એકેડેમીની શોધમાં નીકળ્યા હતા. ચુરુ, ઝુંઝુનુ અને સીકર એમ ત્રણ જિલ્લાઓમાં તપાસ કર્યા બાદ, સીકરની નવી શરૂ થયેલી એસબીએસ ક્રિકેટ એકેડેમીમાં તેમણે એડમિશન લીધું હતું. તે સમયે મુકુલને ક્રિકેટ વિશે કંઈ જ ખબર નહોતી અને તેના પરિવારમાંથી પણ કોઈ આ રમત સાથે જોડાયેલું નહોતું. આજે મુકુલની મહેનત અને તેના પિતાનું બલિદાન રંગ લાવ્યું છે. આઈપીએલના મંચ પર તેના શાનદાર પ્રદર્શનથી હવે તે ભારતીય ક્રિકેટના આગામી મોટા ફિનિશર તરીકે જોવામાં આવી રહ્યો છે.

# ભારતની પ્રથમ ટેસ્ટ વિજેતા ટીમના સદસ્ય ગોપીનાથનું નિધન

અમદાવાદ, તા.10

ભારતે 1932માં ટેસ્ટ ક્રિકેટમાં રમવાનો પ્રારંભ કર્યો હતો પરંતુ તેને ટેસ્ટમાં પ્રથમ વિજય 1952ના ફેબ્રુઆરીમાં મળ્યો હતો. ઈંગ્લેન્ડ સામેની ચેન્નાઈના ચેપોક ખાતેની એ ટેસ્ટમાં રમનારા જમોડી બેટર અને ઓફ સ્પિનર સી. ડી. ગોપીનાથનું ગુરુવારે ચેન્નાઈ ખાતે નિધન થયું હતું. તેઓ 96 વર્ષના હતા. સીડી ગોપીનાથ અત્યાર સુધી ટેસ્ટ ક્રિકેટના હયાત ક્રિકેટરમાં વિશ્વમાં બીજા ક્રમના સૌથ વયસ્ક તથા ભારતના સૌથી વયસ્ક ક્રિકેટર હતા. ઓસ્ટ્રેલિયાના નીલ હાર્વે હાલમાં 97 વર્ષ અને 179 દિવસની વય ધરાવે છે.



ભારતની સૌપ્રથમ ટેસ્ટ વિજેતા ટીમના તેઓ એકમાત્ર હયાત ક્રિકેટર હતા. 1930ની પહેલી માર્ચે ચેન્નાઈ (તત્કાલીન મદ્રાસ)માં જન્મેલા ગોપીનાથ ભારત માટે આઠ ટેસ્ટ અને મદ્રાસ માટે 83 ફર્સ્ટક્લાસ ક્રિકેટ મેચ રમ્યા હતા. ડિસેમ્બર 1951માં મુંબઈના બ્રેબોર્ન સ્ટેડિયમ ખાતે રમાયેલી ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટથી તેમણે કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો. જેમાં તેમણે અણનમ 50 રન ફટકાર્યા હતા.

# ટી20 વર્લ્ડ ચેમ્પિયન ટીમના હિરોઝનો આઈપીએલમાં સદંતર ફ્લોપ શો

## સૂર્યકુમાર યાદવ, જસપ્રિત બુમરાહ, હાર્દિક પંડ્યા, ઈશાન કિશન કે સંજુ સેમસન આઈપીએલમાં નિષ્ફળ રહ્યા છે

અમદાવાદ, તા.10

ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ટી20 ક્રિકેટ ટુર્નામેન્ટની 2026ની સિઝન ધીમે ધીમે રોમાંચક બની રહી છે. એકાદ બે ટીમને બાદ કરતાં મોટા ભાગની ટીમો ત્રણ ત્રણ મેચ રમી ચૂકી છે અને તેમાં ય રાજસ્થાન રોયલ્સ, પંજાબ કિંગ્સ કે રોયલ ચેલેન્જર્સ જેવી ટીમ તો હજી સુધી એકેય મેચ હારી નથી. આ વખતની આઈપીએલનો પ્રારંભ થયો તેના થોડા દિવસ અગાઉ જ ભારતીય ક્રિકેટ ટીમે સૂર્યકુમાર યાદવની આગેવાનીમાં ટી20 વર્લ્ડ કપ જીત્યો હતો. આઠમી માર્ચે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાયેલી ન્યૂઝીલેન્ડ સામે 96 રનના ભવ્ય વિજય સાથે ભારતે ટાઈટલ જીત્યું હતું. જોકે આશ્ચર્યની વાત એ છે કે વર્લ્ડ ચેમ્પિયન ટીમના હિરોઝ 2026ની આઈપીએલમાં હજી સુધી કાંઈ પ્રભાવ પાડી શક્યા નથી અને તેમની રમત ફ્લોપ શો જેવી રહી છે.

ભારતની ટીમ ચેમ્પિયન બની તેમાં મોટા ભાગના ખેલાડીએ યોગદાન આપ્યું હતું અને તેને ટીમ વર્કની સફળતા માનવામાં આવે છે. તે સમયે જ એવી અપેક્ષા રખાતી હતી કે આ ખેલાડીઓ આઈપીએલમાં પોતપોતાની ફ્રેન્ચાઈઝી માટે રમશે ત્યારે છવાઈ જશે. જે ટીમે વિશ્વની મોખરાની ટીમો સામે અસામાન્ય પ્રદર્શન કર્યું હોય તેના ખેલાડી પોતાની આઈપીએલની ટીમ માટે શાનદાર પ્રદર્શન કરી શકે તેમ હતા.





આઈપીએલમાં સૌથી વધુ આશા હોય તો તે મુંબઈ ઈન્ડિયન્સની ટીમ પાસેથી હોય છે કેમ કે આ ટીમ પાસે હંમેશાં સુપર સ્ટાર ખેલાડીઓ રહ્યા છે. તેમાં ય સૂર્યકુમાર યાદવ, જસપ્રિત બુમરાહ, હાર્દિક પંડ્યા અને તિલક વર્મા જેવા ખેલાડી તો 2026ની ટી20 વર્લ્ડ ચેમ્પિયન ટીમનો હિસ્સો રહી ચૂક્યા છે. પણ, વર્તમાન આઈપીએલમાં આમાંથી એકેય ખેલાડી નોંધપાત્ર દેખાવ કરી શક્યો નથી. તાજેતરમાં રાજસ્થાન રોયલ્સના વૈભવ સૂર્યવંશી અને યશસ્વી જયસ્વાલે ગુવાહાટીમાં મુંબઈ સામે જે આતંક મચાવ્યો હતો તેમાં રન આપનારા બોલર્સમાં બુમરાહ પણ હતો. સામાન્ય રીતે બુમરાહની બોલિંગમાં સિક્સર ફટકારવી આસાન હોતી નથી પરંતુ 15 વર્ષીય સૂર્યવંશીએ એ દિવસે બુમરાહના પ્રથમ બોલે જ સિક્સર ફટકારી દીધી હતી. એ મેચમાં બુમરાહે ત્રણ સિક્સર આપી હતી.

સામાન્યપણે પ્રારંભિક ઓવર હોય કે ડેથ ઓવર્સ હોય બુમરાહ હંમેશાં ખતરનાક બની જતો હોય છે પરંતુ આ સિઝનમાં ત્રણ મેચમાં તે એકેય વિકેટ લઈ શક્યો નથી. બેટિંગમાં સૂર્યકુમાર યાદવ અને હાર્દિક પાસેથી વધુ અપેક્ષા રખાતી હોય છે ત્યારે વર્તમાન સિઝનમાં સૂર્યાએ ત્રણ મેચમાં 73 અને હાર્દિકે બે મેચમાં માંડ 27 રન કર્યા છે. આવી જ રીતે ટી20નો સ્ટાર બોલર અર્શદીપસિંઘ પણ પંજાબ કિંગ્સ માટે ત્રણ મેચમાં 99 રન આપવા છતાં એકેય વિકેટ ખેરવી શક્યો નથી. સ્ટાર સ્પિનર વરુણ ચક્રવર્તી કોલકાતા માટે બોલિંગમાં સફળ રહ્યો નથી (79 રન આપવા છતાં એકેય વિકેટ નહીં) તો દિલ્હી કેપિટલ્સનો કેપ્ટન અક્ષર પટેલ ત્રણ મેચમાં બે વિકેટ લઈ શક્યો છે પરંતુ આ માટે તેણે 71 રન આપી દીધા છે જ્યારે બેટિંગમાં પણ તે ખાસ યોગદાન આપી શક્યો નથી. કુલદીપ યાદવ અને વોશિંગ્ટન સુંદરની પણ આવી જ સ્થિતિ છે. જોકે આઈપીએલમાં હજી 15 જ મેચ રમાઈ છે ત્યારે એવી અપેક્ષા રાખી શકાય કે આ સ્ટાર ખેલાડીઓ આગામી મેચોમાં સારો દેખાવ કરીને તેમની ફ્રેન્ચાઈઝીને સફળતા અપાવશે.

# ‘યેહ પ્રેમ મોલ લિયા’માં હિમેશ રેશમિયાએ સૂરજ બરજાત્યા માટે 7 મધુર ગીતો તૈયાર કર્યાં

મુંબઈ, તા.10

સૂરજ બડજાત્યાની ફિલ્મો માત્ર બ્લોકબસ્ટર કમાણી, પરિવારિક વિષય, કાસ્ટિંગ અને ભાવનાઓ માટે જ નહીં, પરંતુ તેમના ગીતો માટે પણ જાણીતી હોય છે. તેથી તેમની આગામી ફિલ્મના મ્યુઝિક અંગે અપેક્ષાઓ ખૂબ ઊંચી છે. હવે તેમની આયુષ્માન ખુરાના અને શર્વરી અભિનીત ફિલ્મ વિશે એક રસપ્રદ માહિતી સામે આવી છે. સુત્રોએ જણાવ્યું, “હિમેશ રેશમિયાએ આ ફિલ્મ માટે સંગીત આપ્યું છે. તેમણે અને સૂરજ બડજાત્યાએ અગાઉ 2015ની ફિલ્મ ‘પ્રેમ રતન ધન પાયો’માં સાથે કામ કર્યું હતું અને તે અનુભવ તેમને ખૂબ ગમ્યો હતો. સૂરજજીએ જાણ્યું હતું કે જે પ્રકારના ગીતો તેમને જોઈએ છે, તેના માટે હિમેશ યોગ્ય પસંદગી છે. હિમેશ પણ આ પ્રોજેક્ટ સાથે જોડાવા માટે ખુબ ખુશ હતા.” સુત્રએ આગળ કહ્યું, “હિમેશ રેશમિયાએ આ ફિલ્મ માટે કુલ 7 મધુર ગીતો તૈયાર કર્યા છે. સૂરજજીએ સ્પષ્ટ કહ્યું હતું કે દરેક ગીત સરળ, હૃદયસ્પર્શી અને જનસામાન્યને ગમે તેવું હોવું જોઈએ. તેમની ઈચ્છા હતી કે ગીતો માત્ર શહેરી દર્શકોમાં જ નહીં, પરંતુ ગ્રામ્ય વિસ્તારો અને આંતરિક ભાગોમાં પણ લોકપ્રિય બને. હિમેશ આવા ગીતોમાં નિષ્ણાત છે અને તેમણે તે પ્રમાણે કામ કર્યું છે.”





રસપ્રદ વાત એ છે કે આયુષ્માન ખુરાનાની ફિલ્મ માટે હિમેશ રેશમિયા પહેલીવાર સંગીત આપી રહ્યા છે. અગાઉ એવી માહિતી પણ મળી હતી કે ફિલ્મના ટાઈટલમાં ફેરફાર થઈ શકે છે. હાલમાં તેનું વર્કિંગ ટાઈટલ ‘યેહ પ્રેમ મોલ લિયા’ છે, પરંતુ અંતિમ ટાઈટલ હજી નક્કી થયું નથી. ટાઈટલ ફાઈનલ થયા પછી નિર્માતાઓ સત્તાવાર જાહેરાત કરશે.

આ રોમેન્ટિક મ્યુઝિકલ ફિલ્મનું નિર્માણ રાજશ્રી પ્રોડક્શન્સ અને મહાવીર જૈન ફિલ્મ્સ દ્વારા કરવામાં આવી રહ્યું છે. ગયા મહિને મળેલી માહિતી મુજબ, ફિલ્મનું શૂટિંગ 1 નવેમ્બર, 2025થી શરૂ થયું હતું અને હવે તે એક મહિનામાં પૂર્ણ થવાની શક્યતા છે. સુત્રોની માહિતી મુજબ, “અંતિમ શીડ્યુલ એપ્રિલના છેલ્લાં અઠવાડિયામાં અથવા મેના પ્રથમ અઠવાડિયામાં થશે, ત્યારબાદ ફિલ્મનું શૂટિંગ પૂર્ણ થઈ જશે.

# સારા અર્જુન હવે મધુબાલાનો રોલ ભજવશે, સંજય લીલા ભન્સાલી આ ફિલ્મ પ્રોડ્યૂસ કરશે



મુંબઈ, તા.10

20 વર્ષની અભિનેત્રી સારા અર્જુન ધુરંધરની સફળતા પછી હવે ફિલ્મમેકર જસ્મીત કે રીનની આગામી દિગ્દર્શન ફિલ્મમાં સુંદરતાના પર્યાય સમાન મનાતાં વીતેલા જમાનાના અભિનેત્રી મધુબાલાનો રોલ કરવાની તૈયારી કરી રહી છે. આ અંગેના અહેવાલો મુજબ, સારા અર્જુને પોતાનાં કરિયરનો સૌથી પડકારજનક રોલ કરવા જઈ રહી છે. ‘ધુરંધર’ની સફળતા પછી હવે તે જસ્મીત કે રીનની આગામી ફિલ્મમાં મધુબાલાનું પાત્ર ભજવશે, જેનાં પ્રોડ્યુસર સંજય લીલા ભન્સાલી હશે. આ ફિલ્મ હાલમાં પ્રી-પ્રોડક્શન સ્ટેજમાં છે અને આ વર્ષના અંતમાં શૂટિંગ શરૂ થવાની શક્યતા છે. આ ફિલ્મ હિન્દી સિનેમાના ગોલ્ડન એરા પર આધારિત એક ભવ્ય સિનેમેટિક ફિલ્મ બનશે. સાથે જ આ ફિલ્મ સાથે સારા અર્જુનની કાસ્ટિંગ ઈન્ડસ્ટ્રીમાં ભારે ચર્ચા થઈ જશે, કારણ કે તે ભારતીય સિનેમાની સૌથી લોકપ્રિય અને રહસ્યમય અભિનેત્રી મધુબાલાના પાત્રમાં જોવા મળશે. આ પ્રોજેક્ટ સાથે જોડાયેલા સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ, “સારા મધુબાલાનાં સદાબહાર ગ્રેસ અને આકર્ષણને સચોટ રીતે રજૂ કરવા માટે મોટા ફિઝિકલ ટ્રાન્સફોર્મેશનમાંથી પસાર થશે. કૉસ્ટ્યુમ ડિટેઈલિંગથી લઈને ડાયલેક્ટ ટ્રેનિંગ અને લૂક ટેસ્ટ સુધી, નિર્માતાઓ કોઈ કચાશ રાખવા માગતા નથી.” ‘ડાર્લિંગ્સ’ માટે જાણીતી જસ્મીત કે રીન દ્વારા દિગ્દર્શિત આ ફિલ્મને એક હાઈ-ઓક્ટેન ડ્રામા તરીકે રજૂ કરવામાં આવી રહી છે, જેમાં દુઃખદ અને ભાવનાત્મક તત્વો પણ જોડાયેલા હશે. હાલમાં આ વિશે વધુ વિગતો ગુપ્ત રાખવામાં આવી રહી છે, પરંતુ અંદરના સૂત્રો કહે છે કે ટીમ મધુબાલાનાં અસાધારણ પરંતુ દિલને હચમચાવી નાખે એવા જીવનને એક ગાઢ શ્રદ્ધાંજલિ રૂપે રજૂ કરવાની તૈયારીમાં છે.

ખાસ કરીને જ્યારે સારા અર્જુન પોતાના કરિયરના મહત્વપૂર્ણ તબક્કે પહોંચી છે, ત્યારે નિર્માતાઓ આ વાર્તાને દર્શકો સુધી પહોંચાડવા માટે ખૂબ ઉત્સાહિત છે. સારા આ ફિલ્મનાં લીડ રોલમાં હશે. 1950ના દાયકામાં ભારતની સૌથી વધુ ફી લેતી અભિનેત્રીઓમાંની એક મધુબાલાએ પોતાની બે દાયકાની કેરિયરમાં 70થી વધુ ફિલ્મોમાં કામ કર્યું હતું. કોમેડીથી લઈને ભવ્ય ઐતિહાસિક ફિલ્મો સુધી, તેમણે વિવિધ પ્રકારના પાત્રો ભજવ્યાં હતાં.આજે પણ, તેમનાં અવસાન પછી દાયકાઓ વીતી ગયા હોવા છતાં, મધુબાલાને એક શાશ્વત બોલિવૂડ આઈકન તરીકે યાદ કરવામાં આવે છે – માત્ર તેમની સુંદરતા માટે નહીં, પરંતુ તેની અનોખી સ્ક્રીન પ્રેઝન્સ માટે પણ તેમને યાદ કરવામાં આવે છે.

# આમિર ખાને પુત્ર જુનૈદ ખાનની ફિલ્મ ‘એક દિન’નો ક્લાઈમેક્સ ફરી લખ્યો

■ **મન્સૂર ખાને કારણ જણાવતા કહ્યું, આમિરને અંત અંગે શંકા હતી**

મુંબઈ, તા.10

આમિર ખાનના પુત્ર જુનૈદ ખાની રોમેન્ટિક ડ્રામા ‘એક દિન’માં સાઈ પલ્લવી સાથેની ફિલ્મ આવી રહી છે. તાજેતરમાં મન્સૂર ખાને એક ઈન્ટરવ્યુમાં ખુલાસો કર્યો કે આમિરને ફિલ્મના ક્લાઈમેક્સ અંગે શંકા હતી, જેના કારણે તેણે અંત ફરી લખ્યો છે. જ્યારે મન્સૂર ખાનને પૂછવામાં આવ્યું કે શું ‘એક દિન’ દરમિયાન આમિર સાથે મતભેદ થયો હતો, ત્યારે તેમણે કહ્યું: “હું આજે ફિલ્મો બહુ જોતો નથી, પરંતુ મારી સમજણ હજુ પણ સારી છે. હું માનું છું કે કેટલાક સીનને વધારે દેખાડા કરતાં સંયમથી રજૂ કરવા જોઈએ. મને વાર્તાની સારી સમજ છે. મેં તેમને કહ્યું કે હું મદદ કરવા આવ્યો છું અને જે બાબતો મને મહત્વની લાગશે તે હું કહીશ.” આગળ મનસૂર ખાને કહ્યું, “અમે ‘એક દિન’ના અંતમાં જાપાનમાં એક ગીત શૂટ કર્યું હતું. આમિરે એનાં કેટલાંક ટૂકડાં જોયા પછી કહ્યું કે પહેલા ગીતમાં છોકરી રડી રહી હતી અને છેલ્લા ગીતમાં પણ રડી રહી છે. તેણે કહ્યું કે છેલ્લું ગીત એવું હોવું જોઈએ જેમાં તે ફરીથી છોકરાને પ્રેમ કરવા લાગે. પરંતુ મને ખબર હતી કે સુનીલ પાંડે શું ઈચ્છે છે, એટલે મેં તેને સપોર્ટ કર્યો.” આ અંગે મનસૂરે કહ્યું, “આમિરે મજાકમાં કહ્યું કે ‘જો તમે લોકો ભૂલ કરશો તો હું તમને ફરી જાપાન મોકલીશ.’ પરંતુ જ્યારે તેમણે આખું ગીત જોયું, ત્યારે તેમણે અમારી વાત માની.” મન્સૂરે વધુમાં જણાવ્યું, “આમિરને ક્લાઈમેક્સ અંગે પણ શંકા હતી. તેણે એ ફરી લખ્યો અને પછી અમને સમજાયું કે તે સાચો હતો. આ જ અમારી વચ્ચેનો સહકાર દર્શાવે છે.” મન્સૂર ખાને અગાઉ આમિર ખાનને ‘કયામત સે કયામત તક’ અને ‘જો જીતે વોહી સિકંદર’ જેવી ફિલ્મોમાં ડિરેક્ટ કર્યો હતો, જે બંને મોટી હિટ સાબિત થઈ હતી. ‘એક દિન’ પહેલાં તેમણે ‘જાને તુ... યા જાને ના’ પણ પ્રોડ્યુસ કરી હતી., જેમાં ઈમરાન ખાને બોલિવૂડ ડેબ્યુ કર્યું હતું. ‘એક દિન’નું દિગ્દર્શન સુનીલ પાંડે દ્વારા કરવામાં આવ્યું છે અને તેનું નિર્માણ મન્સૂર ખાન, આમિર ખાન અને અપર્ણા પુરોહિત દ્વારા આમિર ખાન પ્રોડક્શન્સ હેઠળ કરવામાં આવી રહ્યું છે. આ ફિલ્મ 2016ની થાઈ ફિલ્મ ‘વન ડે’ની રીમેક છે. વાર્તા એક એવા યુવકની છે જે પોતાની સહકર્મીને પ્રેમ કરે છે, પરંતુ તેનામાં પોતાના ભાવ વ્યક્ત કરવાની હિંમત નથી. તે માત્ર એક દિવસ તેની સાથે રહેવાની ઈચ્છા વ્યક્ત કરે છે – અને આશ્ચર્યજનક રીતે તેની ઈચ્છા સાચી પડે છે. આ ફિલ્મ જુનૈદ ખાનની મુખ્ય અભિનેતા તરીકે ત્રીજી ફિલ્મ છે અને સાઈ પલ્લવીની બોલિવૂડ ડેબ્યુ પણ છે. ‘એક દિન’ 1 મે, 2026ના રોજ થિયેટરમાં રિલીઝ થવાની છે.



# હું સ્કૂલમાં ત્રણ વખત નાપાસ થયો હતો : અક્ષય



મુંબઈ, તા.10

બોલિવૂડ એક્ટર અક્ષય કુમારે તાજેતરમાં પોતાનાં શો ‘વ્હીલ ઑફ ફોર્ચ્યુન’ના એપિસોડ દરમિયાન પોતાનાં બાળપણની મસ્તીઓ વિશે ખુલાસો કર્યો હતો. તેણે પ્રેક્ષકોમાં બેઠેલા પોતાનાં બાળપણના મિત્ર જીનેશનો દર્શકોને પરિચય કરાવ્યો અને બંનેએ સાથે ગાળેલા દિવસોની યાદો તાજી કરી હતી.

કન્ટેસ્ટન્ટ્સ સાથે વાતચીત દરમિયાન અક્ષય કુમારે જણાવ્યું કે તેનો મિત્ર જીનેશ દર્શકોમાં હાજર છે. તેણે કહ્યું કે તેમની મિત્રતા બાળમંદિરથી શરૂ થઈ હતી અને સૌને આશ્ચર્યમાં મૂકી દેતાં કહ્યું, “અમે લોકો કેજીથી સાથે છીએ અને KG થી 9મા ધોરણ વચ્ચે અમે ત્રણ-ત્રણ વખત નાપાસ થયા છીએ.” જ્યારે અક્ષયે જીનેશને પૂછ્યું કે તે કેમ વારંવાર ફેલ થતો હતો, ત્યારે તેણે મજેદાર જવાબ આપ્યો: “હું તારી સાથે ટાઈમ પાસ કરતો હતો, એટલા માટે!” આ પછી અક્ષયે મજાક આગળ વધારીને કહ્યું કે જીનેશનો મનપસંદ શોખ સાયકલ પર શહેરમાં ફરવું અને છોકરીઓને જોવોનો હતો. પરંતુ જીનેશે તરત જ મજાકને પલટાવી દીધી અને કહ્યું, “શું લાગે છે, હું આ બધું જોતો હતો?” આ સાંભળીને ત્યાં હાજર બધા જ લોકો હસી પડ્યાં હતાં.

# ચાંદી 4855 વધીને ₹2.41 લાખ પર પહોંચી: સોનું ₹368 મોંઘું થઈને 1.50 લાખને પાર થયું, આ વર્ષે ₹17 હજાર ભાવ વધ્યા

**નવી દિલ્હી, તા.10**

સોના-ચાંદીના ભાવમાં શુક્રવારે તેજી જોવા મળી છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, એક કિલો ચાંદી 4,855 રૂપિયા વધીને 2,41,013 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. આ પહેલા 9 એપ્રિલે તેની કિંમત 2,36,158 રૂપિયા પ્રતિ કિલો હતી.

જ્યારે, 10 ગ્રામ 24 કેરેટ સોનું 368 રૂપિયા વધીને 1,50,305 રૂપિયા પર પહોંચી ગયું. આ પહેલા ગુરુવારે તેની કિંમત 1,49,937 લાખ રૂપિયા પ્રતિ 10 ગ્રામ હતી.

ટ્રાન્સપોર્ટેશન અને સુરક્ષા: એક શહેરથી બીજા શહેરમાં સોનું લઈ જવામાં ઈંધણ અને સુરક્ષા ખર્ચ ઉમેરાય છે, જેના કારણે અંતર વધવા પર ભાવ વધે છે.

ખરીદીનો જથ્થો: દક્ષિણ ભારતમાં વધુ વપરાશ (લગભગ 40%) ને કારણે જ્વેલર્સ મોટી ખરીદી કરે છે, પરંતુ ડિસ્કાઉન્ટનો લાભ મર્યાદિત રહે છે.

સ્થાનિક જ્વેલરી એસોસિએશન: રાજ્ય અને શહેરના જ્વેલરી એસોસિએશન સ્થાનિક માંગ-પુરવઠાના આધારે ભાવ નક્કી કરે છે.



જૂનો સ્ટોક અને ખરીદ કિંમત: જ્વેલર્સનો ખરીદીનો ભાવ નક્કી કરે છે કે તેઓ ગ્રાહકોને કેટલી કિંમતમાં વેચશે.

આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. સોનું 2026માં અત્યાર સુધીમાં 17,110 રૂપિયા અને ચાંદી 10,593 રૂપિયા મોંઘી થઈ છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનું 1.33 લાખ રૂપિયા પર હતું, જે હવે 1.50 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે. જ્યારે, ચાંદી 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે 2.41 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે.

આ દરમિયાન 29 જાન્યુઆરીએ સોનું 1.76 લાખ રૂપિયા અને ચાંદી 3.86 લાખ રૂપિયા ઓલટાઈમ હાઈ પર પણ પહોંચી હતી. પરંતુ, 28 ફેબ્રુઆરીએ અમેરિકા અને ઈઝરાયલનું ઈરાન સાથે યુદ્ધ શરૂ થયા પછી સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. ત્યારથી 42 દિવસમાં સોનું 8,792 રૂપિયા અને ચાંદી 25,687 રૂપિયા ઘટી છે.

સરકારે સોના-ચાંદી અને પ્લેટિનમના ઘરેણાંને 'ફ્રી' કેટેગરીમાંથી હટાવીને 'રિસ્ટ્રિક્ટેડ' કેટેગરીમાં મૂકી દીધા છે. તેની સીધી અસર બજારની સપ્લાય પર દેખાઈ રહી છે, જેના કારણે સોના-ચાંદીના ભાવમાં વધારો થઈ રહ્યો છે.

વિદેશ વ્યાપાર મહાનિર્દેશાલય (DGFT) દ્વારા જારી કરાયેલા નોટિફિકેશન મુજબ, હવે આ કિંમતી ધાતુઓમાંથી બનેલી જ્વેલરી કોઈપણ દેશમાંથી ઘરેણાં મંગાવવા માટે સરકાર પાસેથી વિશેષ લાયસન્સ અથવા મંજુરી લેવી પડશે. સરકારે આ પગલું ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (FTA) ના દુરુપયોગને રોકવા માટે ભર્યું છે.

સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક લાગેલો સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદવાના દિવસે તેની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) પરથી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટના હિસાબે અલગ-અલગ હોય છે.

મેગ્નેટ ટેસ્ટ: અસલી ચાંદી ચુંબક સાથે ચોંટતી નથી. જો ચોંટી જાય તો નકલી છે. આઈસ ટેસ્ટ: ચાંદી પર બરફ રાખો. અસલી ચાંદી પર બરફ ઝડપથી પીગળે છે. સ્મેલ ટેસ્ટ: અસલી ચાંદીમાં ગંધ હોતી નથી. નકલીમાં તાંબા જેવી ગંધ આવે છે. ક્લોથ ટેસ્ટ: ચાંદીને સફેદ કપડાથી ઘસો. જો કાળો ડાઘ પડે તો અસલી છે.

# સેન્સેક્સ 919 પોઈન્ટ વધીને 77,550 પર બંધ થયો: નિફ્ટી 275 પોઈન્ટ વધીને 24,050 પર પહોંચ્યો, બેંકિંગ અને ઓટો શેરોમાં ખરીદી

**મુંબઈ, તા.10**

અઠવાડિયાના છેલ્લા કારોબારી દિવસે આજે એટલે કે શુક્રવાર 10 એપ્રિલે સેન્સેક્સ 919 અંક (1.20%) ના વધારા સાથે 77,550 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 275 અંકો (1.16%) નો વધારો રહ્યો, તે 24,050 પર પહોંચી ગયો. આજના કારોબારમાં બેન્કિંગ અને ઓટો શેરોમાં ખરીદી જોવા મળી.

શેરબજારમાં ગઈકાલે 9 એપ્રિલે ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ 931 પોઈન્ટ (1.20%) ઘટીને 76,632 ના સ્તરે બંધ થયો. નિફ્ટી પણ 222 પોઈન્ટ (0.93%) ઘટીને 23,775 પર પહોંચ્યો. ઓટો અને બેન્કિંગ શેરોમાં વેચવાલી જોવા મળી. મેટલ અને ફાર્મા શેરોમાં તેજી રહી.

ઘટાડા બાદ આજે ભારતીય શેરબજારમાં ફરી એકવાર તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે. વૈશ્વિક બજારના સકારાત્મક સંકેતો અને સ્થાનિક ખરીદીને પગલે સેન્સેક્સ અને નિફ્ટીમાં નોંધપાત્ર ઉછાળો નોંધાયો છે. આજે અમેરિકા અને ઈરાન વચ્ચે પાકિસ્તાનમાં યુદ્ધને લઈને શાંતિ મંત્રણા શરૂ થઈ રહી છે જેના પગલે કોઈ સારા સંકેત મળી શકે તેવી આશા પણ છે.

સેન્સેક્સ આજે 77,316.30 પર ટ્રેડ કરી રહ્યો છે, જે ગઈકાલના બંધ ભાવ (76,631.65) ની સરખામણીએ 705.12 (0.92%) પોઈન્ટનો ઉછાળો દર્શાવે છે. આજે બજાર 77,121.01 પર ખૂલ્યું હતું અને અત્યાર સુધીમાં 77,367.30 ની ઊંચી સપાટીએ પહોંચ્યું છે.





નિફ્ટી 23,987.50 પર પહોંચી ગઈ છે, જેમાં 212.40 (0.89%) પોઈન્ટનો વધારો જોવા મળ્યો છે. નિફ્ટી આજે 23,880.55 પર ખૂલીને 24,002.85 ની સપાટીને સ્પર્શી હતી.

બજારમાં તેજી હોવા છતાં કિંમતી ધાતુઓના ભાવમાં આજે થોડો ઘટાડો જોવા મળ્યો છે:

સોનું (Gold): એમસીએક્સ પર સોનાનો ભાવ 1,52,695.00 પર ટ્રેડ થઈ રહ્યો છે, જે 747.00 (0.49%) નો ઘટાડો દર્શાવે છે.

ચાંદી (Silver): ચાંદીના ભાવમાં પણ 1701.00 (0.64%) નો ઘટાડો જોવા મળ્યો છે અને તે હાલ 2,42,204.00 પર છે.

યુએસ-ઈરાન સીઝફાયરની અસર: અમેરિકા અને ઈરાન વચ્ચે બે સપ્તાહના યુદ્ધવિરામ અને હોર્મુઝ સ્ટ્રેટ મર્યાદિત રીતે ખૂલવાના સમાચારને કારણે વૈશ્વિક બજારોમાં રાહત જોવા મળી છે, જેની અસર ભારતીય બજાર પર પણ પડી છે. જોકે આજે અમેરિકા અને ઈરાન વચ્ચે ઈસ્લામાબાદમાં શાંતિ મંત્રણા શરૂ થવાની આશા છે જેને લઈને બજારમાં આશાવાદ છે.

નીચલા સ્તરે ખરીદી: ગઈકાલે સેન્સેક્સમાં આશરે 853 પોઈન્ટનો કડાકો બોલાયો હતો. આ ઘટાડા બાદ બ્લુ-ચિપ શેરો આકર્ષક ભાવે ઉપલબ્ધ હોવાથી રોકાણકારોએ નીચલા સ્તરેથી વ્યાપક ખરીદી કરી છે. આઈટી અને બેંકિંગ શેરોમાં ઉછાળો: માર્કેટ હેવીવેઈટ ગણાતા આઈટી અને બેંકિંગ ક્ષેત્રના શેરોમાં તેજીને કારણે ઈન્ડેક્સને મોટો સપોર્ટ મળ્યો છે.

# વોટ્સએપ તમારા પ્રાઈવેટ મેસેજ વાંચી રહ્યું છે: મસ્કે કહ્યું- આ વિશ્વાસપાત્ર નથી

## ટેલિગ્રામ CEOએ એન્ક્રિપ્શનને ફ્રોડ ગણાવ્યો, કોર્ટ પાસેથી વળતરની માગ

**વોશિંગ્ટન, તા.10**

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ Xના માલિક ઈલોન મસ્ક અને ટેલિગ્રામના CEO પાવેલ ડુરોવે વોટ્સએપની પ્રાઈવસી પર સવાલો ઉઠાવ્યા છે. મસ્કે કહ્યું કે વોટ્સએપ પર ભરોસો કરી શકાય નહીં. આ વિવાદ અમેરિકામાં વોટ્સએપ વિરુદ્ધ દાખલ કરાયેલા નવા ક્લાસ એક્શન મુકદમા પછી શરૂ થયો છે.

અમેરિકાની એક અદાલતમાં દાખલ કરાયેલી અરજીમાં દાવો કરવામાં આવ્યો છે કે વોટ્સએપ તેના યુઝર્સના મેસેજને વચ્ચેથી જ ઈન્ટરસેપ્ટ કરે છે. કંપની દાવો કરે છે કે તેના મેસેજ 'એન્ડ-ટુ-એન્ડ એન્ક્રિપ્ટેડ' છે, એટલે કે મોકલનાર અને મેળવનાર સિવાય કોઈ ત્રીજો તેમને વાંચી શકતો નથી. જોકે, મુકદમા મુજબ મેટા આ મેસેજને એક્સેન્ચર જેવી ત્રીજી પાર્ટીઓ સાથે શેર કરી રહ્યું છે.

ઈલોન મસ્કે X પર પોસ્ટ કરતા



લખ્યું, 'વોટ્સએપ પર ભરોસો કરી શકાય નહીં.' તેમણે યુઝર્સને X ચેટનો ઉપયોગ કરવાની અપીલ કરી અને દાવો કર્યો કે ત્યાં 'અસલી પ્રાઈવસી' મળે છે.

જ્યારે, ટેલિગ્રામના CEO પાવેલ ડુરોવે પણ કહ્યું કે વોટ્સએપનું 'એન્ક્રિપ્શન' ઈતિહાસનો સૌથી મોટો કન્ઝ્યુમર ફ્રોડ હોઈ શકે છે, જે અબજો યુઝર્સને ગેરમાર્ગે દોરી રહ્યું છે. ડુરોવે દાવો કર્યો કે ટેલિગ્રામે ક્યારેય આવું કર્યું નથી અને ક્યારેય કરશે પણ નહીં.

આ ગંભીર આરોપો પર મેટાએ તરત જ સ્પષ્ટતા કરી છે. કંપનીના પ્રવક્તાએ કહ્યું, 'મુદ્દમામાં કરાયેલા દાવાઓ સંપૂર્ણપણે ખોટા અને વાહિયાત છે. વોટ્સએપ છેલ્લા એક દાયકાથી સિગ્નલ પ્રોટોકોલનો ઉપયોગ કરી રહ્યું છે. તમારા મેસેજ મોકલનાર અને મેળવનાર સિવાય કોઈ અન્ય વાંચી શકતું નથી.'

ઈલોન મસ્ક અને માર્ક ઝકરબર્ગ વચ્ચેનો વિવાદ કોઈ નવો નથી. મસ્ક દ્વારા ટ્વિટર (હવે X) ખરીદ્યા પછી, ઝકરબર્ગે તેને ટક્કર આપવા માટે 'થ્રેડ્સ' લોન્ચ કર્યું હતું. 2025માં મસ્કે પોતાના AI ચેટબોટ 'ગ્રોક'ને મેટા AI કરતાં વધુ સારું ગણાવ્યું હતું. જૂન 2023માં મસ્કે ઝકરબર્ગને 'કેજ ફાઈટ'નો પડકાર પણ આપ્યો હતો, જેના જવાબમાં ઝકરબર્ગે લોકેશન માંગ્યું હતું.

વોટ્સએપ વિરુદ્ધ આ ક્લાસ એક્શન મુકદમો આ જ વર્ષે જાન્યુઆરીમાં બ્રાયન વાય. શિરાઝી અને નિદા સેમસન નામના બે યુઝર્સે કેલિફોર્નિયાની ફેડરલ કોર્ટમાં દાખલ કર્યો હતો. તેમાં મેટા પ્લેટફોર્મ્સ અને એક્સેન્ચરને પક્ષકાર બનાવવામાં આવ્યા છે.

અરજદારોએ જ્યુરી ટ્રાયલની માગ કરી છે અને કંપની પાસેથી ભારે વળતરની અપીલ કરી છે. હાલમાં મામલો કોર્ટમાં છે અને આખી દુનિયાની નજર તેના પર ટકેલી છે.

સરળ શબ્દોમાં કહીએ તો, એન્ડ-ટુ-એન્ડ એન્ક્રિપ્શન એક એવી સુરક્ષા ટેકનિક છે જે તમારા મેસેજને એક ગુપ્ત કોડમાં બદલી નાખે છે, જેને ફક્ત મોકલનાર અને મેળવનાર જ વાંચી શકે છે. આની વચ્ચે ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર, હેકર કે અહીં સુધી કે સર્વિસ આપતી કંપની (જેમ કે વોટ્સએપ કે મેટા) પોતે પણ તમારા મેસેજ, ફોટો કે કોલને જોઈ કે સાંભળી શકતી નથી.

# ₹10,000થી વધુના ઓનલાઈન-પેમેન્ટ પર 1 કલાકનો બ્રેક

## સિનિયર સિટીઝન્સને ટ્રાન્સફર માટે 'ટ્રસ્ટેડ પર્સન'ની મંજૂરી જરૂરી: ડિજિટલ અરેસ્ટ અને ઓનલાઈન ફ્રોડ રોકવા RBIના નવા નિયમો

**મુંબઈ, તા.10**

ટૂંક સમયમાં એવું બની શકે છે કે 10 હજારથી વધુના ઓનલાઈન ટ્રાન્ઝેક્શન તરત ન થાય. તેમાં 1 કલાકનો વિલંબ થઈ શકે છે. આનાથી ગ્રાહકોને ખોટા ટ્રાન્ઝેક્શન રોકવા અથવા કેન્સલ કરવાની તક મળશે. દેશમાં વધતા ડિજિટલ ફ્રોડને રોકવા માટે RBIએ આ પ્રસ્તાવ મૂક્યો છે.

RBIનું માનવું છે કે ઠગબાજો ઘણીવાર મનોવૈજ્ઞાનિક દબાણ બનાવીને ઉતાવળમાં પૈસા ટ્રાન્સફર કરાવે છે, આ વિલંબ તે દબાણને ખતમ કરશે. હાલમાં મોટાભાગના ડિજિટલ ટ્રાન્ઝેક્શન તરત થાય છે, જેનાથી યુઝરને વિચારવાનો કે ભૂલ સુધારવાનો મોકો મળતો નથી.

70 વર્ષથી વધુ ઉંમરના વડીલો અને દિવ્યાંગો માટે સુરક્ષા વધુ કડક બનશે. 50,000 રૂપિયાથી વધુના ટ્રાન્ઝેક્શન માટે એક 'ટ્રસ્ટેડ પર્સન' (ભરોસાપાત્ર વ્યક્તિ)ની મંજૂરી જરૂરી બની શકે છે. આ છેતરપિંડી સામે સુરક્ષાના બીજા લેયર તરીકે કામ કરશે.





જો તમે કોઈ એવી વ્યક્તિ કે વેપારીને પૈસા મોકલી રહ્યા છો જેને તમે જાણો છો, તો તમે તેને તમારી 'વ્હાઈટલિસ્ટ'માં સામેલ કરી શકો છો. વ્હાઈટલિસ્ટેડ લોકોને પેમેન્ટ કરવા પર આ 1 કલાકનો વિલંબ લાગુ પડશે નહીં, જેનાથી નિયમિત લેણદેણમાં મુશ્કેલી નહીં આવે.

RBI એ એક 'કિલ સ્વિચ'નું પણ સુચન આપ્યું છે. જો કોઈ ગ્રાહકને લાગે કે તેનું એકાઉન્ટ હેક થઈ ગયું છે અથવા કોઈ ખોટું ટ્રાન્ઝેક્શન થઈ રહ્યું છે, તો તે એક ક્લિકથી તેની તમામ ડિજિટલ પેમેન્ટ સેવાઓને તરત જ બંધ કરી શકશે.

ગયા વર્ષે દેશમાં ડિજિટલ ફ્રોડને કારણે થતું નુકસાન 22 હજાર કરોડ રૂપિયાને પાર પહોંચી ગયું. RBI અનુસાર, 10 હજાર રૂપિયાથી ઉપરના ટ્રાન્ઝેક્શન કુલ ફ્રોડ કેસના માત્ર 45% છે, પરંતુ કુલ ફ્રોડ વેલ્યુમાં તેમનો હિસ્સો 98.5% છે. આને ધ્યાનમાં રાખીને 10 હજારની લિમિટ નક્કી કરવામાં આવી છે.

RBI હાલમાં બેંકો અને નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) સાથે મળીને તેના ટેકનિકલ પાસાઓ પર ચર્ચા કરી રહ્યું છે. તેમાં મુખ્ય પડકાર એ છે કે ડિજિટલ પેમેન્ટની 'ઝડપ' અને 'સુરક્ષા' વચ્ચે બેલેન્સ કેવી રીતે જાળવવું. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે આગામી કેટલાક મહિનાઓમાં આ માટે વિગતવાર ગાઈડલાઈન બહાર પાડવામાં આવી શકે છે અને તેને તબક્કાવાર રીતે લાગુ કરવામાં આવશે.

RBI એ સ્વીકાર્યું છે કે ડિજિટલ પેમેન્ટનો મૂળભૂત સિદ્ધાંત 'ઈન્સ્ટન્ટ' એટલે કે ત્વરિત ચુકવણી છે. ફરજિયાત વિલંબથી યુઝરને થોડી અસુવિધા થઈ શકે છે, પરંતુ સુરક્ષાની દ્રષ્ટિએ તે જરૂરી છે. RBI એ આ ચર્ચા પત્ર પર 8 મે સુધી સામાન્ય જનતા અને હિતધારકો પાસેથી સૂચનો માંગ્યા છે.

# યુદ્ધને કારણે એરલાઈન્સને રૂ. 2500 કરોડનું નુકસાન...

## પશ્ચિમ એશિયા ભારતીય એરલાઈન્સ માટે સૌથી મોટું આંતરરાષ્ટ્રીય બજાર: નફાકારક ભારત-યુરોપ રૂટના આર્થિક સ્વાસ્થ્ય પર ગંભીર અસર

**અમદાવાદ, તા.10**

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને કારણે સ્થાનિક એરલાઈન્સને આશરે ૨૫૦૦ કરોડની આવકનું નુકસાન થયું છે. એવિયેશન ઈન્ડસ્ટ્રી દ્વારા સ્ટેક હોલ્ડર્સ સાથે શેર કરાયેલા તાજેતરના અંદાજ મુજબ જો યુદ્ધ ચાલુ રહે અને ઈરાન, ખાસ કરીને પાકિસ્તાનનું એરસ્પેસ બંધ રહે તો પરિસ્થિતિ વધુ ખરાબ થઈ શકે છે. આ પ્રતિબંધને કારણે નફાકારક ભારત-યુરોપ રૂટના આર્થિક સ્વાસ્થ્ય પર ગંભીર અસર પડશે.

પશ્ચિમ એશિયા ભારતીય એરલાઈન્સ માટે સૌથી મોટું આંતરરાષ્ટ્રીય બજાર છે, પરંતુ ત્યાં ચાલી રહેલા સંઘર્ષને કારણે એરલાઈન્સને દૈનિક ફ્લાઈટોની સંખ્યામાં ભારે ઘટાડો કરવાની ફરજ પડી છે. પરિણામે ક્ષમતાનો ખૂબ જ ઓછો ઉપયોગ થયો છે, વિમાનો નિષ્ક્રિય થયા છે અને આવકમાં સતત ઘટાડો થયો છે.

ગ્લોબલ એવિયેશન વિશ્લેષકોના મતે ઈન્ડિગો તેના ઉનાળાના સમયપત્રક દરમિયાન દરરોજ ૩૧૦ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટો ચલાવવા માટે અધિકૃત





છે, પરંતુ હાલ પરવાનગી ક્ષમતાના માત્ર ૬૦ ટકા જ ઉડાન ભરી રહી છે. તેણે ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલ દેશોની ૧૧૫ ફ્લાઈટો અને કોમનવેલ્થ સ્થળોની ૧૦ ફ્લાઈટો રદ કરી છે. ઈન્ડિગોનો ભારત-જીસીસી રૂટ પર લગભગ ૪૦ ટકા બજાર હિસ્સો છે.

એર ઈન્ડિયા ગ્રુપને પણ અસર થઈ છે. અંદાજ મુજબ, એર ઈન્ડિયા છ ગલ્ફ દેશો (બહેરીન, કુવૈત, ઓમાન, કતાર, સાઉદી અરેબિયા અને સંયુક્ત આરબ અમીરાત) માટે દરરોજ ફક્ત ૩૦થી ૪૦ ફ્લાઈટો ચલાવી રહી છે, જ્યારે આ ક્ષેત્રમાં ૧૦૦થી વધુ ફ્લાઈટ્સનું શેડ્યૂલ છે.

ડોમેસ્ટિક રૂટ પર વધારાની ક્ષમતાનો ઉપયોગ કરવો સરળ નથી. એક એરલાઈનના એક વરિષ્ઠ એક્ઝિક્યુટિવે કહ્યું, 'અમને અગાઉથી ખબર નથી હોતી કે કેટલી ફ્લાઈટોને મંજૂરી આપવામાં આવશે. દુબઈ અથવા અબુ ધાબી જેવા સ્થળોએ ઘણીવાર છેલ્લી ઘડીએ મંજૂરી મળે છે. ગલ્ફ દેશોની એરલાઈન્સને સ્લોટ ફાળવણીમાં પ્રાથમિકતા મળે છે.'

એક એરલાઈનના સીઈઓએ જણાવ્યું કે, પાકિસ્તાની અને કેટલાક પશ્ચિમ એશિયાઈ હવાઈ ક્ષેત્રની ઉપલબ્ધતાના અભાવને કારણે ભારતીય એરલાઈન્સ ૪૦થી ૫૦ ટકા વધુ વેઈટિંગ ટાઈમ અનુભવી રહી છે. આના કારણે ઈંધણનો વપરાશ વધે છે.

# અનંત અંબાણીએ 57 લાખથી વધુ લોકોને મદદરૂપ થઈ પોતાના 31મા જન્મદિનની ઉજવણી કરવામાં આવી

**નવી દિલ્હી, તા.10**

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર શ્રી અનંત અંબાણીના 31મા જન્મદિન પ્રસંગે આયોજિત વિવિધ પરોપકારી કાર્યો તથા પ્રવૃત્તિઓએ આશરે 57 લાખ લોકોના જીવનને સ્પર્શ કરી તેને બહેતર બનાવવાનો નાનો પ્રયાસ કર્યો છે. લાખો લોકોના જીવનને સમૃદ્ધ બનાવવાના ઉદ્દેશથી ધાર્મિક ટ્રસ્ટ, શૈક્ષણિક તથા આરોગ્યસંભાળ સંસ્થાઓ તેમજ સામાજકલ્યાણની સંસ્થાઓમાં સખાવતી યોગદાન અપાયું હતું. તેમના 31મા જન્મદિવસ પ્રસંગે, 31 અલગ-અલગ સખાવતી પહેલની જાહેરાત કરાઈ છે. આ અંતર્ગત દ્વારકા, સોમનાથ, અંબાજી અને સાળંગપુર સહિતના ગુજરાતના મુખ્ય ધર્મસ્થળો ખાતે યાત્રાળુઓ માટે માળખાકીય વિકાસ ઉપરાંત જામનગર અને અન્ય સ્થળોએ શૈક્ષણિક માળખાગત સુધારાના કાર્યો, ગૌશાળાની સ્થાપના, રિલાયન્સના કોન્ટ્રાક્ચ્યુઅલ કામદારો માટે મિઠાઈ, સામુદાયિક ભોજન સમારંભો, જામનગર રિફાઈનરીની આસપાસના ગામડાંની મહિલાઓ માટે સાડીના વિતરણ અને ગ્રામીણ વિસ્તારોમાં આવશ્યક માળખાકીય સુવિધાઓ પૂરી પાડવાનો સમાવેશ થાય છે.

શ્રી અનંત અંબાણી સનાતન ધર્મમાં ઊંડી શ્રદ્ધા ધરાવે છે અને વારંવાર વિવિધ તીર્થસ્થાનોમાં દર્શન કરવા જાય છે. તેમના જન્મદિવસ નિમિત્તે, ગુજરાતના યાત્રાધામો માટે વિવિધ પહેલોની જાહેરાત કરાઈ છે. દ્વારકામાં ભગવાન કૃષ્ણના ધામમાં દર્શનાર્થે આવતા યાત્રાળુઓની સુવિધા માટે બહુમાળી યાત્રી ભવન બનાવવામાં આવશે. વધુમાં, વરિષ્ઠ નાગરિકો અને દિવ્યાંગ ભક્તોની અવર-જવરની મુશ્કેલીઓ દૂર કરવા દ્વારકા શારદાપીઠમાં અત્યાધુનિક એસ્કેલેટર સ્થાપિત કરાશે. આ પહેલથી દર વર્ષે ભારત અને વિશ્વના વિવિધ ભાગોમાંથી આ પવિત્ર નગરીની મુલાકાત લેતા 75,000થી વધુ યાત્રાળુઓને લાભ થશે.

પવિત્ર યાત્રાધામ અંબાજીમાં નિર્માણાધીન યાત્રી ભવનમાં 17 રૂમ સાથેનો એક આખો અલગ માળ બનાવાશે. શ્રી અનંત અંબાણી અંબાજી મંદિરમાં એક વર્ષ સુધી ભોજન પ્રસાદી સેવા માટેનું વચન અગાઉ આપી ચૂક્યા છે. આ ઉમદા પહેલથી મા અંબાના આશીર્વાદ મેળવવા આવતા લગભગ 26 લાખ ભક્તોને ભોજન પૂરું પાડવામાં આવશે. તેવી જ રીતે, સોમનાથ મંદિર સ્થિત દેશના પ્રથમ જ્યોતિર્લિંગ સ્થળે એક વર્ષના સમયગાળા માટે સવાર અને સાંજની ભોજન પ્રસાદી સેવાનું પણ આયોજન કરાયું છે, જેનો વર્ષે 26 લાખ યાત્રાળુને લાભ મળશે. નાથદ્વારા ખાતે હાલ શ્રીનાથજીની અનંત સેવા હેઠળ દર વર્ષે આશરે 2.25 લાખ વૈષ્ણવ ભક્તો અન્ન સેવાનો લાભ લઈ રહ્યા છે.

શ્રી અનંત અંબાણીના



જન્મદિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ હેલ્થકેર માટેની વિવિધ પહેલોને સુદૃઢ બનાવવાનો પણ છે. જામનગરમાં ગુરુ ગોવિંદસિંઘ હોસ્પિટલમાં સારવાર લેનારા લગભગ 2.26 લાખ દર્દીને એક વર્ષ માટે ડૉક્ટરની સૂચના મુજબનું ભોજન પૂરું પાડવામાં આવશે. જ્યારે પ્રોજેક્ટ દ્રષ્ટિ હેઠળ જામનગરમાં નિઃશુલ્ક નેત્રરોગ નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરાયું છે. આજદિન સુધીમાં, આ પ્રોજેક્ટ અંતર્ગત 1.50 લાખથી વધુ લોકોને આંખની નિઃશુલ્ક સારવાર પૂરી પાડવામાં આવી ચૂકી છે. વધુમાં, આગામી 19 એપ્રિલના રોજ જોગવડ ખાતે એક મલ્ટી-સ્પેશિયાલ્ટી આરોગ્ય નિદાન કેમ્પનું આયોજન કરાયું છે, જેનો આસપાસના ગામડાંના રહેવાસીઓને લાભ મળશે. આ સિવાય પડાણા સ્થિત એનિમલ હોસ્પિટલમાં એક પશુ નિદાન કેમ્પનું પણ આયોજન કરાયું છે.

શૈક્ષણિક સંસ્થાઓમાં માળખાગત સુવિધાઓ સુધારવા, જામનગર જિલ્લાના સિક્કા અને ડેરા છીકારી ગામોમાં સ્કૂલ માટે નવા મકાન બાંધવાનું આયોજન કરાયું છે. જામનગર રિફાઈનરી અને ગીરતારાની આસપાસના ગામોમાં સરકારી પ્રાથમિક સ્કૂલના આશરે 12,000 વિદ્યાર્થીને ટ્રેકસૂટનું વિતરણ કરાશે. શ્રી અનંત અંબાણીની સૂચના મુજબ, જામનગરમાં એક અત્યાધુનિક સામુદાયિક રસોડું બનાવીને અક્ષય પાત્ર ફાઉન્ડેશનને સોંપણી કરાઈ છે. હાલ આ સંસ્થા જિલ્લામાં મધ્યાહ્ન ભોજન યોજના હેઠળ દરરોજે લગભગ 22,000 વિદ્યાર્થીઓને (દર વર્ષે 55 લાખ ભોજન) સેવા પૂરી પાડે છે. વધુમાં, વડોદરાના ગોરજ મુનિ સેવાશ્રમમાં આદિવાસી વિદ્યાર્થી છાત્રાલયમાં માળખાગત સુવિધાઓ સુધારવા માટે અપાયેલા દાનથી અહીંના 700 વિદ્યાર્થીને લાભ થશે. અહીંના ગ્રામજનોને સામાજિક અને ધાર્મિક કાર્યક્રમોનાં આયોજનમાં મદદરૂપ થવા, જામનગરમાં ગાગવા, નવાગામ અને પીપળી, જૂનાગઢમાં સમતપરા અને વડોદરાના ધનોરામાં કોમ્યુનિટી હોલ બનાવવાનું આયોજન કરાયું છે.

રાજકોટના સદભાવના વૃધ્ધાશ્રમ અને ખેડામાં મહિપતસિંહ ફાઉન્ડેશનને નાણાકીય સહાય પૂરી પાડવામાં આવી છે, જેનો લાભ 4,000 વરિષ્ઠ નાગરિકોને મળશે. જ્યારે ગ્રામીણ વિકાસની વાત કરીએ તો, જામનગરના નવ ગામમાં સ્મશાનગૃહો બનાવવામાં આવશે, જેમાં મોટી ખાવડી, નાની ખાવડી, ગાગવા, નવાગામ, મેઘનું ગામ, મેઘપર, પડાણા, જોગવડ અને સેતાલુસ તેમજ જૂનાગઢના કારિયા અને મેંદપરાનો સમાવેશ થાય છે. સાળંગપુર સ્થિત શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર તેમજ જામનગર જિલ્લાના સેતાલુસ ખાતે ગૌશાળાનું નિર્માણ કરાશે.

શ્રી અનંત અંબાણીના 31મા જન્મદિવસની ઉજવણી માટે 10 દિવસ સુધી ચાલનારા સાંસ્કૃતિક કાર્યક્રમોની હારમાળાનું આયોજન કરાયું છે. આ અંતર્ગત જામનગરના જોગવડ, મોટી ખાવડી અને શાપર તેમજ જૂનાગઢ નજીકના પાસવાડા ખાતે લોક ડાયરાના કાર્યક્રમનો સમાવેશ થાય છે. આ ઉજવણીના ભાગ રૂપે, 9 એપ્રિલ, 2026ના રોજ, આસપાસના ગામોના રહેવાસીઓ માટે જોગવડમાં એક ભવ્ય ભોજન સમારંભ યોજાયો હતો. જામનગરમાં રિફાઈનરીની આસપાસના 15 ગામના 31,000 લોકોને મિઠાઈની ભેટ ઉપરાંત 31,000 મહિલાઓમાં સાડીનું વિતરણ કરાવામાં આવી રહ્યું છે. તેવી જ રીતે, ગીરતારાની આસપાસના ગામોમાં 5,000 લોકોને મિઠાઈ વહેંચાશે. સર્વ સમાવેશી અભિગમ દાખવતા, જામનગર સંકુલમાં ચાલતા વિવિધ પ્રોજેક્ટ્સમાં કાર્યરત 95,000થી વધુ કોન્ટ્રાક્ચ્યુઅલ કામદારોમાં ફૂડ હેમ્પર્સનું વિતરણ કરીને તેઓને પણ આ ઉજવણીમાં સામેલ કરાયા હતા. આ રીતે આ ઉજવણીમાં આશરે 1.75 લાખ લોકો સક્રિય અને સીધી રીતે સામેલ થશે.

# પથ્થર, ધોકા, બૂટ-ચપલથી ધિંગાણુ: સુરતમાં 15 હજારની લેતીદેતીમાં બે જૂથ જામી પડ્યા, રોડ પર ફિલ્મ દૃશ્યો સર્જાયા



સુરત, તા.10

સુરતના અડાજણ વિસ્તારમાં હનીપાર્ક રોડ પર સાઈ સ્પોર્ટ્સ નામની દુકાનની સામે રુપિયાની લેતીદેતીમાં બે જૂથ વચ્ચે મારામારી થઈ હતી. ભીડભાડવાળા આ રસ્તા પર અચાનક જ સાતથી આઠ લોકો એકબીજા પર તૂટી પડ્યા હતા. આ મારામારી એટલી ઉગ્ર હતી કે આસપાસના વેપારીઓ અને રાહદારીઓમાં નાસભાગ મચી ગઈ હતી. સ્થાનિકોએ આ સમગ્ર ઘટનાના લાઈવ વીડિયો મોબાઈલમાં કેદ કર્યાં હતા. જે હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે.સમગ્ર મુદ્દે પોલીસે બંન્ને પક્ષે સામસામે ફરિયાદ નોંધી છે.

વાયરલ થયેલા વીડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે બંને પક્ષના લોકો હાથમાં લાકડાના ફટકા લઈને એકબીજા પર હુમલો કરી રહ્યા છે. માત્ર લાકડીઓ જ નહીં, પણ રસ્તા પર પડેલા પથ્થરો અને ચપ્પલોથી પણ એકબીજાને માર મારી રહ્યા હતા. આ હિંસક અથડામણને કારણે હનીપાર્ક રોડ પર થોડીવાર માટે ટ્રાફિક જામ થઈ ગયો હતો અને લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. મારામારીમાં કેટલાકને નાની-મોટી ઈજાઓ પહોંચી હોવાનું જાણવા મળ્યું છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આ મારામારી પાછળનું મુખ્ય કારણ આર્થિક વ્યવહાર હતો. આરોપી કાર્તિક ઓમ પ્રકાશ પ્રજાપતિને ધ્રુવ યાદવ પાસેથી 15,000 રૂપિયા લેવાના નીકળતા હતા. આ રકમની ઉઘરાણી બાબતે બંને વચ્ચે છેલ્લા કેટલાય સમયથી ખેંચતાણ ચાલી રહી હતી. શુક્રવારે આ બાબતે પહેલા ઉગ્ર બોલાચાલી થઈ હતી અને જોતજોતામાં મામલો બિચક્યો હતો. સામાન્ય રકમની લેતીદેતીમાં બંને પક્ષોએ હિંસક સ્વરૂપ ધારણ કરી રસ્તા પર જંગના મેદાન જેવી સ્થિતિ સર્જી દીધી હતી.

આ ઘટના બાદ અડાજણ પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે મામલો થાળે પાડી બંને પક્ષોને પોલીસ સ્ટેશન તેડાવ્યા હતા. સમગ્ર મામલે સામસામી ફરિયાદ નોંધવામાં આવી હતી. પ્રથમ ફરિયાદ ધ્રુવ યાદવે નોંધાવી છે, જેમાં કાર્તિક પ્રજાપતિને આરોપી બનાવવામાં આવ્યો હતો. જ્યારે બીજી તરફ, ઓમ પ્રકાશ પ્રજાપતિએ ફરિયાદ નોંધાવતા ધ્રુવ યાદવ અને સની આહીર સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પોલીસે રાયોટિંગ અને મારામારીની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અડાજણ પોલીસે ઘટનાસ્થળના CCTV ફૂટેજ તેમજ સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા લાઈવ વીડિયોને પુરાવા તરીકે કબજે કર્યા છે. વીડિયોમાં દેખાતા તમામ શખ્સોની ઓળખ કરી તેમની ધરપકડ કરવાની તજવીજ શરૂ કરવામાં આવી છે.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર, જાહેર રોડ પર આ પ્રકારે આતંક મચાવનારા તત્વો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે જેથી ભવિષ્યમાં આવી કોઈ ઘટના ન બને. હાલ આ વિસ્તારમાં શાંતિ છે, પરંતુ ગુંડાગીરીને લઈને સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

# સાબરમતીના ઉમેદવારનું નામ વોર્ડની યાદીમાં ઉમેરવાની અરજી હાઈકોર્ટે ગ્રાહ્ય રાખી: ઉમેદવારનું નામ SIR બાદ વિધાનસભા મતદાર યાદીમાં નહોતું



અમદાવાદ, તા.10

અમદાવાદથી વર્ષા કટારા દ્વારા સ્ટેટ ઈલેક્શન કમિશન અને અન્ય સંસ્થાઓને પક્ષકાર બનાવીને હાઈકોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી. જે મુજબ અરજદારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની આગામી ચૂંટણીમાં ભાગ લેવા માટે સાબરમતી વિસ્તારના વોર્ડ નંબર 4 ની મતદાર યાદીમાં પોતાનું નામ સામેલ કરવા વિનંતી કરી હતી.

અરજદારનું નામ SIR પ્રક્રિયા બાદ વિધાનસભા મતવિસ્તારની યાદીમાં ન હોવાને કારણે મ્યુનિસિપલ કોર્પોરેશનની પ્રારંભિક યાદીમાં પણ તેમનું નામ આવ્યું નહોતું. તેમણે 23 માર્ચ, 2026 ના રોજ નામ ઉમેરવા માટે ઓથોરિટી સમક્ષ અરજી કરી હતી. વિધાનસભા મતવિસ્તારની યાદીમાં નામ ઉમેરવાની તેમની અરજી 1 એપ્રિલ, 2026 ના રોજ મંજૂર કરવામાં આવી હતી.

કોર્ટે અવલોકન કર્યું હતુ કે રાજ્ય ચૂંટણી પંચનું કાર્ય વિધાનસભાની મતદાર યાદીમાંથી AMC ની મતદાર યાદી તૈયાર કરવાનું છે અને તેને સ્વતંત્ર રીતે નામ ઉમેરવા કે ઘટાડવાનો અધિકાર નથી. કોર્ટે જણાવ્યું હતું કે વિધાનસભાની યાદીમાં નામ સામેલ થતા જ અરજદાર ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લેવા માટે હકદાર બને છે.

અરજદારે 10 દિવસની નિયત સમય મર્યાદા પહેલા અને ઉમેદવારી પત્ર ભરવાની છેલ્લી તારીખ પહેલા અરજી કરી હોવાથી, તેમનું નામ મતદાર યાદીમાં સામેલ કરવું જરૂરી છે. હાઈકોર્ટે આ અરજી મંજૂર કરી છે અને અરજદારનું નામ વોર્ડ નંબર 4 સાબરમતીની મતદાર યાદીમાં સામેલ કરવા આદેશ આપ્યો છે.

# સમા દુમાડ ચોકડી પાસે ભારદારી વાહને દંપતિને અડફેટે લીધું: પત્નીને સામે જ પતિએ દમ તોડ્યો, લગ્ન પ્રસંગે જતા પહેલા અકસ્માત નડ્યો



વડોદરા, તા.10

વડોદરા શહેરમાં અવાર નવાર ભારદારી વાહનોથી અકસ્માતનો સિલસિલો યથાવત જોવા મળી રહ્યો છે. ત્યારે આજે શહેરના દુમાડ ચોકડી બ્રિજ નીચે અકસ્માત સર્જાયો છે. જેમાં લગ્ન પ્રસંગે જતા દંપતિને ભારદારી વાહને અડફેટે લેતા પતિનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

મળતી માહિતી અનુસાર, ભરૂચ જિલ્લાના વાસણા-આમોદ વિસ્તારના વતની ગણપતભાઈ મોહનભાઈ પાટણવાડિયા પોતાની પત્ની સાથે આસોજ (લગ્ન પ્રસંગ)માં હાજરી આપવા વડોદરા આવી રહ્યા હતા. દુમાડ ચોકડી પાસે બ્રિજ નીચે ભારદાર વાહને અડફેટે લેતા ગણપતભાઈનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. જ્યારે પત્ની બાજુમાં ફેંકાઈ જતા આબાદ બચાવ થયો છે.

આ ઘટનાની જાણ થતા જે સમા પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે વડોદરાની સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. આ અકસ્માતથી પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. આ મામલે સમા પોલીસે ફ્યુલ ભરેલ ભારદારી વાહન ચાલકને ઝડપી પાડ્યો હોવાની માહિતી સામે આવે છે. પોલીસે આ મામલે અકસ્માત અંગે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ખંભાત નગરપાલિકા ચૂંટણીમાં 21 ઉમેદવારી પત્રો ભરાયા: શિક્ષિત યુવા ઉમેદવારોએ પણ નામાંકનપત્ર દાખલ કર્યા

આણંદ, તા.10

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે ઉમેદવારી પત્રો ભરવાના પાંચમા દિવસે આણંદ જિલ્લામાં વિવિધ નગરપાલિકા, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત માટે કુલ 216 ઉમેદવારી પત્રો ભરાયા હતા. આ દિવસે ખંભાત નગરપાલિકામાં 21 ઉમેદવારી પત્રો નોંધાયા હતા, જેમાં એક અનુસ્નાતક યુવા ઉમેદવાર સલમાન પઠાણે પણ ફોર્મ ભર્યું હતું.

પ્રાંત કચેરી ખાતે ભરાયેલા ઉમેદવારી પત્રોમાં ખંભાત નગરપાલિકા માટે 21, પેટલાદ નગરપાલિકા માટે 12, બોરસદ નગરપાલિકા માટે 38, ઉમરેઠ નગરપાલિકા માટે 5, સોજીત્રા નગરપાલિકા માટે 12 અને તારાપુર નગરપાલિકા માટે 22 ઉમેદવારી પત્રોનો સમાવેશ થાય છે.



તાલુકા પંચાયતોની વાત કરીએ તો, ખંભાત તાલુકા પંચાયત માટે 23, પેટલાદ માટે 35, બોરસદ માટે 63, ઉમરેઠ માટે 6, સોજીત્રા માટે 27, આંકલાવ માટે 10, આણંદ માટે 12 અને તારાપુર તાલુકા પંચાયત માટે 9 ઉમેદવારી પત્રો ભરાયા હતા.

આ ઉપરાંત, આણંદ જિલ્લા પંચાયતની ચૂંટણી માટે આજે વધુ 20 ઉમેદવારી પત્રો ભરાયા હતા, જ્યારે કરમસદ-આણંદ મહાનગરપાલિકાની ચૂંટણી માટે વધુ 12 ઉમેદવારી પત્રો નોંધાયા હતા.

અત્યાર સુધીમાં કરમસદ-આણંદ મહાનગરપાલિકાની ચૂંટણી માટે કુલ 14 ફોર્મ અને આણંદ જિલ્લા પંચાયતની ચૂંટણી માટે કુલ 25 ફોર્મ ભરાયા છે.

આણંદ જિલ્લામાં યોજાનાર તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી માટે અત્યાર સુધીમાં કુલ 216 ફોર્મ ભરાયા છે. જેમાં પેટલાદમાં 35, આંકલાવમાં 12, તારાપુરમાં 12, ઉમરેઠમાં 8, બોરસદમાં 87, સોજીત્રામાં 27, આણંદમાં 12 અને ખંભાતમાં 23 ફોર્મનો સમાવેશ થાય છે.

તેવી જ રીતે, આણંદ જિલ્લાની નગરપાલિકાઓમાં અત્યાર સુધીમાં કુલ 150 ફોર્મ ભરાયા છે. જેમાં ખંભાત નગરપાલિકામાં 21, પેટલાદમાં 16, બોરસદમાં 74, ઉમરેઠમાં 5, સોજીત્રામાં 12 અને તારાપુર નગરપાલિકામાં 22 ફોર્મનો સમાવેશ થાય છે.

ઉમેદવારી પત્રો ભરવાનો આવતીકાલે, 11મી એપ્રિલ, શનિવારે છેલ્લો દિવસ છે. આણંદ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે 26 એપ્રિલના રોજ મતદાન અને 28 એપ્રિલના રોજ મતગણતરી યોજાશે. આ માહિતી અધિક જિલ્લા ચૂંટણી અધિકારી અને નિવાસી અધિક કલેક્ટર, આણંદ દ્વારા આપવામાં આવી હતી.

# ફેસબુક ફ્રેન્ડની માયાજાળમાં ફસાયા વૃદ્ધ: ફોરેક્સ એક્સચેન્જમાં રોકાણના નામે યુવતીએ ₹24.40 લાખ પડાવ્યાં




અમદાવાદ, તા.10

અમદાવાદના એક વૃદ્ધ સાથે અજાણી યુવતીએ ફેસબુક પર મિત્રતા કેળવીને વૃદ્ધને વિશ્વાસમાં લઈને ફોરેક્સ એક્સચેન્જમાં રોકાણ કરવાનું કહીને વૃદ્ધ પાસેથી ટુકડે-ટુકડે 24.40 લાખ રૂપિયા પડાવ્યા છે. જે બાદ યુવતીએ વૃદ્ધનો ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હતું. વૃદ્ધને પૈસા પરત ન મળતા વૃદ્ધે છેતરપિંડી મામલે સાઈબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે.

શાહપુરમાં રહેતા 62 વર્ષીય વૃદ્ધ ઈવેન્ટ મેનેજમેન્ટનું કામ કરે છે. વૃદ્ધ નિયમિત રીતે સોશિયલ મીડિયાના પ્લેટફોર્મનો વપરાશ કરે છે. 29 ઓગસ્ટ, 2025ના રોજ ફેસબુક પર એક અજાણી યુવતીની ફ્રેન્ડ રિક્વેસ્ટ આવી હતી, જે એક્સેપ્ટ કરીને વૃદ્ધ સાથે વાતચીત કરવાનું શરૂ કર્યું હતું. જે બાદ યુવતીએ વૃદ્ધને મોબાઈલ નંબર આપ્યો હતો અને બંને વ્હોટ્સએપ પર મેસેજથી સાથે વાત કરતા હતા. આ દરમિયાન યુવતીએ વૃદ્ધને ફોરેક્સ એક્સચેન્જમાં રોકાણ કરવાનું જણાવ્યું હતું. વૃદ્ધ યુવતીની વાતોમાં આવી ગયા અને સારા નફાની લાલચમાં રોકાણ કરવા તૈયાર થયા હતા.

યુવતીએ મોકલેલી લીંક પર રજિસ્ટ્રેશન કરાવી બેંકની વિગત આપીને વૃદ્ધે રોકાણ કરવાનું શરૂ કર્યું હતું. બે મહિનામાં 24.40 લાખ રૂપિયાનું રોકાણ કર્યું હતું. આ રોકાણ કર્યા બાદ પૈસા પરત માંગતા યુવતીનો ફોન બંધ આવતો હતો અને કોઈ જવાબ પણ મળતો નહોતો. જેથી વૃદ્ધને તેમના સાથે થયેલી ઠગાઈની જાણ થઈ હતી. સમગ્ર મામલે સાઈબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે.

# હાઈકોર્ટ વચગાળાનો હુકમ પસાર કરી શકે: AI જનરેટેડ ડીપ ફેક કન્ટેન્ટ ઉતારવા સરકારની સૂચનાઓને પ્લેટફોર્મ પ્રોવાઈડર માનતા નથી

અમદાવાદ, તા.10

ગુજરાત હાઈકોર્ટમાં અમદાવાદથી અરજદાર વિકાસ. વિ.નાયરે એડવોકેટ અમિત પંચાલ દ્વારા AI અને ડીપફેકને લઈને જાહેર હિતની અરજી દાખલ કરી છે. જેમાં આજે ચીફ જજની બેન્ચ સમક્ષ વધુ સુનવણી યોજાઈ હતી. જેમાં કોર્ટના હુકમ અનુસાર રાજ્ય સરકારે કેટલાક સૂચનો અને કેન્દ્ર સરકારના ગૃહ વિભાગે એફિડેવિટ ફાઈલ કરી હતી.

મૂળ મુદ્દો એ જ હતો કે, પ્લેટફોર્મ પ્રોવાઈડર કંપનીઓને સૂચના આપવા છત્તા કન્ટેન્ટ દૂર કરતી નથી અને મોટાભાગે કહે છે કે, URL ઉપલબ્ધ નથી. બાળકો પણ AIથી બનેલા વીડિયો જુએ છે. લોકોને પણ સમજતા સમય લાગે છે કે, આ AI જનરેટેડ વીડિયો છે.

કેન્દ્ર સરકારે કહ્યું હતું કે, તેઓએ સહયોગ પ્લેટફોર્મ બનાવ્યું છે, જ્યાં તમામ પ્લેટફોર્મ પ્રોવાઈડર જોડાયેલા છે. તેમને વાંધાજનક AI જનરેટેડ કન્ટેન્ટ ઉતારવા માટે જણાવવામાં આવે છે. કોર્ટે કહ્યું હતું કે પ્લેટફોર્મ દ્વારા આવા વિડિઓ કોઈ ઓથેન્ટિકેશન વગર મૂકી શકે નહીં, જો ઓથેન્ટિકેશનની વ્યવસ્થા ના હોય તો પ્લેટફોર્મ ઉપર આવતી ફરિયાદો ધ્યાને લેવી જોઈએ. રાજ્ય સરકાર વતી જણાવાયું હતું કે, જાન્યુઆરી, 2026માં પ્લેટફોર્મ પ્રોવાઈડરને 107 કન્ટેન્ટ દૂર કરવા કહ્યું છત્તા તે પ્લેટફોર્મ ઉપર છે. વિદેશમાંથી પણ ફરિયાદના ફોન આવે છે, લોકોની ઈમેજ ખરાબ થઈ રહી છે. ડીપ ફેક વીડિયોને તો ઓળખવો અઘરો છે.

કેન્દ્રના ગૃહ વિભાગના જણાવે મુજબ નિયમો ચાલુ વર્ષે 2026 માં બન્યા છે. જેમાં ફેક વિડિઓ ઉતારવા પ્લેટફોર્મને સૂચનાઓ આપવામાં આવે છે. કોર્ટે પૂછ્યું હતું કે, જો પ્લેટફોર્મ પ્રોવાઈડર ના માને તો શું કરશો ? કેન્દ્ર સરકારે કહ્યું હતું કે નિર્દેશ ઉપર ત્રણ કલાકમાં કન્ટેન્ટ હટાવવુ પડે, પહેલા આ સમય 36 કલાકનો હતો. કોર્ટે ફરી પૂછ્યું હતું કે જો તેઓ કન્ટેન્ટ ના ઉતારે તો શું?

સરકારી વકીલે કહ્યું હતું કે, IT એક્ટ 66C, 66D અને 66E અંતર્ગત કાર્યવાહી કરવામાં આવે છે. જેથી કોર્ટે કહ્યું હતું કે, તેના પ્રાવધાન તો ખોટું કન્ટેન્ટ ચઢાવનાર સામે છે પણ પ્લેટફોર્મ માટે શું? તમે શું કરી શકો? તમે નિર્દેશ આપી શકો પણ નિર્દેશ ન માને તો શું? કેન્દ્રએ કહ્યું હતું કે, રાજ્ય વિરુદ્ધના ગુન્હાઓ માટે સખત કાર્યવાહીના પ્રાવધાન લાગુ છે પણ પ્રાઈવેટ ફરિયાદ માટે નહીં. જો પ્લેટફોર્મ પ્રોવાઈડર AI જનરેટેડ વાંધાજનક કન્ટેન્ટ જાતે દૂર ન કરે અથવા સૂચના બાદ ભી દૂર ના કરે તો સહ આરોપી બને છે. જોકે, કોર્ટે કહ્યું હતું કે આરોપ સાબિત કરવા કોર્ટ ટ્રાયલની જરૂર પડે એમાં ટાઈમ જોઈએ, એના માટેનો સમય નથી.

કોર્ટે કહ્યું હતું કે, સૂચના આપ્યા બાદ ત્રણ કલાકનો સમય કન્ટેન્ટ ઉતારવા માટે વધુ કહેવાય. તુરંત થતી હાનિ કેવી રીતે અટકાવી શકાય? તમે જાતે પ્લેટફોર્મ ઉપરથી કન્ટેન્ટ ઉતારી શકો તેમ નથી. તુરંતના પગલા લેવા માટે શું પ્રાવધાન છે? રાજ્ય સરકાર વતી કહેવાયું હતું કે, એક હજાર ફરિયાદમાંથી માત્ર 14 ફરિયાદનો જ પ્લેટફોર્મ પ્રોવાઈડરે જવાબ આપ્યો હતો. વળી X સહયોગ પોર્ટલ સાથે સંકળાયેલ નથી. આથી એક યોગ્ય મિકેનિઝમ બનાવવાની જરૂર છે. સોશિયલ મીડિયા જ્યારે IT મંત્રાલય અંતર્ગત આવે છે ત્યારે હવે કોર્ટ પ્લેટફોર્મ પ્રોવાઈડરને નિયમો પાળવા હુકમ કરી શકે છે.

ગત સુનવણીમાં રજૂઆત કરાઈ હતી કે બંધારણીય હોદ્દેદારોના પણ મોટા પાયે AI જનરેટેડ અને ડિપફેક વીડિયો તેમજ ફોટા બની રહ્યા છે. તેનાથી પદ અને પ્રતિષ્ઠામાં ઘટાડો થાય છે અને લોકોનો વિશ્વાસ ઘટે છે. ત્યારે IT એક્ટ અંતર્ગત રાજ્ય સરકારે તેની ઉપર નિયમો બનાવવા જરૂરી છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599




